नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

आगम- १०

# પ્રશ્નવ્યાકરણ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]


'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ- ૧૦

**नमो नमो निम्मलदंसणस्स**

**बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:**

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૧૦) પ્રશ્નવ્યાકરણ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., શ્રુતમહર્ષિ]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ४५ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૧૦ 'પ્રશ્નવ્યાકરણ'

## અંગસૂત્ર- ૧૦ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?



| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | આશ્રવ દ્વાર | | | સંવર દ્વાર | |
| ૦૧ | અધ્યયન- ૧ | ૦૬ | ૦૬ | અધ્યયન- ૧ | ૩૩ |
| ૦૨ | અધ્યયન- ૨ | ૧૩ | ૦૭ | અધ્યયન- ૨ | ૩૭ |
| ૦૩ | અધ્યયન- ૩ | ૧૭ | ૦૮ | અધ્યયન- ૩ | ૪૦ |
| ૦૪ | અધ્યયન- ૪ | ૨૪ | ૦૯ | અધ્યયન- ૪ | ૪૨ |
| 05 | અધ્યયન- ૫ | ૩૦ | ૧૦ | અધ્યયન- ૫ | ૪૫ |

મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | -1- **आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ. | 02 |
| | -2- **आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | -3- **आगममञ्जूषा मूल प्रत.** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English | [11] | | -3- **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | -4- **आगमिय सूक्तावली** | 01 |
| | -5- **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम** मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम** मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ | 85 |

1-આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518

2-આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૧૦] પ્રશ્નવ્યાકરણ
## અંગસૂત્ર–૧૦– ગુજરાતી ભાવાનુવાદ

## આશ્રવદ્ધાર

**સૂત્ર–૧**

તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. ત્યાં વનખંડમાં ઉત્તમ અશોકવૃક્ષ હતું, ત્યાં પૃથ્વીશિલાપટ્ટક હતો. તે ચંપાનગરીમાં કોણિક રાજા હતો, ધારિણી રાણી હતા.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય, આર્ય સુધર્મા નામે સ્થવિર હતા. તેઓ જાતિ–કુળ–બળ–રૂપ–વિનય–જ્ઞાન–દર્શન–ચારિત્ર–લજ્જા અને લાઘવથી સંપન્ન હતા. ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી હતા. ક્રોધ–માન–માયા–લોભ–નિદ્રા–ઈન્દ્રિય અને પરીષહના વિજેતા હતા. જીવિતની આશા અને મરણના ભયથી મુક્ત, તપ–ગુણ–મુક્તિ–વિદ્યા–મંત્ર–બ્રહ્મચર્ય–નય–નિયમ–સત્ય–શૌચ–જ્ઞાન–દર્શન અને ચારિત્રમાં પ્રધાન હતા. ચૌદપૂર્વી, ચાર જ્ઞાનથી યુક્ત, ૫૦૦ અણગાર સાથે પરીવરેલ, પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ જતા, ચંપાનગરીએ આવ્યા. યાવત્ યથા–પ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરી, સંયમ–તપથી આત્માને ભાવતા વિચરે છે.

તે કાળે, તે સમયે આર્ય સુધર્માના શિષ્ય, આર્ય જંબૂ નામક અણગાર, કાશ્યપગોત્રીય, સાત હાથ ઊંચા યાવત્ સંક્ષિપ્ત–વિપુલ તેજોલેશ્યી, આર્ય સુધર્મા સ્થવિરની થોડે જ દૂર, ઊર્ધ્વજાનૂ કરી યાવત્ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

ત્યારે તે આર્ય જંબૂના મનમાં શ્રદ્ધા–સંશય–કુતૂહલ જન્મ્યા, શ્રદ્ધા–સંશય અને કુતુહલ ઉત્પન્ન થયા, શ્રદ્ધા–સંશય અને કુતુહલ સંજાત થયા. શ્રદ્ધા–સંશય અને કુતુહલ સમુત્પન્ન થયા. તે શ્રદ્ધા–સંશય અને કુતુહલ વડે, ઉત્થાનથી ઊઠીને આર્ય સુધર્મા પાસે આવ્યા, આવીને આર્ય સુધર્માને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વંદન–નમન કર્યા, અતિ નિકટ કે દૂર નહીં તેમ વિનયથી અંજલિ જોડીને પર્યુપાસના કરતા પૂછ્યું –

ભંતે ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવંત મહાવીરે, નવમાં અંગ અનુત્તરોપપાતિકદશાનો આ અર્થ કહ્યો છે, તો દશમાં અંગ પ્રશ્ન વ્યાકરણનો ભગવંતે શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! દશમાં અંગના ભગવંતે બે શ્રુતસ્કંધ કહ્યા છે – આશ્રવદ્ધાર અને સંવરદ્ધાર.

ભંતે ! પહેલા શ્રુતસ્કંધના ભગવંતે કેટલા અધ્યયનો કહ્યા છે ? હે જંબૂ ! પાંચ અધ્યયન કહ્યા છે. બીજા શ્રુતસ્કંધના પણ ભગવંતે પણ પાંચ જ અધ્યયન કહ્યા છે.

ભંતે ! આ આસ્રવ અને સંવરનો ભગવંતે શો અર્થ કહ્યો છે ? ત્યારે સુધર્માસ્વામીએ, જંબૂ અણગારને કહ્યું –

**સૂત્ર–૨**

હે જંબૂ ! આ આશ્રવ અને સંવરનો સારી રીતે નિશ્ચય કરાવનાર પ્રવચનનો સાર હું કહીશ, જે અર્થ મહર્ષિ, તીર્થંકર અને ગણધરો વડે નિશ્ચિત કરાયેલ છે અને સમીચીનરૂપે કહેવાયેલ છે.

## આશ્રવદ્ધાર, અધ્યયન–૧ ' હિંસા'

**સૂત્ર–૩**

જિનેશ્વરોએ જગતમાં અનાદિ આસ્રવને પાંચ ભેદે કહ્યો છે – હિંસા, મૃષા, અદત્ત, અબ્રહ્મ અને પરિગ્રહ.

**સૂત્ર–૪**

પ્રાણવધરૂપ આશ્રવ જેવો છે, તેના જે નામો છે, જે પ્રકારે અને જે પાપીઓ દ્ધારા તે કરાયછે, તે જેવું ફળ આપે

છે, જે રીતે તે કરાય છે, તેને તમે સાંભળો.

સૂત્ર–૫

જિનેશ્વર ભગવંત દ્વારા 'પ્રાણવધ' આ પ્રમાણે કહ્યો છે – પાપરૂપ, ચંડ, રુદ્ર, ક્ષુદ્ર, સાહસિક, અનાર્ય, નિર્ઘૃણ, નૃશંસ, મહાભય, પ્રતિભય, અતિભય, બિહામણો, ત્રાસજનક, અન્યાય, ઉદ્વેગજનક, નિરપેક્ષ, નિર્ધર્મ, નિષ્પિપાસ, નિષ્કરુણ, નરકાવાસગમન–નિધન, મોહમહાભય પ્રવર્ત્તક, મરણ વૈમનસ્યરૂપ. આ પ્રથમ અધર્મ દ્વારનું સ્વરૂપ છે.

સૂત્ર–૬

પ્રાણવધરૂપ હિંસાના ગુણવાચક આ ૩૦–નામો છે. જેમ કે – પ્રાણવધ, શરીરથી પ્રાણનું ઉન્મૂલન, અવિશ્વાસ, હિંસાવિહિંસા, અકૃત્ય, ઘાતકારી, મારણ, વધકારી, ઉપદ્રવકારી, અતિપાતકારી, આરંભસમારંભ, આયુકર્મનો ઉપદ્રવ–ભેદ–નિષ્ઠાપના–ગાલના–સંવર્તક–સંક્ષેપ, મૃત્યુ, અસંયમ, કટકમર્દન, વ્યુપરમણ, પરભવ સંક્રામણકારક, દુર્ગતિપ્રપાત, પાપકોપ, પાપલોભ, છવિચ્છેદ, જીવિત અંત:કરણ, ભયંકર, ઋણકર, વજ, પરિતાપન આસ્રવ, વિનાશ, નિર્યાપના, લુંપના, ગુણવિરાધના. ઈત્યાદિ કલેશયુક્ત પ્રાણવધના કટુ ફળના નિર્દેશક આ ૩૦ નામો છે.

સૂત્ર–૭

કેટલાક પાપી, અસંયત, અવિરત, તપશ્ચર્યા અનુષ્ઠાન રહિત, અનુપશાંત પરિણામવાળા, મન–વચન–કાયાના દુષ્ટ પરિણામવાળા, ઘણા પ્રકારે બીજાને દુ:ખ પહોંચાડવામાં આસક્ત, આ ત્રસ–સ્થાવર જીવો પ્રતિ દ્વેષ રાખનારા, અનેક પ્રકારે ભયંકર પ્રાણવધ–હિંસા કરે છે.

તે ક્યા જીવોની હિંસા કરે છે ?

પાઠીન, તિમિ, તિમિંગલાદિ અનેક પ્રકારની માછલી, વિવિધ જાતિના દેડકા, બે પ્રકારના કાચબા, બે પ્રકારે મગર, ગાહ, દિલિવેષ્ટ, મંડુક, સીમાકાર, પુલક, સુંસુમારાદિ ઘણા પ્રકારના જલચર જીવોનો ઘાત કરે છે.

કુરંગ–હરણ, રુરુ, સરભ, ચમર–નીલગાય, સંબર–સાબર, ઉરભ્ર–ઘેંટા, શશક–સસલા, પસય, ગોણ–બળદ, રોહીત, ઘોડા, હાથી, ગધેડા, ઊંટ, ગેંડા, વાંદરા, રોઝ, વરુ, શિયાળ, ગીધડ, શૂકર, બિલાડી, કોલ, શૂનક, શ્રીકંદલક, આવર્ત્ત, કોકંતક, ગોકર્ણ, મૃગ, ભેંસ, વાઘ, બકરા, દ્વીપિક, શ્વાન, તરક્ષ, જરખ, રીંછ, સિંહ, કેસરીસિંહ, ચિત્તલ–ચિત્તા, ઈત્યાદિ ચતુષ્પદનો ઘાત–હિંસા કરે છે.

અજગર, ગોણસ–ફેણ વગરના સર્પ, વરાહિ–દ્દષ્ટિવિષ સર્પ, મુકુલિક, કાકોદર, દર્વીકર, આસાલિક, મહોરગાદિ આવા બીજા પણ સર્પોનો ઘાત કરે છે.

ક્ષીરલ, સરંબ, સેહી–શેળો, શેલ્લક, ગોહ–ચંદન ઘો, ઘોયારો, ઉંદર, નકુલ, કાંચીડો, જાહક, ગીલોળી, છછુંદર, ગિલહરી, વાતોત્પતિકા, છિપકલી આદિ આવા અનેકનો ઘાત કરે.

કાદંબક, હંસ, બગલો, બલાક, સારસ, આડાસેતીય, કુલલ, વંજુલ, પરિપ્લવ, પોપટ, તીતર, દીપિકા, શ્વેતહંસ, ધાર્તરાષ્ટ્ર, ભાસક, કુટીક્રોશ, ક્રૌંચ, દકતુંડક, ઢેલિયાણક, સુઘરી, કપિલ, પિંગલાક્ષ, કારંડક, ચક્રવાક, ઉક્કોસ, ગરુડ, પિંગુલ, શુક, મયુર, મેના, નંદીમુખ, નંદીમાનક, કોરંગ, ભૃંગારક, કુણાલક, ચાતક, તિત્તિર, વર્તક, લાવક, કપિંજલ, કબૂતર, પારાપત, પરેવા, ચકલી, ઢિંક, કુકડા, વેસર, મયૂર, ચકોર, હૃદપુંડરીક, કરક, ચીલ, બાજ, કાગડો, વિહગ, શ્વેત ચારસ વલ્ગુલી, ચમગાદડ, વિતતપક્ષી, સમુદ્ગપક્ષી ઈત્યાદિને મારે છે.

જળ–સ્થળ–આકાશચારી પંચેન્દ્રિય પ્રાણી, બે–ત્રણ–ચાર ઈન્દ્રિયવાળા વિવિધ જીવ જેમને જીવિતપ્રિય છે, મરણ દુ:ખપ્રતિકૂળ છે તો પણ સંક્લિષ્ટ કર્મવાળો પાપી, તે બિચારા પ્રાણીને હણે છે.

અનેક કારણોથી હિંસા કરાય છે, તે કારણો ક્યા છે ? તે જણાવે છે–

ચામડું, ચરબી, માંસ, મેદ, લોહી, યકૃત, ફેફસાં, મગજ, હૃદય, આંતરડા, પિત્તાશય, ફોફસ, દાંત, હાડકાં, મજ્જા, નખ, નેત્ર, કાન, સ્નાયુ, નાક, ધમની, શીંગડા, દાઢ, પીછા, વિષ, વિષાણ અને વાળ માટે હિંસા કરે છે.

તથા રસાસક્ત મનુષ્ય ભ્રમર અને મધમાખીની હિંસા કરે છે. તે રીતે જ શરીરાદિ કારણે તેઇન્દ્રિય જીવોનું, વસ્ત્રો માટે અનેક બેઇન્દ્રિય જીવોનું અને બીજા પણ અનેક શત કારણોથી તે અબુધ આવા અનેક ત્રસ–પ્રાણ જીવોની હિંસા કરે છે.

આ ઘણા એકેન્દ્રિય જીવોનું, જે ત્રસ કે અન્યના આશ્રયે રહેલા હોય તેના સૂક્ષ્મ શરીરનો તે હીન બુદ્ધિવાળા અજ્ઞાની જીવો સમારંભ–ઘાત કરે છે. આ પ્રાણીઓ અત્રાણ, અશરણ, અનાથ, અબાંધવ, કર્મબેડીથી બદ્ધ હોય છે. અકુશલ પરિણામવાળા, મંદબુદ્ધિ લોકો–આ પૃથ્વીકાય તથા પૃથ્વી આશ્રિત પ્રાણીને જાણતા નથી. તે જ રીતે તેઓ, જલકાયિક–જલગત, અગ્નિ–વાયુ–વનસ્પતિ કે તેની નિશ્રાએ રહેલ જીવોને જાણતા નથી.

આ પૃથ્વી આદિ આશ્રયે રહેલ જીવો, તે પૃથ્વી આદિમય હોય છે, તેનો જ આહાર કરે છે. તત્પરિણત વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–શરીરરૂપ હોય છે. તેઓ આંખથી દેખાતા કે ન દેખાતા હોય, એવા અસંખ્ય ત્રસકાયિક જીવો અને અનંત સૂક્ષ્મ, બાદર, પ્રત્યેક અને સાધારણ શરીરી સ્થાવરકાયોની જાણતા–અજાણતા હિંસા કરે છે.

કયા વિવિધ કારણોથી તે જીવોને હણે છે ? તે જણાવે છે–

કૃષિ, પુષ્કરિણી, વાવડી, ક્યારી, કૂવા, સરોવર, તળાવ, ચિત્તિ, વેદિકા, ખાઈ, બગીચા, વિહાર, સ્તૂપ, પ્રાકાર, દ્વાર, ગોપુર, અટારી, ચરિકા, પુલ, સંક્રમ, પ્રાસાદ, વિકલ્પ, ભવન, ગૃહ, ઝૂંપડી, લયન, દુકાન, ચૈત્ય, દેવકુલ, ચિત્રસભા, પરબ, આયતન, આવસથ, ભૂમિગૃહ, મંડપ આદિ માટે તથા ભાજન, ભાંડ, ઉપકરણ આદિને માટે તે મંદબુદ્ધિકો પૃથ્વીકાયની હિંસા કરે છે.

સ્નાન, પાન, ભોજન, વસ્ત્ર ધોવા, શૌચાદિ માટે અપ્‌કાય જીવોની હિંસા કરે છે. પચન–પાચન, સળગાવવું, પ્રકાશ કરવો તે માટે અગ્નિકાય જીવોની હિંસા કરે છે. સૂર્પ, વીંઝણો, તાલવૃંત, મયુરપંખ, હથેળી, મુખ, શાકપત્ર, વસ્ત્રાદિથી વાયુકાયના જીવોની હિંસા કરે છે.

ઘર, પરિવાર, ભક્ષ્ય, ભોજન, શયન, આસન, ફલક, મુસલ, ઓખલી, તત–વિતત–આતોદ્ય, વહન–વાહન, મંડપ, વિવિધ ભવન, તોરણ, વિડંબ, દેવકુલ, જાલક, અર્દ્ધચંદ્ર, નિર્યૂહક, ચંદ્રશાળા, અટારી, વેદી, નિઃસરણી, ચંગેરી, ખૂંટી, સ્તંભ, સભાગાર, પરબ, આવસથ, મઠ, ગંધ, માલા, વિલેપન, વસ્ત્ર, યુગ, હળ, મતિક, કુલિક, સ્યંદન, શિબિકા, રથ, શકટ, યાન, યુગ્ય, ચરિકા, અટ્ટાલિકા, પરિઘ, ફાટક, આગળીયો, અરહટ, શૂળી, લાકડી, મુસુંઢી, શતઘ્ની, ઘણા પ્રહરણ, આવરણ, ઉપકરણ બીજા આવા અનેકશત કારણોથી વનસ્પતિકાયના જીવોની હિંસા કરે છે.

જે શક્તિમાન કે શક્તિહીન છે, તે દઢમૂઢ, દારુણ મતિવાળા જીવો સત્વહીન એવા પૃથ્વીકાય આદિ જીવોની હિંસા કરે છે. તે મંદબુદ્ધિ, ક્રોધ–માન–માયા–લોભ–હાસ્ય–રતિ–અરતિ–શોક–વેદનાં અનુષ્ઠાનના અર્થી, જીવન માટે, કામ માટે –અર્થ માટે–ધર્મ માટે માટે; સ્વવશ કે પરવશ થઈને પ્રયોજનથી કે પ્રયોજન વિના ત્રસ, સ્થાવરની હિંસા કરે છે. આવી હિંસા કરનાર મંદબુદ્ધિ છે.

તેઓ સ્વવશ, પરવશ કે બંને રીતે હણે છે. પ્રયોજનથી, પ્રયોજન વિના કે બંને રીતે હણે છે. હાસ્ય, વૈર, રતિ કે ત્રણે કારણે હણે છે. ક્રોધ–લુબ્ધ–મુગ્ધ થઈ કે ત્રણે કારણે હણે છે. અર્થ–ધર્મ–કામથી કે આ ત્રણે કારણે હણે છે.

સૂત્ર–૮ અધૂરું....

તે હિંસક પ્રાણી કોણ છે ?

જે તે શૌકરિક, મત્સ્યબંધક, શાકુનિક, વ્યાધ, ક્રૂરકર્મી, વાગુરિકો, દ્વીપિક; જેઓ મૃગ આદિને મારવા માટે બંધન પ્રયોગ, આદિ ઉપાય કરનાર, માછલી પકડવા માટે તપ્ર, ગલ, જાલ, વીરલ્લક, લોહજાલ, દર્ભ, કૂટપાશ આદિ હાથમાં લઈને ફરનારા હરિકેશ, શાકુનિક, બાજપક્ષી તથા જાલને હાથમાં રાખનાર, વનચર, મધમાખીનો ઘાત કરનાર, પોતઘાતમાં લુબ્ધક, મૃગના આકર્ષવા મૃગ પાળનારા, સરોવર–દ્રહ–વાપી–તળાવ–પલ્લવને ખાલી કરાવનારા તથા

પાણી કાઢીને કે પાણી આવવાનો માર્ગ રોકીને સરોવર, દ્રહ આદિ જળાશયને સૂકવનાર, વિષ કે ગરલ દેનારા, ઘાસ કે ખેતરને નિર્દયતાથી સળગાવનાર, ક્રૂરકર્મ કરનારા આ ઘણી મ્લેચ્છ જાતિઓ છે.

આ મ્લેચ્છ જાતિઓ કોણ છે?

શક, યવન, શબર, બબ્બર, કાય, મુરુંડ, ઉદ, ભડક, તિત્તિક, પકવણિક, કુલાક્ષ, ગૌડ, સિંહલ, પારસ, ક્રૌંચ, આંધ્ર, દ્રવિડ, વિલ્વલ, પુલિંદ, આરોષ, ડૌંબ, પોકણ, ગાંધાર, બહલીક, જલ્ล, રોમ, માસ, બકુશ, મલય, ચુંચુક, ચૂલિક, કોંકણ, મેદ, પણ્હવ, માલવ, મહુર, આભાષિક, અણકા, ચીન, લ્હાસિક, ખસ, ખાસિક, નેહુર, મરહટ્ઠ, મૌષ્ટિક, આરબ, ડોબલિક, કુહણ, કૈકય, હૂણ, રોમક, રુરુ, મરુક, ચિલાત, આ દેશોની નિવાસી, જે પાપમતિવાળા છે, તેઓ હિંસામાં પ્રવૃત્ત રહે છે.

તે પૂર્વોક્ત વિવિધ જાતિના લોકો તેમજ તે સિવાયનાઓ, જે જલચર, સ્થલચર, સનખપાદ, ઉરગ, નભશ્ચર, સંડાસી જેવી ચાંચવાળા આદિ જીવોનો ઘાત કરીને જીવનાર, તેઓ સંજ્ઞી, અસંજ્ઞી, પર્યાપ્તાને તથા આવા બીજાને આ અશુભલેશ્યા પરિણામીઓ હણે છે. તે પાપી, પાપાભિગમી, પાપરૂચી, પ્રાણવધ કરનારા, પ્રાણવધરૂપ અનુષ્ઠાનકર્તા, પ્રાણવધ કથામાં અભિરમણથી તુષ્ટ તે. ઘણા પ્રકારે પાપ કરે છે.

તે પાપના ફળ–વિપાકને ન જાણતા અતિ ભયાનક, નિરંતર દુખદ વેદનાવાળી, દીર્ઘકાળ પર્યન્ત દુઃખ વ્યાપ્ત, નરકયોનિ અને તિર્યંચ યોનિયોગ્ય ભવોની વૃદ્ધિ કરે છે.

તે હિંસક અને પાપીજનો, અહીં આયુ–ક્ષયથી ચ્યવીને, અશુભકર્મ બહુલતાથી સીધા નરકમાં ઉપજે છે.

તે નરક, ઘણી વિશાળ, વજ્રમય ભીંતવાળી, છિદ્ર–દ્વાર રહિત, મૃદુતા રહિત ભૂમિ, કઠોર છે, અતિ કઠોર છે. તે નરકરૂપી કારાગૃહ વિષમ છે.

તે નરક મહાઉષ્ણ, તપ્ત, દુર્ગંધી, લોકોને સદૈવ ઉદ્વેગકારી, બિભત્સ દર્શનીય, નિત્ય હિમપટલ શીતલ, કાળી લાગતી, ભયંકર, ગંભીર, રોમાંચ ઊભી કરી દેનારી, અરમણીય, નિષ્પ્રતિકાર વ્યાધિ–રોગ–જરાથી પીડિત, અતીવ નિત્ય અંધકાર તમિસ્રને કારણે ભયાનક, ગ્રહ–ચંદ્ર–સૂર્ય–નક્ષત્રની જ્યોતિ રહિત, મેદ–ચરબી–માંસના ઢગલાથી યુક્ત, પરુ–રુધિર વહેવાથી ભીની–ચીકણી–કીચડ જેવી ભૂમિ છે.

ત્યાંનો સ્પર્શ બળતી એવી લીંડીનો અગ્નિ કે ખૈરના અગ્નિ સમાન ઉષ્ણ, તલવાર–અસ્ત્રો કે કરવતની ધાર સમાન તીક્ષ્ણ, વીંછીના ડંખથી અધિક વેદનાદાયી અને અતિ દુસ્સહ છે. તે નારકો. અત્રાણ, અશરણ, કટુક દુઃખ–પરિતાપક છે. ત્યાં અનુબદ્ધ નિરંતર વેદના છે. ત્યાં પરમાધામી દેવો વ્યાપ્ત છે. નારક જીવો અંતર્મુહૂર્તમાં ભવપ્રત્યયિક લબ્ધિથી તેમનું શરીર રચે છે. જે હુંડ, બિભત્સદર્શનીય, બિભત્સ, હાડકા–સ્નાયુ–નખ–રોમ વર્જિત, અશુભ અને દુઃખરૂપ વેદના હોય છે. ત્યાં ૧૫ પ્રકારના પરમાધામી દેવો, નારકીઓને ભયંકર યાતના આપે છે.

તે પાપી નારકી જીવ ઉત્પન્ન થતા જ ભવપ્રત્યયિક લબ્ધિથી અંતર્મુહુર્તમાં જ શરીર નિર્માણ કરી લે છે.તેનું શરીર હુંડ સંસ્થાન, જોવામાં બીભત્સ, ભયાનક, અસ્થી–નખ–નસ–રૂંવાટા રહિત, અશુભ અને દુખસહા હોય છે.

શરીર નિર્માણ પછી, પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ, પાંચે ઇન્દ્રિયોથી અશુભ વેદના વેદે છે. તે વેદના–ઉજ્જ્વલ, બલવતી, વિપુલ, ઉત્કટ, પ્રખર, પરુષ, પ્રચંડ, ઘોર, ડરાવણી અને દારુણ હોય છે.

નારકો જે વેદના ભોગવે છે તે કેવી છે ?

કંદુ–મહાકુંભીમાં પકાવાય અને ઉકાળાય છે, તવા ઉપર શેકાય છે, ભૂંજાય છે, લોઢાની કડાઈમાં ઉકાળાય છે, બલિ ચડાવતા હોય તેમ તેના ટૂકડે–ટૂકડા કરાય છે. લોઢાના તીક્ષ્ણ શૂળ જેવા કાંટાળા શાલ્મલી વૃક્ષના કાંટામાં અહીં–તહીં ઘસાડાય છે, લાકડાની જેમ વિદારાય છે, અવકોટક બંધન, સેંકડો લાઠીથી પ્રહાર, ગળામાં ગાળિયો બાંધી લટકાવવા, શૂળ વડે ભેદવા, ખોટા આદેશથી ઠગવા, ખિંસા વડે અવમાનના, પૂર્વભવના પાપોની ઘોષણા કરી વધભૂમિમાં ઘસડી જવો અને સેંકડો પ્રકારના દુઃખ તેને આપવામાં આવે છે.

સૂત્ર–૮ અધૂરેથી....

આ પ્રકારના નારક જીવો પૂર્વકર્મના સંચયથી સંતપ્ત, મહાઅગ્નિ સમાન નરકાગ્નિની તીવ્રતા સાથે સળગતો રહે છે. તે જીવ ગાઢ દુઃખ–મહાભય–કર્કશ, શારીરિક–માનસિક બંને અશાતા વેદનાને તે પાપકર્મકારી ઘણા પલ્યોપમ–સાગરોપમ સુધી વેદે છે. તેઓ કરુણાજનક અને દીન અવસ્થામાં રહે છે, યમકાયિક દેવોથી ત્રાસિત રહે છે, ભયભીત રહી શબ્દ અવાજો. કરે છે.

તે કઈ રીતે અવાજો કરે છે? તે કહે છે–

હે અજ્ઞાતબંધુ ! હે સ્વામી ! ભ્રાતા ! બાપ ! તાત ! જિતવાન્ ! મને છોડી દો. મરી રહ્યો છું, દુર્બલ છું, હું વ્યાધિ પીડિત છું. તમે અત્યારે આવા દારુણ અને નિર્દય કેમ છો ? મને મારો નહીં, મુહૂર્તભર શ્વાસ તો લેવા દો. કૃપા કરો. રોષ ન કરો. વિશ્રામ તો લઉં, મારુ ગળુ છોડી દો, હું મરી રહ્યો છું, હું તરસથી પીડિત છું, મને પાણી આપો.

ત્યારે નરકપાલ કહે છે –

આ વિમળ શીતલ જળ લે, એમ કરીને ઉકળતા શીશાનો રસ તે નારકના મોઢામાં રેડી દે છે. તે નરકપાલને જોઈને જ તેના અંગોપાંગ કાંપે છે, નેત્રોથી આંસુ ટપકે છે. પાછો તે કહે છે – મારી તૃષા શાંત થઈ ગઈ. આવા કરુણ વચનો બોલતો, ચારે દિશા–દિશિમાં જોવા લાગે છે. તે અત્રાણ, અશરણ, અનાથ, અબાંધવ, બંધુથી વંચિત, ભયથી ઉદ્વિગ્ન થઈને મૃગની જેમ નાસવા માંડે છે. ભાગતા એવા તેને કોઈ કોઈ અનુકંપા વિહિત યમકાયિક ઉપહાસ કરતા, તેને બળથી પકડી લે છે.

નિર્દય અને હાંસી કરતા પરમાધામી દેવો, ભાગતા એવા તે નારક જીવોને પકડીને, તેમના મુખને લોઢાના ડંડાથી ખોલી ઉકળતું શીશુ નાંખે છે, તેનાથી તે દાઝતો ભયાનક આર્ત્તનાદ કરે છે. કબૂતરની માફક તે કરુણાજનક આક્રંદન કરે છે, રડે છે, ચીત્કારતો અશ્રુ વહાવે છે, વિલાપ કરે છે. નરકપાલ તેને રોકીને બાંધી દે છે. ત્યારે આર્ત્તનાદ કરે છે, હાહાકાર કરતા બબડે છે. ત્યારે નરકપાલ કુપિત થઈ, તેને ઊંચા ધ્વનિથી ધમકાવે છે. કહે છે – પકડો, મારો, છેદો, ભેદો, ચામડી ઉતારો, નેત્ર ખેંચી લો, કાપો, ટૂકડા કરો, વારંવાર હણો, વિશેષ હણો, મુખમાં શીશું રેડો, ઉઠાવીને પટકો, ઘસેડો. આવું આવું કહીને નરકપાલો તેમને વધુને વધુ દુઃખ આપે છે.

પછી કહે છે – બોલતો કેમ નથી ? તારા પાપકર્મો અને દુષ્કૃતો યાદ કર. આ રીતે નરકપાલના કર્કશ ધ્વનિની ત્યાં પ્રતિધ્વનિ થાય છે, આ શબ્દ સંકુલ નારકને સદા ત્રાસદાયી હોય છે, જેમ કોઈ મહાનગરમાં આગ લાગતા ઘોર શબ્દ થાય છે, તેમ નિરંતર યાતના ભોગવતા નારકોનો અનિષ્ટ ઘોષ ત્યાં સંભળાય છે.

તે યાતનાઓ કેવી છે ? તે કહે છે–

અસિતિક્ષ્ણ ધાર સમાન પાંદડાવાળું. વન, દર્ભવન, યંત્રપ્રસ્તર, સોય, તલ, ક્ષાર, વાવ, ઉકળતા શીશાથી ભરેલ વૈતરણી, કદંબવાલુકા, જલતી ગુફામાં રુંધવા, ઉષ્ણોષ્ણ–કંટકાકીર્ણ દુર્ગમ ઉબડખાબડ માર્ગમાં રથમાં જોડીને ચલાવે છે. લોહમય માર્ગમાં ચલાવે છે અને ભારે ભાર વહન કરાવાય છે.

નારકોમાં પરસ્પર તીવ્ર વેરભાવ હોવાથી અશુભ વૈક્રિય લબ્ધિથી બનાવેલા વિવિધ સેંકડો શસ્ત્રોથી વેદના પરસ્પર વેદના ઉદીરે છે. આ વિવિધ પ્રકારના આયુધો કયા ક્યા છે ? તે શસ્ત્ર આ પ્રમાણે–

મુદ્‌ગર, મુસુંઢી, કરવત, શક્તિ, હળ, ગદા, મૂસલ, ચક્ર, કુંત, તોમર, શૂળ, લાઠી, ભિંડિમાર, સદ્ધલ, પટ્ટિસ, ચર્મેષ્ટ, દ્રુઘણ, મૌષ્ટિક, અસિ, ફલક, ખડ્‌ગ, ચાપ, નારાચ, કનક, કર્ત્તિકા, વસૂલા, પરશુ, ટંક. આ બધાં શસ્ત્ર તીક્ષ્ણ અને નિર્મલ છે. આ અને આવા પ્રકારના અન્ય વૈક્રિય શસ્ત્રો વડે પણ પરસ્પર તીવ્ર વેદનાથી ઉદીરણા કરે છે.

તેમાં મુદ્‌ગર પ્રહારથી ચૂર્ણ, મુસુંઢીથી ભાંગવું, દેહનું મથન, યંત્રોથી પીડન કરાતા ફડફડાતા તેના શરીરના ટૂકડે–ટૂકડા કરાય છે. કેટલાકને ચામડી સહિત વિકૃત કરાય છે, કાન–હોઠ–નાક–પગ સમૂલ કાપી નંખાય છે. તલવાર, કરવત, તીક્ષ્ણ ભાલા અને ફરસીથી ફાડી દેવાય છે, વસુલાથી છોલાય છે, શરીરે ઉકળતું–ખારું જળ સિંચાય

છે, જેનાથી શરીર બળે છે. ભાલાની અણીથી ભેદાય છે, સર્વ શરીર જર્જરીત કરાય છે. તેનું શરીર સૂઝી જાય છે અને તે નારકો પૃથ્વી ઉપર લોટવા માંડે છે.

નરકમાં મદોન્મત્ત, સદા ભૂખથી પીડિત, ભયાવહ, ઘોર ગર્જના કરતા, ભયંકર રૂપવાળા ભેડીયા, શિકારી, કૂતરા, ગીધડ, કાગડા, બિલાવ, અષ્ટાપદ, ચિત્તા, વાઘ, શાર્દુલ, સિંહ નારકો ઉપર આક્રમણ કરે છે. મજબૂત દાઢોથી શરીરને કાપે છે, ખેંચે છે, અતિ તીક્ષ્ણ નખોથી ફાડે છે. પછી ચોતરફ ફેંકી દે છે. નારકોના શરીર બંધન ઢીલા પડે છે, અંગોપાંગ વિકૃત અને પૃથક્ થઈ જાય છે. પછી દ્દઢ અને તીક્ષ્ણ દાઢો, નખો અને લોઢા જેવી અણીયાળી ચાંચવાળા કંક, કુરર, ગીધ આદિ પક્ષી તથા ઘોર કષ્ટ દેનારા કાકપક્ષીના ઝુંડ કઠોર–દ્દઢ–સ્થિર લોહમય ચાંચોથી નારકો ઉપર ઝપટે છે. પાંખોથી આઘાત આપે છે, તીક્ષ્ણ નખોથી જીભ બહાર ખેંચી લે છે, આંખો કાઢી લે છે. નિર્દયતાથી તેમનું મુખ વિકૃત કરી દે છે. આવી યાતનાથી પીડિત તે નારકો રડે છે, ઉછળે છે, નીચે પડે છે, ભ્રમણ કરે છે.

તે નારકી જીવો પૂર્વ–ઉપાર્જિત કર્મોદયને આધીન, પશ્ચાત્તાપની આગથી બળતા, ત્યાં–ત્યાં, તે–તે પૂર્વકૃત્ કર્મોને નીંદતા, અત્યંત ચીકણા, મુશ્કેલીથી છૂટતા દુઃખોને અનુભવીને, પછી આયુક્ષયથી નરકથી નીકળીને ઘણા જીવો તિર્યંચ યોનિમાં ઉપજે છે, ત્યાં પણ અતિ દુઃખી, દારુણ, જન્મ–મરણ–જરા–વ્યાધિરૂપ અરઘટ્ટમાં ફરે છે. તે જલચર, સ્થલચર, ખેચરના પરસ્પર ઘાત–પ્રત્યાઘાતના પ્રપંચ ચાલતા રહે છે. તિર્યંચગતિના દુઃખ તો જગતમાં પ્રત્યક્ષ છે. નરકમાંથી નીકળીને તે બિચારા જીવો, આ પ્રગટ દુઃખોને દીર્ઘકાળ પામે છે.

તે તિર્યંચ યોનિના દુઃખ કેવા છે ?

શીત, ઉષ્ણ, તરસ, ભૂખ, વેદનાનો અપ્રતિકાર, અટવીમાં જન્મ, નિત્ય ભયથી ગભરાવું, જાગરણ, વધ, બંધન, તાડન, અંકન, નિપાતન, અસ્થિભંજન, નાકછેદન, પ્રહાર, દુર્મન, છવિચ્છેદ, અભિયોગ, પાવનક, અંકુશાદિથી દમન, ભારવહનાદિ અનેક પ્રકારના દુઃખ તિર્યંચ યોનિમાં સહન કરવા પડે છે.

માતા–પિતાનો વિયોગ, શોકથી અતિ પીડાવું, શસ્ત્ર–અગ્નિ–વિષથી આઘાત, ગરદન અને શીંગડાનું વળી જવું, મરણ, ગલ કે જાલમાં ફસાઈને બહાર નીકળવું, પકાવું, કપાવું, જાવજ્જીવ બંધન, પીંજરે પડવું, સ્વયૂથથી કાઢી મૂકવું, ધમણ, દોહવાવું, ગળે દંડો બંધાવો, વાડામાં ઘેરાવું, કીચડવાળા પાણીમાં ડૂબવું, જળમાં ઘૂસેડાવું, ખાડામાં પડતા અંગ–ભંગ થવા, વિષમ માર્ગે પડવું, દાવાનળની જ્વાળામાં બળવું વગેરે અનેક કષ્ટોથી ભરેલા દુઃખો તે બિચારા જીવો, તિર્યંચગતિમાં ભોગવે છે.

આ રીતે તે હિંસાનું પાપ કરનારા પાપી, સેંકડો પીડાથી પીડાઈ, નરકથી આવી, પંચેન્દ્રિય ગતિમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પ્રમાદ–રાગ–દ્વેષને કારણે બહુ સંચિત અને અવશેષ કર્મોના ઉદયવાળા અત્યંત કર્કશ અશાતાદાયી વેદનાથી દુઃખપાત્ર થાય છે.

સૂત્ર–૮ અધૂરેથી....

ચાર ઈન્દ્રિયવાળા–ભ્રમર, મશક, માખી આદિ પર્યાયોમાં, તેની નવ લાખ જાતિ–કુલકોટિઓમાં વારંવાર જન્મ–મરણને અનુભવતા, તેઓ સંખ્યાત હજાર વર્ષ સુધી ભ્રમણ કરે છે. ત્યાં પણ તેઓને નારકોની સમાન તીવ્ર દુઃખ ભોગવવું પડે છે. આ જીવો સ્પર્શન–રસના–ઘ્રાણ–ચક્ષુ સહિતની ચાર ઈન્દ્રિયો યુક્ત હોય છે.

તે પ્રમાણે કુંથુ, કીડી, અંધિકા આદિ તેઈન્દ્રિય જીવોની આઠ લાખ કુલ કોટિઓમાં જન્મ–મરણ અનુભવતા સંખ્યાતકાલ સુધી નારકો સદશ તીવ્ર દુઃખ ભોગવે છે. આ તેઈન્દ્રિયો સ્પર્શન, રસન અને ઘ્રાણથી યુક્ત હોય છે.

ગંડૂલક, જલૌક, કૃમિ, ચંદનક, આદિ બેઈન્દ્રિય જીવોની સાત લાખ કુલ કોટીઓમાં જન્મ–મરણની વેદના અનુભવતા સંખ્યાત હજાર વર્ષો સુધી ભમે છે. તેમને સ્પર્શન, રસન એ બેઈન્દ્રિયો હોય છે.

એકેન્દ્રિયત્વમાં પણ પૃથ્વી–જલ–અગ્નિ–વાયુ–વનસ્પતિ કાયના સૂક્ષ્મ–બાદર બે ભેદ છે, પર્યાપ્તા–અપર્યાપ્તા છે તથા. પ્રત્યેક શરીરનામ અને સાધારણ ભેદ છે. તેમાં પ્રત્યેકશરીરી જીવ ત્યાં અસંખ્ય કાળ ભમે છે,

અનંતકાય અનંતકાળ સુધી ભમે છે. આ બધા સ્પર્શન ઇન્દ્રિયવાળા હોય છે. અતિ અનિષ્ટ દુઃખવાળા હોય છે.

હવે સૂત્રકારશ્રી પૃથ્વી આડી જીવોની વેદનાનું કથાન કરે છે–

કુદ્દાલ અને હળ વડે પૃથ્વીનું વિદારણ, જળનું મથન અને નિરોધ, અગ્નિ અને વાયુનું વિવિધ શસ્ત્રથી ઘટ્ટન, પારસ્પરિક આઘાત, મારવા, બીજાના પ્રયોજન સહિત કે રહિત વ્યાપારથી ઉત્પન્ન વિરાધનાની વ્યથા સહેવી, ખોદવું–ગાળવું–વાળવું–સડવું–સ્વયં ટૂટવું–મસળવું–કચડવું–છેદવું–છોલવું–વાળ ઉખેડવા–પાન તોડવા–અગ્નિથી બાળવા–આ પ્રકારે ભવ પરંપરામાં અનુબદ્ધ હિંસાકારી પાપી જીવ ભયંકર સંસારમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરતા રહે છે.

તે હિંસાનું ઘોર પાપ કરનાર અધન્ય જીવ, મનુષ્યપણામાં ઉત્પન્ન થાય છે, પણ જેના પાપકર્મ ભોગવવાના બાકી છે, તે પણ પ્રાયઃ વિકૃત અને વિકલ રૂપવાળા, કુબડા–વામન–બહેરા–કાણા–ઠુંઠા–લંગડા–અંગહીન–મૂંગા–મમ્મણ–અંધ–બાડા–પિશાચગ્રસ્ત–વ્યાધિ અને રોગથી પીડિત, અલ્પાયુષ્ક, શસ્ત્રવધ્ય, અજ્ઞાન, અશુભલક્ષણા, દુર્બલ, અપ્રશસ્તસંહનની, બેડોળ અંગોપાંગવાળા, ખરાબ સંસ્થાન વાળા, કુરૂપ, દીન, હીન, સત્ત્વહીન, સુખથી વંચિત અને અશુભ દુઃખના ભાજન થાય છે.

આવા પાપકર્મી, નરક અને તિર્યંચયોનિમાં તથા કુમાનુષ–અવસ્થામાં ભટકતા અનંત દુઃખ પામે છે. આ પૂર્વોક્ત પ્રાણવધનો ફળવિપાક છે. જે આલોક–પરલોકમાં ભોગવવા પડે છે. આ વિપાક અલ્પ સુખ, અત્યધિક દુઃખવાળા છે. મહાભયજનક, અતિ ગાઢ કર્મરજથી યુક્ત, અતિ દારુણ, કઠોર, અસાતા ઉત્પાદક છે. દીર્ઘકાળે તેમાંથી છૂટાય છે. પણ ભોગવ્યા વિના છૂટાતુ નથી.

હિંસાનો આ ફળ વિપાક જ્ઞાતકુળ–નંદન મહાત્મા મહાવીર જિને કહેલ છે.

આ પ્રાણવધ ચંડ, રૌદ્ર, ક્ષુદ્ર, અનાર્યજન દ્વારા આચરણીય છે. આ ઘૃણારહિત, નૃશંસ, મહાભયનું કારણ, ભયાનક, ત્રાસજનક અને અન્યાયરૂપ છે. આ ઉદ્વેગજનક, બીજાના પ્રાણોની પરવા ન કરનારા, ધર્મહીન, સ્નેહપીપાસા–શૂન્ય, કરુણાહીન છે. તેનું પરિણામ નરકગમન છે. મોહમહાભયને વધારનાર અને મરણના કારણજન્ય દીનતાની જનક છે. **[પહેલું અધર્મદ્વાર સમાપ્ત]**

**આશ્રવદ્વાર અધ્યયન-૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## આશ્રવદ્વાર, અધ્યયન-૨ 'મૃષા'

સૂત્ર–૯, ૧૦

૯. જંબૂ! બીજું અધર્મ દ્વાર 'અલીકવચન'(મિથ્યા ભાષણ) તે ગુણ ગૌરવ રહિત, તુચ્છ, ઉતાવળા, ચંચળ લોકો બોલે છે. તે ભયંકર, દુઃખકર, અયશકર, વૈરકર, અરતિ–રતિ–રાગ–દ્વેષ–મન સંક્લેશ દેનાર છે, ધૂર્તતા અને અવિશ્વાસનીય વચનોની પ્રચૂરતાવાળું છે, નીચજન સેવિત, નૃશંસ, અપ્રીતિકારક, સાધુજન દ્વારા ગર્હણીય, પરપીડાકારક, પરમકૃષ્ણલેશ્ય સહિત, દુર્ગતિમાં નિપાતને વધારનાર, ભવ–પુનર્ભવકર, ચિરપરિચિત, અનુગત, દુરંત, અનિષ્ટ પરિણામી છે.

**૧૦.** તેના ગુણનિષ્પન્ન ૩૦ નામ આ પ્રમાણે છે–

અલિક, શઠ, અનાર્ય, માયામૃષા, અસત્, કૂડકપટ–અવસ્તુક, નિરર્થક–અપ્રાર્થક, વિદ્વેષ–ગર્હણીય, અનૃજુક, કલ્કના, વંચના, મિથ્યાપશ્ચાત્કૃત, સાતિ, ઉચ્છન્ન, ઉત્કૂલ, આર્ત્ત, અભ્યાખ્યાન, કિલ્બિષ, વલય, ગહન, મન્મન, નૂમ, નિકૃતિ, અપ્રત્યય, અસમય, અસત્ય સંઘત્વ, વિપક્ષ, અપધીક, ઉપધિ–અશુદ્ધ અને અપલાપ. સાવદ્ય અલીક વચનયોગના ઉલ્લિખિત ત્રીસ નામો સિવાયના અન્ય પણ અનેક નામો છે.

સૂત્ર–૧૧

આ અસત્ય બોલનારા કેટલાક પાપી, અસંયત, અવિરત, કપટ કુટિલ કટુક ચટુલ ભાવવાળા, ક્રુદ્ધ, લુબ્ધ, ભયોત્પાદક, હાસ્યસ્થિત, સાક્ષી, ચોર–ગુપ્તચર, ખંડરક્ષક, જુગારમાં હારેલ, ગિરવી રાખનાર, કપટથી કોઈ વાતને વધારીને કહેનાર, કુલિંગી, ઉપધિકા, વણિક, ખોટા તોલમાપ કરનાર, નકલી સિક્કોથી આજીવિકા કરનાર, પડગાર, સોની, કારીગર, વંચન પર, દલાલ, ચાટુકાર, નગરરક્ષક, મૈથુનસેવી, ખોટો પક્ષ લેનારો, ચુગલખોર, ઉત્તમર્ણ, કરજદાર, પૂર્વકાલિક–વચણદચ્છ, સાહસિક, લઘુસ્વક, અસત્વા, ગૌરવિક, અસ્તય સ્થાપનાધિચિત્તવાળા, ઉચ્ચચ્છંદ, અનિગ્રહ, અનિયત, સ્વચ્છંદપણે ગમે તે બોલનારા તે લોકો અવિરત હોતા નથી, અસત્યવાદી હોય છે.

બીજા નાસ્તિકવાદી, વામલોકવાદી કહે છે – આ જગત શૂન્ય છે, જીવ નથી, આ ભવ કે પરભવમાં જતો નથી, પુન્ય–પાપનો કંઈપણ સ્પર્શ થતો નથી. સુકૃત્–દુષ્કૃતનું કંઈ ફળ નથી. આ શરીર પંચમહાભૂતિક છે. વાતયોગ યુક્ત છે,(વાયુના નિમિત્તથી તે સર્વ ક્રિયા કર છે).

કોઈ પાંચ સ્કંધ કહે છે, કોઈ મનને જીવ માને છે. વાયુને જ કોઈ જીવ કહે છે. શરીર સાદિ–અને સાંત છે, આ ભવ જ એક માત્ર ભવ છે. તેનો નાશ થતા સર્વનાશ થાય છે. આવું આવું, તે મૃષાવાદીઓ કહે છે.

આ કારણથી દાન–વ્રત–પૌષધ–તપ–સંયમ–બ્રહ્મચર્ય–કલ્યાણ આદિનું ફળ નથી. પ્રાણવધ અને અસત્યવચન નથી, ચોરી કરવી, પરદારા સેવન કે સપરિગ્રહ પાપકર્મ કરણ પણ નથી. નારક–તિર્યંચ–મનુષ્યયોનિ નથી, દેવલોક નથી, સિદ્ધિ ગમન નથી, માતાપિતા નથી, પુરુષકાર કે પચ્ચક્ખાણ નથી, કાળ કે મૃત્યુ નથી.

અરિહંત–ચક્રવર્તી–બલદેવ–વાસુદેવ નથી. કોઈ ઋષિ નથી કે ધર્મ–અધર્મનું થોડું કે ઝાઝુ ફળ નથી. આ પ્રમાણે જાણીને ઇન્દ્રિયોને અનુકૂળ બધા વિષયોમાં વર્તો. કોઈ ક્રિયા કે અક્રિયા નથી, આ પ્રમાણે વામલોકવાદી–નાસ્તિકવાદીઓ કહે છે.

આ બીજું કુદર્શન અસદ્ભાવવાદીઓ–મૂઢો કહે છે – આ લોક ઇંડામાંથી પ્રગટ થયો છે. આ લોક સ્વયં સ્વયંભૂ નિર્મિત છે. આ પ્રકારે તે મિથ્યા બોલે છે.

કોઈ કહે છે. જગત પ્રજાપતિ કે ઈશ્વરે બનાવેલ છે. કોઈ કહે છે – સર્વ જગત વિષ્ણુમય છે. કોઈ માને છે કે આત્મા અકારક છે, સુકૃત–દુષ્કૃતનો વેદક છે. સર્વથા સર્વત્ર ઇન્દ્રિયો જ કારણ છે. આત્મા નિત્ય, નિષ્ક્રિય, નિર્ગુણ, નિર્લેપ છે, આવું અસદ્ભાવવાદી કહે છે.

કોઈ–કોઈ ઋદ્ધિ–રસ–સાતા ગારવથી લિપ્ત કે તેમાં અનુરક્ત બનેલ અને ક્રિયા કરવામાં આળસુ ઘણાં વાદી

ધર્મ મીમાંસા કરતા આ પ્રકારે મિથ્યા પ્રરૂપણા કરે છે – આ લોકમાં જે સુકૃત્ કે દુષ્કૃત દેખાય છે, આ બધું યદચ્છાથી, સ્વભાવથી કે દૈવતપ્રભાવથી જ થાય છે. અહીં એવું કંઈ નથી જે પુરુષાર્થથી કરાયેલ હોય, લક્ષણ અને ભેદોની કરનાર નિયતિ જ છે. એવી મિથ્યા પ્રરુપણા કરે છે.

કોઈ બીજા અધર્મી રાજ્ય વિરુદ્ધ અભ્યાખ્યાન કરે છે. જેમ કે – અચોરકને ચોર કહે છે. જે ઉદાસીન છે, તેને લડાઈખોર કહે છે, સુશીલને દુઃશીલ કહે છે, આ પરસ્ત્રીગામી છે એમ કહી તેને મલિન કરે છે. ગુરુપત્ની સાથે અનુચિત સંબંધ રાખે છે, તેમ કહે છે. બીજા કહે છે – આ મિત્રપત્ની સેવે છે. આ ધર્મહીન છે, વિશ્વાસઘાતી છે, પાપકર્મકારી – અગમ્યગામી–દુષ્ટાત્મા–ઘણા પાપકર્મો કરનારા છે, આ પ્રમાણે તે ઈર્ષ્યાળુ કહે છે. ભદ્રકના ગુણો, કીર્તિ, સ્નેહ, પરલોકની પરવા ન કરનાર તે અસત્યવાદમાં કુશળ, બીજાના દોષો બતાવવામાં પ્રસક્ત રહે છે. વિના વિચાર્યા બોલનારા તે અક્ષય દુઃખના કારણભૂત અત્યંત દઢ કર્મબંધનોથી પોતાના આત્માને બાંધે છે.

બીજાના ધનમાં આસક્ત તેઓ નિક્ષેપ(ધરોહર)ને હરી લે છે. બીજાના ધનમાં ગ્રથિત અને ગૃદ્ધ જૂઠી સાક્ષી આપે છે, બીજામાં ન રહેલા દોષોથી તેમને દૂષિત કરે છે. તે અસત્યભાષી ધન–કન્યા–ભૂમિ–ગાય નિમિત્તે અધોગતિમાં લઈ જનાર મોટું જૂઠ બોલે છે. બીજું પણ જાતિ–રૂપ–કુશલ–શીલ–વિષયક અસત્યભાષણ કરે છે. મિથ્યા ષડયંત્ર રચનામાં કુશળ, ચપળ, પૈશુન્યપૂર્ણ, પરમાર્થને નષ્ટ કરનાર, સત્ત્વહીન, વિદ્વેષ–અનર્થકારક, પાપકર્મમૂળ અને દુર્દર્શન યુક્ત, દુશ્રુત, અમુણિય, નિર્લજ્જ, લોકગર્હણીય, વધ–બંધ–પરિક્લેશ બહુલ, જરા–મરણ–દુઃખ–શોકનું કારણ અને અશુદ્ધ પરિણામોના કારણે સંક્લેશથી યુક્ત હોય છે.

જેઓ મિથ્યા અભિપ્રાયમાં સંનિવિષ્ટ છે, અવિદ્યમાન ગુણના ઉદીરક, વિદ્યમાન ગુણના નાશક, હિંસા વડે પ્રાણીના ઉપઘાતિક, અસત્ય વચનોમાં જોડાયેલા, એવા તે સાવદ્ય, અકુશલ, સત્પુરુષો દ્વારા ગર્હિત, અધર્મજનક વચન બોલે છે. તેઓ પુન્ય–પાપથી અનભિજ્ઞ, વળી અધિકરણાદિ ક્રિયામાં પ્રવર્તક, ઘણા પ્રકારે પોતાનું–પરનું અનર્થ અને વિનાશ કરે છે.

આ પ્રમાણે મૃષા બોલનારા, ઘાતકોને પાડા અને ભૂંડ બતાવે છે, વાગુરિકોને સસલા, મૃગ, રોહિત બતાવે છે. પક્ષીઘાતકોને તીતર, બતક, કપિંજલ અને કબૂતર બતાવે છે. મચ્છીમારને માછલી, મગર, કાચબા બતાવે છે. ધીવરોને શંખ–અંક–કોડી બતાવે છે. મદારીને અજગર, ગોનસ, મંડલી, દર્વીકર, મુકુલી સાપ દેખાડે છે, લુબ્ધકોને ગોધો, સેહ, શલ્લકી, ગિરગિટ બતાવે છે. પાશિકોને ગજ–વાનર કુલ બતાવે છે. પોષકોને પોપટ, મોર, મેના, કોકિલા, હંસ, સારસ પક્ષી બતાવે છે. આરક્ષકોને વધ, બંધ, યાતનાના ઉપાયો દેખાડે છે.

ચોરોને ધન, ધાન્ય, ગાય, બળદ બતાવે છે. જાસૂસોને ગામ, નગર, આકર, પાટણાદિ વસતી બતાવે છે. ગ્રંથિ–ભેદકોને પારઘાતિક, પંથઘાતિક બતાવે છે. નગરરક્ષકોને ચોરીનો ભેદ કહે છે. ગોપાલોને લાંછન, નિર્લાંછન, ધમણ, દુહણ, પોષણ, વણણ, દમન, વાહનાદિ દેખાડે છે. આગરીકોને ધાતુ, મણિ, શિલ, પ્રવાલ, રત્નોની ખાણ બતાવે છે. માળીને પુષ્પવિધિ, ફળવિધિ બતાવે છે. વનચરોને અર્ઘ્ય અને મધુકોશક બતાવે છે.

મૃષાવાદી મારણ–મોહન–ઉચ્ચાટનાદિ માટે યંત્ર, વિષ, મૂલકર્મને તથા અક્ષેપણ–મંત્ર આદિ દ્વારા નગરમાં ક્ષોભ ઉત્પન્ન કરવો, આવર્ધન–મંત્રબળથી ધન આડી ખેંચવું, આભિયોગ– વશીકરણ આદિ મંત્ર, ઔષધિ પ્રયોગ, ચોરી, પરસ્ત્રી–ગમનાદિ ઘણા પાપકર્મકરણ, છળથી શત્રુસેનાને નષ્ટ કરવી, વનદહન, તળાવભેદન, ગ્રામઘાત, બુદ્ધિના વિનય–વિનાશ, ભય–મરણ–ક્લેશ–દ્વેષજનક, અતિ સંક્લિષ્ટ ભાવ હોવાથી મલિન, જીવના ઘાત–ઉપઘાત વચન, યથાર્થ હોવા છતાં હિંસક હોવાથી અસત્ય એવા વચન, તે મૃષાવાદી બોલે છે.

બીજાને સંતાપવામાં પ્રવૃત્ત, અવિચારપૂર્વક બોલનારા, કોઈ પૂછે કે ન પૂછે, તો પણ સહસા ઉપદેશ આપે છે કે ઉંટ, બળદ, ગવયને દમો. વયઃપ્રાપ્ત ઘોડા, હાથી, બકરી, મુરઘાને ખરીદો–ખરીદાવો, વેચો, પકાવો, સ્વજનોને આપો, પેયનું પાન કરો. દાસી–દાસ–ભૃતક, ભાગીદાર, શિષ્ય, પ્રેષ્યજન, કર્મકર, કિંકર આ બધા તથા સ્વજન–પરિજન કેમ

નકામા બેઠા છે, ભરણ–પોષણ યોગ્ય છે, કામ કરે. આ સઘન વન, ખેતર, ખિલભૂમિ, વલ્લર, ઊગેલા ઘાસ–તુસ; આ બધાંને બાળી નાંખો, કાપી નાંખો, ઉખેડી દો. યંત્ર, ભાંડ, ઉપધિ માટે તથા વિવિધ પ્રયોજનથી વૃક્ષો કપાવો, શેરડી તલને પીલાવો, મારા ઘર માટે ઇંટો પકાવો, ખેતર ખેડો કે ખેડાવો, જલદી ગામ–આકર–નગર–ખેડ–કર્બટ વસાવો. અટવી પ્રદેશમાં વિપુલ સીમાવાળા ગામ વસાવો. પુષ્પ–ફળ–કંદ–મૂલ જે કાલપ્રાપ્ત હોય તેને ગ્રહણ કરો, પરિજનો માટે સંચય કરો. શાલી–વ્રીહી–જવને કાપો, મસળો, સાફ કરો, જલદી કોઠારમાં નાંખો.

નાના–મધ્યમ–મોટા નૌકાદળને નષ્ટ કરો, સેના પ્રયાણ કરે, યુદ્ધભૂમિમાં જાય, ઘોર યુદ્ધ કરે, ગાડી–નૌકા–વાહન ચલાવો, ઉપનયન–ચોલક–વિવાહ–યજ્ઞ એ બધું અમુક દિવસ–કરણ–મુહૂર્ત–નક્ષત્ર–તિથિમાં કરો. આજે સ્નાન થાઓ, પ્રમોદ પૂર્વક વિપુલ માત્રામાં ખાદ્ય–પેય સહિત કૌતુક, વિણ્હાવણક–શાંતિકર્મ કરો. સૂર્ય–ચંદ્ર ગ્રહણ અને અશુભ સ્વપ્નફળના નિવારણ કરવા માટે સ્નાન અને શાંતિકર્મ કરો. સ્વજન, પરિજન, નિજકના જીવિતની પરીરક્ષાર્થે કૃત્રિમ–લોટ આદિથી બનેલ મસ્તકની ભેટ ચડાવો. વિવિધ ઔષધી, મદ્ય, માંસ, મિષ્ટાન્ન, અન્ન, પાન, માળા, લેપન, ઉબટન, દીપ, ધૂપ, પુષ્પ અને ફળથી પરિપૂર્ણ વિધિથી પશુના મસ્તકની બલિ આપો. વિવિધ હિંસા વડે ઉત્પાત, પ્રકૃતિવિકાર, દુઃસ્વપ્ન, અપશુકન, ક્રૂર ગ્રહપ્રકોપ, અમંગલ સૂચક અંગ સ્ફૂરણાદિના ફળને નાશ કરવા પ્રાયશ્ચિત્ત કરો, વૃત્તિચ્છેદ કરો, કોઈને દાન ન આપો, તે મર્યો તે સારું થયું, તેને કાપી નાંખ્યો તે સારું થયું, તેના ટૂકડે ટૂકડા કર્યા તે સારું થયું.

કોઈ પૂછે કે ન પૂછે તો પણ આવો આદેશ કે ઉપદેશ કરે છે અથવા મન–વચન–કાયાથી મિથ્યા આચરણ કરનારા અનાર્ય, અકુશલો મિથ્યામતનું ભાષણ કરે છે. એવા મિથ્યાવાદિઓ, અલિક–મિથ્યાધર્મમાં રત, અલિક કથામાં રમણ કરતા, બહુ પ્રકારે અસત્ય સેવીને સંતુષ્ટ થાય છે.

સૂત્ર–૧૨

ઉક્ત અસત્યભાષણના ફળવિપાકથી અજાણ લોકો નરક અને તિર્યંચયોનિની વૃદ્ધિ કરે છે. જ્યાં મહાભયંકર, અવિશ્રામ, બહુ દુઃખોથી પરિપૂર્ણ અને દીર્ઘકાલિક વેદના ભોગવવી પડે છે. તે અસત્ય સાથે સારી રીતે જોડાયેલા ભયંકર અને દુર્ગતિને પ્રાપ્ત કરાવનારા અંધકાર રૂપ પુનર્ભવમાં ભટકે છે. તે પણ દુઃખે કરી અંત પામે તેવા, દુર્ગત, દુરંત, પરતંત્ર, અર્થ અને ભોગથી રહિત, સુખરહિત રહે છે. તેમાં ફાટેલ ચામડી, ભયાનક, બિભત્સ અને વિવર્ણ દેખાવ, કઠોર સ્પર્શ, રતિવિહિન, બેચેન, મલીન અને સારહીન શરીરવાળા, શોભાકાંતિથી રહિત હોય છે. અસ્પષ્ટ વિફલવાણી યુક્ત હોય છે.

તેઓ સંસ્કાર અને સત્કાર રહિત, દુર્ગંધયુક્ત, ચેતનારહિત, અભાગી, અકાંત, અનિષ્ટ સ્વરવાળા, હીન–ભિન્ન અવાજવાળા હોય છે, તેઓ વિહિંસ્ય(અન્ય દ્વારા વિશેષરૂપે સતાવવામાં આવેલા), જડ–બધિર–અંધ, મુંગા અને અમનોજ્ઞ–વિકૃત ઈન્દ્રિયવાળા, નીચ, નીચજનસેવી, લોક વડે ગર્હણીય, ભૃત્ય–ચાકર થાય છે., અસદૃશ–અસમાન વિરુદ્ધ આચાર–વિચારવાળા લોકોના પ્રેષ્ય(આજ્ઞાપાલક) હોય છે. દુર્મેધા હોય છે. લોકવેદ–અધ્યાત્મશાસ્ત્ર–શ્રુતિ અર્થાત સિદ્ધાંતોના શ્રવણ તેમજ જ્ઞાનથી વર્જિત હોય છે, તેઓ ધર્મબુદ્ધિહીન થાય છે.

અનુપશાંત અસત્યરૂપી અગ્નિથી બળતા તે મૃષાવાદિ, અપમાન, પીઠ પાછળ નીંદાતા, આક્ષેપ–ચાડી–પરસ્પર ફૂટ આદિ સ્થિતિ, દોષારોપણ, ચાડી–ચુગલી, સ્નેહ સંબંધોનો ભંગ આદિ સ્થિતિ પ્રાપ્ત કર છે. તે ગુરુજન–બંધુ–સ્વજન–મિત્રજનના તીક્ષ્ણ વચનોથી અનાદર પ્રાપ્ત હોય છે. અમનોરમ, હૃદય–મનને સંતાપદાયી, જીવન પર્યંત દુરુદ્ધર અભ્યાખ્યાન પ્રાપ્ત, અનિષ્ટ–તીક્ષ્ણ–કઠોર–મર્મવેધી વચનોથી તર્જના, ભર્ત્સના, ધિક્કારથી દીનમુખ અને ખિન્ન ચિત્તવાળા હોય છે. ખરાબ ભોજન–વસ્ત્ર–વસતીમાં ક્લેશ પામતા સુખ–શાંતિ વગરના, અત્યંત–વિપુલ–સેંકડો દુઃખોની અગ્નિમાં બળે છે.

આ અસત્ય વચનોનો આલોક–પરલોક સંબંધી ફલવિપાક છે–

તેમાં અલ્પસુખ, બહુદુઃખ, મહાભય, પ્રગાઢ કર્મરજબંધનું કારણ છે. તે દારુણ, કર્કશ, અશાતારૂપ છે. હજારો વર્ષે તેમાંથી છૂટાય છે. તેને ભોગવ્યા વિના મુક્તિ મળતી નથી.

આ પ્રમાણે જ્ઞાતકુલનંદન, મહાત્મા, જિન વીરવર નામધેય અસત્ય વચનનો ફળવિપાક કહે છે.

આ બીજું મૃષાવાદ નામે અધર્મદ્વાર છે. હલકા અને ચંચળ લોકો તેનો પ્રયોગ કરે છે. તે ભયંકર, દુઃખકર, અયશકર, વૈરકર, અરતિ–રતિ–રાગ–દ્વેષ–મનસંક્લેશ ઉત્પન્ન કરનાર છે. જૂઠ–માયા–સાતિયોગની બહુલતાયુક્ત, નીચજન સેવિત, નૃશંસ, અવિશ્વાસકારક, પરમ સાધુજનથી ગર્હણીય, પર પીડાકારક, પરમકૃષ્ણલેશ્યા સહિત, દુર્ગતિવિનિપાત વર્દ્ધન, પુનર્ભવકારક, ચિરપરિચિત, ચિરાનુગ, દુઃખમય હોય છે.

બીજું અધર્મદ્વાર સમાપ્ત

**આશ્રવદ્વાર અધ્યયન-૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## આશ્રવદ્વાર, અધ્યયન-૩ 'અદત્તાદાન'

સૂત્ર–૧૩

હે જંબૂ ! ત્રીજું અધર્મદ્વાર–અદત્તાદાન, હૃદયને બાળનાર–મરણભયરૂપ, કલુષતામય, બીજાના ધનાદિમાં મૂર્ચ્છા કે ત્રાસ સ્વરૂપ, જેનું મૂળ લોભ છે. વિષમકાળ–વિષમ સ્થાન આશ્રિત, નિત્ય તૃષ્ણાગ્રસ્ત જીવોને અધોગતિમાં લઈ જનારી બુદ્ધિવાળું છે, અપયશનું કારણ છે, અનાર્યપુરુષ આચરિત છે. છિદ્ર–અંતર–વિધુર–વ્યસન–માર્ગણાપાત્ર છે. ઉત્સવના અવસરે મદિરાદિના નશામાં બેભાન, અસાવધાન, સૂતેલા મનુષ્યોને ઠગનારું, વ્યાકૂળતા ઉત્પાદક, ઘાત કરવામાં તત્પર તથા અશાંત પરિણામવાળા, ચોરો દ્વારા અત્યંત માન્ય છે.

આ અકરુણકૃત્ય, રાજપુરુષ–કોટવાળ આદિ દ્વારા રોકવામાં આવે છે, સાધુજન દ્વારા નિંદિત છે, પ્રિયજન–મિત્રજનમાં ભેદ અને અપ્રીતિકારક છે. રાગ–દ્વેષની બહુલતાવાળું, મનુષ્યોને અનેક રીતે મારનાર સંગ્રામો, વિપ્લવો, લડાઈ, કલહ, વેધકારક છે. દુર્ગતિમાં વૃદ્ધિ કરનાર, પુનર્ભવ કરાવનાર, ચિર પરિચિત, ચિરાનુગત અને દુરંત છે.

આવું આ ત્રીજું અધર્મદ્વાર છે.

સૂત્ર–૧૪

તેના ગુણસંપન્ન ૩૦–નામો છે. તે આ પ્રમાણે–

ચોરી, પરહૃત, અદત્ત, ક્રૂરીકૃત, પરલાભ, અસંયમ, પરધનમાં ગૃદ્ધ, લોલુપતા, તસ્કરત્વ, અપહાર, હસ્તલઘુત્વ, પાપકર્મકરણ, સ્તેનિકા, હરણવિપ્રનાશ, આદાન, ધનનું લુંપન, અપ્રત્યય, અવપીડ, આક્ષેપ, ક્ષેપ, વિક્ષેપ, કૂટતા, કુલમષિ, કાંક્ષા, લાલપન–પ્રાર્થના, આસસણાય–વ્યસન, ઇચ્છા–મૂર્ચ્છા, તૃષ્ણા–ગૃદ્ધિ, નિકૃતિકર્મ, અપરોક્ષ. આ અને આવા ત્રીશ નામો અદત્તાદાનના છે. જે પાપ, કલહથી મલિન કર્મોની બહુલતાવાળા અનેક નામો છે.

સૂત્ર–૧૫

તે ચોર પૂર્વોક્ત રીતે ચોરી કરવામાં અને બીજાનું દ્રવ્ય હરણ કરવામાં કુશળ હોય છે. અનેકવાર ચોરી કરેલ અને અવસરજ્ઞ હોય છે. તેઓ સાહસિક, તુચ્છ હૃદયવાળા, અતિ મહતી ઇચ્છાવાળા, લોભગ્રસ્ત, વચનાડંબરથી પોતાને છૂપાવનાર હોય છે. બીજાને લજ્જિત કરનાર, બીજાના ઘર આદિમાં આસક્ત, અધિમરા હોય છે. તે ઋણભંજક, સંધિભંજક, રાજદુષ્ટકારી, દેશનિકાલ કરાયેલ અને લોકબહીષ્કૃત હોય છે તેમજ ઉપદ્રવક, ગ્રામઘાતક, નગરઘાતક, પંથઘાતક હોય છે. આગ લગાડનાર, તીર્થભેદક, હાથચાલાકી કર્તા, જુગારી, ખંડરક્ષક, સ્ત્રીચોર, પુરુષચોર, સંધિછેદક, ગ્રંથિભેદક અને પરધનહરણકર્તા હોય છે, લોમાપહાર(વશીકરણ આદિથી ધન આદિનું અપહરણ કરનાર, આક્ષેપી, નિર્મર્દક, ગૂઢચોરક, ગો–અશ્વ–દાસીચોરક, એકલો ચોરી કરનાર, અવકઙ્ઢક, સંપ્રદાયક, ઉછિંપક, સાર્થઘાતક, બિલચોરીકારક, નિગૃહીત, વિપ્રલુંપક, ઘણા પ્રકારે દ્રવ્યહરણ કરવાની બુદ્ધિવાળો, આ અને આવા બીજા પરદ્રવ્ય હરણથી અવિરત બધા ચોરી કર્મકર્તા છે..

વળી, વિપુલ બલ અને પરિગ્રહવાળા ઘણા રાજાઓ, પરધનમાં ગૃદ્ધ, સ્વદ્રવ્યમાં અસંતુષ્ટ, બીજા દેશ પર આક્રમણ કરે છે. તે લોભી, બીજાના ધનને છીનવા–ચતુરંગ વિભક્ત સૈન્ય સાથે, તે દૃઢ નિશ્ચયી, શ્રેષ્ઠ યોદ્ધા સાથે યુદ્ધ કરવામાં વિશ્વાસ રાખનારા, દર્પ પરિપૂર્ણ સૈન્યથી પરિવરીત હોય છે. તેઓ પદ્મવ્યૂહ, શકટવ્યૂહ, શૂચિવ્યૂહ, ચક્રવ્યૂહ, સાગરવ્યૂહ, ગરુડ વ્યૂહ રચી, સેના સાથે આક્રમણ કરી, બીજી સેનાને હરાવીને પરધનને હરી લે છે.

બીજા, રણ મોરચે લાખો સંગ્રામમાં વિજય પામનાર, સન્નદ્ધ–બદ્ધ–પરિચર–ચિહ્ન પટ્ટ ધારણ કરેલ, આયુધ–અસ્ત્ર ધારણ કરેલા, પ્રહારથી બચવા ઢાલ અને ઉત્તમ કવચથી શરીરને વેષ્ટિત કરેલા, લોઢાની જાળી પહેરી, કાંટાળા કવચયુક્ત, વક્ષઃસ્થળે ઉર્ધ્વમુખી બાણોની તૂણીર બાંધેલા, હાથમાં પાશ લઈ, સૈન્યદળની રણોચિત રચના કરેલ, કઠોર ધનુષ હાથમાં પકડી, હર્ષયુક્ત, હાથ વડે બાણ ખેંચીને કરાતી પ્રચંડ વેગથી વરસતી મૂસળધાર વર્ષાથી જ્યાં માર્ગો અવરુદ્ધ થયા છે, એવા યુદ્ધમાં અનેક ધનુષ, દોધારી તલવારો, ત્રિશૂળો, બાણો, ડાબા હાથે પકડેલ ઢાલ,

મ્યાનથી નીકળેલી ચમકતી તલવાર, પ્રહાર કરતા ભાલા, તોમર, ચક્ર, ગદા, કુહાડી, મૂસલ, હલ, શૂળ, લાઠી, ભિંડમાલ, શબ્બલ, પટ્ટિસ, પથ્થર, દ્રુધણ, મૌષ્ટિક, મુદ્‌ગર, પ્રબળ આગલ, ગોફણ, દ્રુહણ, બાણની તૂણીર, કુવેણી, ચમચમાતા શસ્ત્રો આકાશમાં ફેંકવાથી આકાશતલ વીજળીની પ્રભા સમાન ઉજ્જ્વલ પ્રભાવાળું થાય છે.

આ સંગ્રામમમાં પ્રગટ શસ્ત્રપ્રહાર થાય છે. મહા યુદ્ધમાં વગાડાતા શંખ–ભેરી–તૂર–પ્રચૂર પટુ પટહ નિનાદ, ગંભીર અવાજોથી વીર પુરુષ હર્ષિત થાય છે અને કાયર પુરુષો ક્ષોભ પામે છે. તેઓ ભયથી ધ્રુજી ઉઠે છે. વિપુલ ઘોડા–હાથી–રથ–યોધાની શીઘ્રચાલથી ફેલાયેલી ધૂળને કારણે ત્યાં સઘન અંધકાર વ્યાપ્ત રહે છે. તે યુદ્ધ કાયર પુરુષોના નયન અને હૃદયને આકુળ–વ્યાકૂળ કરી દે છે.

ચંચળ અને ઉન્નત ઉત્તમ મુગટ, તિરિડ, કુંડલ, નક્ષત્રના આભૂષણોનો આટોપ હતો. સ્પષ્ટ પતાકા, ઊંચી ધ્વજા, વૈજયંતી, ચંચલ ચામર, છત્રોના કારણે અંધકારથી ગંભીર લાગતું હતું. અશ્વોનો હણહણાટ, હાથીનો ગુલગુલાટ, રથનો ધણધણાટ, પાયદળની હરહરાહટ, સિંહનાદનું આસ્ફાટન, છેલિય–વિધુક્ટ–કુક્ટ–કંઠગત શબ્દની ભીમગર્જના, રડવું–હસવું–કરાહવુંનો કલકલ રવ, આંસુવાળા વદનથી રૂદ્ર લાગતું હતું.

યુદ્ધમાં પોતાના હોઠને ભયંકર દાંતોથી જોરથી કાપનાર યોદ્ધાના હાથ, દઢપ્રહાર માટે તત્પર રહેતા હતા. ક્રોધની તીવ્રતાને કારણે, યોદ્ધાઓના નેત્ર રક્તવર્ણના હોય છે. વૈરદષ્ટિથી ક્રોધ પરિપૂર્ણ ચેષ્ટાઓથી તેની ભ્રમરો ખેંચાયેલી રહે છે. તે કારણે તેના લલાટ પર ત્રણ કુટીલ ભૃકૂટિ ચડેલી રહે છે, વધ પરિણત હજારો યોદ્ધાના પરાક્રમ જોઈને, સૈનિકોના પૌરુષ પરાક્રમની વૃદ્ધિ થતી હતી. હણહણતા ઘોડા અને રથો દ્વારા દોડતા યુદ્ધસૂભટો તથા શસ્ત્ર ચલાવવામાં કુશલ અને સાધિત હાથવાળા સૈનિક હર્ષવિભોર થઈને, બંને ભૂજા ઊંચી ઉઠાવી, ખિલખિલાટ હસતા હતા, કિલકારીઆ કરતા હતા. ચમકતી ઢાલ અને કવચધારી મદોન્મત્ત હાથી ઉપર આરૂઢ પ્રસ્થાન કરતા યોદ્ધા, શત્રુયોદ્ધા સાથે પરસ્પર ઝૂઝતા હતા. યુદ્ધકળા કુશળ અહંકારી યોદ્ધા, પોતાની તલવાર મ્યાનથી કાઢી, સ્ફૂર્તિથી રોષસહ પરસ્પર પ્રહાર કરતા, હાથીની સૂંઢ કાપતા હોય છે.

આવા ભયાવહ યુદ્ધમાં મુદ્‌ગરાદિ વડે મરેલ–કાપેલ–ફાડેલ હાથી આદિ પશુઓ અને મનુષ્યોના યુદ્ધભૂમિમાં વહેતા લોહીના કીચડથી લથપથ માર્ગ, કુંખ ફાટવાથી ભૂમિ ઉપર વિખરાયેલ બહાર નીકળેલ આંતરડાનું લોહી વહેતું હોય, તરફડતા વિકલ મર્માહત કપાયેલ પ્રગાઢ પ્રહારથી બેહોશ, અહીં–તહીં આળોટતા વિહ્વળ મનુષ્યોના વિલાપને કારણે તે યુદ્ધ ઘણું જ કરુણાજનક હોય છે.

મરેલા યોદ્ધાના ભટકતા ઘોડા, મદોન્મત્ત હાથી, ભયભીત મનુષ્ય, કપાયેલી ધ્વજાવાળા ટૂટેલા રથ, મસ્તક કપાયેલ હાથીઓના ધડ, વિનષ્ટ શસ્ત્રાસ્ત્ર અને વિખરાયેલ આભૂષણ પડેલા હતા. નાચતા એવા ઘણા કલેવરો ઉપર કાગડા અને ગીધ ફરતા હતા. તેની છાયાના અંધકારથી યુદ્ધ ગંભીર બન્યુ હતું. આવા સંગ્રામમમાં સ્વયં પ્રવેશે છે. પૃથ્વીને વિકસિત કરતા, બીજાના દ્રવ્યના ઇચ્છુક રાજા સાક્ષાત્ સ્મશાન સમાન, પરમ રૌદ્ર–ભયાનક, દુષ્પ્રવેશકર સંગ્રામરૂપ સંકટમાં ચાલીને પ્રવેશે છે.

આ સિવાય પૈદલ ચોરસમૂહ હોય છે. કેટલાક સેનાપતિ ચોરોને પ્રોત્સાહિત કરે છે. તેઓ દુર્ગમ અટવી પ્રદેશમાં રહે છે. તેમના કાળા–લીલા–પીળા–શ્વેતરંગી સેંકડો ચિન્હ હોય છે. પરધન લોભી તે ચોર સમુદાય, બીજાના પ્રદેશમાં જઈને ધનહરણ અને મનુષ્યઘાત કરે છે.

કેટલાક લૂંટારા. રત્નોની ખાણ–સમુદ્રમાં ચડાઈ કરે છે. તે સમુદ્ર–સહસ્ર ઉર્મિમાલાથી વ્યાપ્ત, જળના અભાવે જહાજના વ્યાકુળ મનુષ્યોનો કલકલ ધ્વનિયુક્ત, સહસ્ર પાતાળ કળશોના વાયુથી ક્ષુબ્ધ થવાથી ઉછળતા જલકણોની રજથી અંધકારમય બનેલ, નિરંતર પ્રચૂર માત્રામાં ઊઠતા શ્વેતવર્ણી ફીણ, તીવ્ર વેગથી તરંગિત, ચોતરફ તોફાની હવાથી ક્ષોભિત, તટ સાથે ટકરાતા જળસમૂહથી તથા મગરમચ્છાદિ જલીય જંતુને કારણે ચંચળ થઈ રહ્યો છે. વચ્ચે–વચ્ચે ઉભરેલ પર્વતો સાથે ટકરાતા, વહેતા અથાહ જળસમૂહથી યુક્ત છે. મહાનદીના વેગથી ત્વરિત

ભરાઈ જનારો, ગંભીર વિપુલ આવર્ત્તમાં જળજંતુ ચપળતાથી ભમતો, વ્યાકુળ થતો, ઉછળતો છે, વેગવાન અત્યંત પ્રચંડ ક્ષુબ્ધ જળમાંથી ઉઠતી લહેરોથી વ્યાપ્ત છે. મહામગર–મચ્છ–કાચબા–ઓહમ્–ગ્રાહ–તિમિ–સુંસુમાર–શ્વાપદ જીવોના પરસ્પર ટકરાવાથી તે સમુદ્ર ઘોર–પ્રચૂર છે. જેને જોતા કાયરજનોનું હૃદય કાંપે છે જે અતિ ભયાનક, ભયંકર, પ્રતિક્ષણ ભયોત્પાદક, ઉત્તાસનક, પાર ન દેખાતો, આકાશવત્ નિરાલંબન, ઉત્પતથી ઉત્પન્ન પવનથી પ્રેરિત, ઉપરાઉપરી ઉછળથી લહેરોના વેગથી ચક્ષુપથને આચ્છાદિત કરી દે છે.

સમુદ્રમાં ક્યાંક–ક્યાંક ગંભીર મેઘગર્જના સમાન ગુંજતી, ઘોર ધ્વનિસદૃશ તથા પ્રતિધ્વનિ સમાન ગંભીર, ધક્ધક્ ધ્વનિ સંભળાય છે. જે પ્રતિપથમાં રૂકાવટ કરનાર યક્ષ, રાક્ષસ, કુષ્માંડ, પિશાચ વ્યંતરો દ્વારા ઉત્પન્ન હજારો ઉત્પાદતોથી પરિપૂર્ણ છે. બલિ–હોમ–ધૂપ દઈને કરાતી દેવપૂજા અને લોહી દઈને કરાતી અર્ચનામાં પ્રયત્નશીલ, સામુદ્રિક વ્યાપારમાં નિરત નૌવણિકો દ્વારા સેવિત, જે કલિકાલના અંત સમાન છે, તે દુરંત છે. તે મહાનદીનો અધિપતિ હોવાથી અતિ ભયાનક છે. જેના સેવનમાં ઘણી મુશ્કેલી છે. જેનો પાર પામવો, આશ્રય લેવો કઠિન છે અને ખારા પાણીથી પરિપૂર્ણ હોય છે.

આવા સમુદ્રમાં પારકા દ્રવ્યના અપહારક, ઊંચો કરેલ કાળા અને શ્વેત ધ્વજવાળા, વેગથી ચાલતા, સજ્જિત વહાણો દ્વારા આક્રમણ કરીને, સમુદ્ર મધ્યે જઈને, સામુદ્રિક વ્યાપારના વહાણને નષ્ટ કરી દે છે.

જે મનુષ્યો અનુકંપા શૂન્ય છે, પરલોકની પરવા કરતા નથી, ધનથી સમુદ્ધ એવા ગામ–આકર–નગર–ખેડ–કર્બટ–મડંબ–દ્રોણ મુખ–પાટણ–દ્રોણમુખ–આશ્રમ–નિગમ–જનપદને નષ્ટ કરી દે છે. તે સ્થિરહૃદયી, લજ્જારહિત લોકો માનવોને બંદી બનાવીને કે ગાયોને ગ્રહણ કરે છે. તે દારુણમતિક, કૃપાહીન, પોતાના આત્મીયજનોને હણે છે, ગૃહસંધિ છેદે છે, નિક્ષિપ્તને હરે છે. પારકા દ્રવ્યથી અવિરત એવા તે નિર્ઘૃણમતિ, લોકોના ઘરમાં રાખેલ ધન–ધાન્ય–અન્ય સમૂહોને હરી લે છે.

આ રીતે કેટલાક અદત્તાદાનને ગવષેનારા કાળ–અકાળમાં સંચરતા, સ્મશાનમાં ફરતા ચિતામાં જલતી લોહી આદિ યુક્ત, અડધી બળેલી લાશો પડી છે. લથપથ મૃતકોને ખાઈ, લોહી પીને ફરતી ડાકીનીને કારણે અત્યંત ભયાવહ દેખાય છે. ત્યાં ગીધડો ખીં–ખીં ધ્વનિ કરે છે. ઉલ્લુઓના ઘોર શબ્દો થાય છે. ભયોત્પાદક અને વિદ્રૂપ પિશાચો દ્વારા અટ્ટહાસ્ય કરવાથી અતિશય બિહામણું અને અરમણીય થઈ રહ્યું છે, તે તીવ્ર દુર્ગંધ વ્યાપ્ત અને જુગુપ્સિત હોવાથી ભીષણ લાગે છે.

આવા સ્મશાન સ્થાન સિવાય શૂન્યગૃહ, લયન, અંતરાપણ, ગિરિકંદરા, વિષમ સ્થાન, શ્વાપદ સ્થાનોમાં કલેશ પામે છે. શીત–આતપથી શોષિત શરીર, બળેલ ત્વચા, નરક–તિર્યંચભવરૂપ ગહનવનમાં થનારા નિરંતર દુઃખોની અધિકતા દ્વારા ભોગવવા યોગ્ય પાપકર્મનો સંચય કરે છે. તેમને ભક્ષ્ય અન્ન–પાન દુર્લભ થાય છે. તેઓ ભૂખ–તરસથી ઝૂંઝતા, કલાંત થઈ માંસ, મડદા, કંદમૂળ આદિ જે કંઈ મળે તે ખાઈ લે છે. તેઓ નિરંતર ઉદ્વિગ્ન, ઉત્કંઠિત, અશરણ, અટવી વાસ પામે છે, જ્યાં સેંકડો સર્પો આદિનો ભય રહે છે.

તે અયશકર, તસ્કર, ભયંકર લોકો ગુપ્ત વિચારણા કે મંત્રણા કરતા રહે છે – આજ કોના દ્રવ્યનું અપહરણ કરીએ? તે ઘણા મનુષ્યોના કાર્યમાં વિઘ્નકારી હોય છે, તેઓ મત્ત, પ્રમત્ત, પ્રસુપ્ત, વિશ્વસ્તના છિદ્રઘાતી છે. વ્યસન અને અભ્યુદયમાં હરણબુદ્ધિવાળા, વૃકની જેમ લોહીપિપાસુ થઈ ભટકે છે. તેઓ રાજાની અને રાજ્ય શાસનની મર્યાદાનું અતિક્રમણ કર્તા, સજ્જન જન દ્વારા નિંદિત, પાપકર્મ કરનારા, અશુભપરિણત, દુઃખભાગી, સદા મલિન, દુઃખમય, અશાંતિયુક્ત ચિત્તવાળા, પરકીય દ્રવ્ય હરનારા, આ ભવમાં જ સેંકડો કષ્ટોથી ઘેરાઈને કલશે કલેશ પામે છે.

સૂત્ર–૧૬

આ પ્રમાણે કોઈ પરદ્રવ્યને શોધતા કેટલાક ચોર પકડાઈ જાય છે, તેને મારપીટ થાય છે, બંધનોથી બંધાય છે, કેદ કરાય છે, વેગથી જલદી ઘૂમાવાય છે. નગરમાં આરક્ષકોને સોંપી દેવાય છે. પછી ચોરને પકડનાર, ચાર ભટ,

ચાટુકર–કારાગૃહમાં નાંખી દે છે. કપડાના ચાબૂકના પ્રહારોથી, કઠોર હૃદય આરક્ષકોના તીક્ષ્ણ અને કઠોર વચનો, તર્જના, ગરદન પકડી ધક્કો આપે ઇત્યાદિથી ખિન્ન ચિત્ત થઈ, તે ચોરોને નારકવાસ સમાન કારાગારમાં નાંખી દે છે.

ત્યાં પણ કારાગારના અધિકારીઓ દ્વારા વિવિધ પ્રહારોથી, યાતના, તર્જના, કટુવચન અને ભયોત્પાદક વચનોથી ભયભીત થઈને દુઃખી બની રહે છે. તેના વસ્ત્રો છીનવી લે છે, મેલા–ફાટેલા વસ્ત્રો આપે છે. વારંવાર તે ચોર પાસેથી લાંચ માંગનાર કારાગૃહરક્ષક દ્વારા તે ચોરને દુઃખ ઉત્પન્ન કરવાના હેતુથી વિવિધ બંધને બાંધી દેવાય છે.

તે બંધન કયા છે ?

હડિ, કાષ્ઠમય બેડી, બાલરજ્જુ, કુદંડ, ચર્મરસ્સી, લોઢાની સાંકળ, ચામડાનો પટ્ટો, પગ બાંધવાની રસ્સી, નિષ્કોડન, આ બધા તથા આ પ્રકારના અન્યાન્ય દુઃખ ઉત્પન્ન કરનાર છે. તેમાં તે પાપી, ચોરના શરીરને સંકોચી, વાળીને બાંધી દે છે. કાલકોટડીમાં નાંખીને કમાડ બંધ કરી દે, લોઢાના પીંજરામાં નાંખે, ભોંયરામાં બંધ કરી દે, કૂવામાં ઊતારે, બંદીગૃહના ખીલાથી બાંધી દે, શરીરમાં ખીલા ઠોકે, તેના ખભે યૂપ રાખે, ગાડીના પૈડા સાથે બાંધે, હાથ–જાંઘ–મસ્તકને મજબૂત બાંધી દે છે, ખંભે ચોંટાડી દે, પગ ઉપર અને મસ્તક નીચે રાખી બાંધે. તેની ગરદન નીચી કરી, છાતી અને મસ્તક ખેંચીને બાંધી દે છે, ત્યારે તે ચોરો નિઃશ્વાસ છોડે છે, તેની આંખો ઉપર આવી જાય છે, છાતી ધક્ધક્ કરે છે, તેનું શરીર મરડી નંખાય છે, તેઓ ઠંડા શ્વાસ છોડતા રહે છે.

કારાગૃહ અધિકારી તેનું. મસ્તક બાંધે છે, બંને જંઘાઓ ચીરી નાંખે છે, સાંધાને કાષ્ઠમય યંત્રોથી બાંધે છે, તપાવેલ લોહ શલાકા અને સોયો શરીરમાં ઘૂસાડાય છે. શરીર છોલે છે, ખાર આદિ કટુક અને તીખા પદાર્થ, તેના કોમળ અંગો પર છંટાય છે. આ રીતે સેંકડો પ્રકારે પીડા પહોંચાડાય છે. છાતી ઉપર કાષ્ઠ રાખી દબાવવાથી તેના હાડકા ભાંગી જાય છે, માછલી પકડવાના કાંટા સમાન ઘાતક કાળા લોઢાના દંડા છાતી–પેટ–ગુદા અને પીઠમાં ભોંકવામાં આવે છે. આવી–આવી યાતના પહોંચાડી તેનું હૃદય મથિત કરી, અંગોપાંગ ભાંગી નાંખે છે.

કોઈ–કોઈ વિના અપરાધ વૈરી બનેલ કર્મચારી, યમદૂત સમાન માર–પીટ કરે છે. એ રીતે તે મંદપુન્ય ચોર કારાગૃહમાં થપ્પડ, મુક્કા, ચર્મપટ્ટ, લોહંકુશ, તીક્ષ્ણ શસ્ત્ર, ચાબૂક, લાત, રસ્સી, ચાબૂકોના સેંકડો પ્રહારોથી અંગેઅંગની તાડના દઈને પીડિત કરાય છે. લટકતી ચામડી ઉપર થયેલ ઘાની વેદનાથી તે ઉદાસ થઈ જાય છે. ઘન–કોટ્ટિમ બેડીઓ પહેરાવી રાખવાના કારણે, તેના અંગો સંકોચાઈ જાય છે, વળી જાય છે. તેના મળ–મૂત્ર રોકી દેવાય છે અથવા બોલતો બંધ કરાય છે. આ અને આવી અન્યાન્ય વેદના તે પાપી પામે છે.

જેણે ઇન્દ્રિયો દમી નથી, સ્વયં ઇન્દ્રિયોના દાસ બની ગયા છે. બહુમોહ મોહિત છે, પર–ધનમાં લુબ્ધ છે, સ્પર્શનેન્દ્રિય વિષયમાં તીવ્ર ગૃદ્ધ, સ્ત્રી સંબંધી– રૂપ, શબ્દ, રસ, ગંધમાં ઇષ્ટ રતિ અને ભોગતૃષ્ણાથી વ્યાકુળ બની, ધનમાં જ સંતોષ માને છે. આવા મનુષ્યો પકડાવા છતાં તેઓ પાપકર્મના પરિણામ સમજતા નથી. તે રાજકીંકર વધશાસ્ત્રપાઠક, અન્યાયયુક્ત કર્મકારી, સેંકડો વખત લાંચ લેતા, કૂડ–કપટ–માયા–નિકૃતિ–આચરણ–પ્રણિધિ–વંચન વિશારદ હોય છે.

તે નરકગતિગામી, પરલોકથી વિમુખ, અનેકશત અસત્યને બોલનારા, આવા રાજકીંકરો સમક્ષ ઉપસ્થિત કરાય છે. તેમને પ્રાણદંડની સજા દેવામાં આવે છે. તેઓ જલદી પુરવર, શૃંગાટક–ત્રિક–ચતુષ્ક–ચત્વર–ચતુર્મુખ–મહાપથ–પથમાં લાવીને ચાબૂક, દંડ, લાઠી, લાકડી, ઢેફા, પથ્થર, લાંબાલષ્ટ, પ્રણોલિ. મુક્કા, લતા, લાતો વડે ઘૂંટણ, કોણીથી તેમના અંગ–ભંગ કરી, મથિત કરી દેવાય છે.

અઢાર પ્રકારની ચોરી કરવાના કારણે તેના અંગ–અંગ પીડિત કરી દેવાય છે, તેમની દશા કરુણ, હોઠ–કંઠ–ગળુ–તાળવુ–જીભ સૂકાયેલ, નષ્ટ જીવનાશા, તરસથી પીડાતા, પાણી પણ બીચારાને ન મળે, વધ્ય પુરુષો દ્વારા ઘસેડાતા, ત્યાં અત્યંત કર્કશ ઢોલ વગાડતા, ઘસેડાતા, તીવ્ર ક્રોધથી ભરેલ રાજપુરુષ દ્વારા ફાંસી દેવા માટે દૃઢતાપૂર્વક પકડાયેલા તે અતિ અપમાનિત થાય છે.

તેમને પ્રાણદંડ પ્રાપ્ત મનુષ્ય યોગ્ય બે વસ્ત્ર પહેરાવે છે. લાલ કણેરની માળા પહેરાવે છે, જે વધ્યદૂત સમાન લાગે છે. મરણભયથી તેના શરીરે પરસેવો છૂટે છે, તેનાથી બધા અંગો ભીંજાઈ જાય છે. દુર્વર્ણ ચૂર્ણ વડે તેનું શરીર લેપે છે, હવાથી ઊડેલ ધૂળ વડે તેના વાળ રૂક્ષ અને ધૂળીયા થઈ જાય છે. મસ્તકના વાળ કુસુંભિત કરી દેવાય છે, જીવિતાશા નષ્ટ થાય છે, અતિ ભયભીત થવાથી તે ડગમગતા ચાલે છે. વધકોથી ભયભીત રહે છે.

તેના શરીરના નાના-નાના ટૂકડા કરી દેવાય છે. તેના શરીરમાંથી કાપેલ અને લોહી લિપ્ત માંસના ટૂકડા તેને ખવડાવાય છે. કઠોર-કર્કશ પથ્થરથી તેનું તાડન કરાય છે. આ ભયાવહ દશ્ય જોવા ઉત્કંઠિત નર-નારીની ભીડથી તેઓ ઘેરાઈ જાય છે.

નગરજન તેને મૃત્યુદંડ પ્રાપ્ત વસ્ત્રોમાં જુએ છે. નગરની મધ્યેથી લઈ જવાતા તે અત્રાણ, અશરણ, અનાથ, અબાંધવ, બંધુવિહિન તે આમ-તેમ દિશા-વિદિશામાં જુએ છે. તે મરણભયથી ઉદ્વિગ્ન થાય છે. તેમને વધસ્થળે પહોંચાડી દેવાય છે તે અધન્યોને શૂળી ઉપર ચડાવી દેવાય છે, જેનાથી તેનું શરીર ભેદાઈ જાય છે.

વધ્યભૂમિમાં તેના અંગ-પ્રત્યંગ કાપી નંખાય છે, વૃક્ષની શાખાએ ટાંગી દેવાય છે. ચતુરંગ ઘણિયબદ્ધ, પર્વતની ચોટીથી ફેંકી દેવાય છે, ઊંચેથી ફેંકાતા ઘણા વિષમ પથ્થરો સહે છે. કોઈકને હાથીના પગ નીચે કચળી મસળી દેવાય છે. તે પાપકારીનો અઢાર સ્થાને ખંડિત કરાય છે. કેટલાકના નાક-કાન-ઓઠ કાપી નાંખે છે, નેત્ર-દાંત-વૃષણ ઉખાડી લે છે. જીભ ભેદી નાંખે છે, કાન અને શિરા કાપી લેવાય છે, વધ્યભૂમિમાં લાવી તલવારથી કાપી નાંખે છે. કોઈકના હાથ-પગ છેદીને નિર્વાસિત કરાય છે. કોઈકને આજીવન કારાગારમાં રખાય છે. પરદ્રવ્ય હરણ લુબ્ધ કેટલાકને કારાગૃહમાં બેડીમાં બાંધીને કારાગારમાં બંદી બનાવી, ધન છીનવી લેવાય છે.

તે ચોર. સ્વજનો દ્વારા તજાય છે, મિત્રજન રક્ષા કરતા નથી, તે નિરાશ, બહુજનના ધિક્કાર શબ્દોથી લજ્જિત, તે નિર્લજ્જ, નિરંતર ભૂખ્યા રહે છે. તે અપરાધી શીત, ઉષ્ણ, તૃષ્ણાની વેદનાથી ચીસો પાડે છે. તે વિવર્ણમુખ, કાંતિહીન, સદા વિહ્વળ, અતિ દુર્બળ, કલાંત, ખાસતા, વ્યાધિ વડે ગ્રસ્ત રહે છે. તેના નખ, વાળ, દાઢી-મૂંછ, રોમ વધી જાય છે. તેઓ કારાગારમાં પોતાના જ મળ-મૂત્રમાં લિપ્ત રહે છે.

આવી દુસ્સહ વેદના ભોગવતા, તે મરવાની ઈચ્છા ન હોવા છતાં મરી જાય છે. તેમના મડદાના પગમાં દોરડી બાંધી, બહાર કાઢીને ખાડામાં ફેંકી દેવાય છે. ત્યાં રીંછ, કૂતરા, શિયાળ, શૂકર તથા સંડાસી જેવા મુખવાળા પક્ષી પોતાના મુખથી તેના મૃતકને ચૂંથી નાંખે છે. કેટલાક મૃતકને પક્ષી ખાઈ જાય છે. કેટલાકના મડદામાં કીડા પડે છે, તેના શરીર સડી જાય છે, પછી પણ અનિષ્ટ વચનોથી તેની નિંદા કરાય છે, ધિક્કારાય છે – "સારું થયું તે પાપી મરી ગય." તેના મૃત્યુથી સંતુષ્ટ લોકો તેની નિંદા કરે છે.

આ રીતે તે ચોર, મોત પછી પણ દીર્ઘકાળ સુધી, પોતાના સ્વજનોને લજ્જિત કરતો રહે છે.

તે પરલોક પ્રાપ્ત થઈ નરકે જાય છે. તે નરક નિરભિરામ(સુંદરતા રહિત) છે, આગથી બળતા ઘર સમાન, અતિ શીત વેદના-યુક્ત, અસાતા વેદનીયની ઉદીરણાને કારણે સેંકડો દુઃખોથી વ્યાપ્ત હોય છે.

નરકથી ઉદ્વર્તીને તે તિર્યંચયોનિમાં જન્મે છે. ત્યાં પણ તે નરક જેવી અશાતા વેદના અનુભવે છે. તે તિર્યંચયોનિમાં અનંતકાળ ભટકે છે. અનેકવાર નરકગતિ અને લાખો વાર તિર્યંચગતિમાં જન્મ-મરણ કરતા, જો મનુષ્યભવ પામી જાય તો પણ નીચકુળમાં ઉત્પન્ન અને અનાર્ય થાય છે.

કદાચ આર્યકુળમાં જન્મ થાય, તો પણ ત્યાં લોકો દ્વારા બહીષ્કૃત થાય છે. પશુ જેવું જીવન જીવે છે, અકુશલ, અત્યધિક કામભોગોની તૃષ્ણાવાળા, નરકભવમાં ઉત્પન્ન થવાથી કુસંસ્કારોને કારણે પાપકર્મ કરવાની પ્રવૃત્તિવાળા હોય છે. તેથી સંસારના આવર્ત્તમૂલ કર્મો બાંધે છે. તેઓ ધર્મશ્રુતિ વર્જિત, અનાર્ય, ક્રૂર, મિથ્યાત્વશ્રુતિપ્રપન્ન, એકાંતે હિંસામાં રૂચિવાળા, કોશિકા કીડા સમાન અષ્ટકર્મરૂપ તંતુથી ઘન બંધન વડે પોતાની આત્માને પ્રગાઢ બંધનોથી બાંધી લે છે.

એ પ્રમાણે નરક, તિર્યંચ, મનુષ્ય, દેવગતિમાં વારંવાર ગમન કરવું તે સંસાર સાગરની બાહ્ય પરિધિ છે. જન્મ–જરા–મરણને કારણે થનાર ગંભીર દુઃખ જ સંસારસાગરનું ક્ષુબ્ધ જળ છે. સંયોગ અને વિયોગરૂપી તરંગો, સતત ચિંતા જ તેનો વિસ્તાર છે. વધ અને બંધન રૂપ તેનાવિસ્તીર્ણ તરંગ છે, કરુણવિલાપ તથા લોભ કલકલ ધ્વનિની પ્રચૂરતા છે અને અપમાનરૂપી ફીણથી તે યુક્ત છે.

તીવ્ર નિંદા, પુનઃ પુનઃ ઉત્પન્ન થનાર રોગ, વેદના, તિરસ્કાર, પરાભવ, અધઃપતન, કઠોરતા જેને કારણે પ્રાપ્ત થાય છે. આવા કઠોર કર્મોરૂપ પાષાણથી ઉઠેલી તરંગ સમાન ચંચળ છે. સદૈવ મૃત્યુભય, તે સંસાર–સમુદ્રના જળનું તળ છે. તે કષાયરૂપી પાતાળ કળશોથી વ્યાપ્ત છે, લાખો ભવરૂપી પરંપરા તે વિશાળ જલરાશિ, અનંત, ઉદ્વેગજનક, અનોર–અપાર, મહાભય, ભયંકર, પ્રતિભય, અપરિમિત મહેચ્છાથી કલુષમતિ વાયુવેગથી ઉત્પન્ન તથા આશા પિપાસા રૂપ પાતાળ, કામરતિ–રાગદ્વેષ બંધન, બહુવિધ સંકલ્પ, વિપુલ ઉદકરજ જન્ય અંધકાર, મોહમહાવર્ત્ત, ભોગરૂપી ચક્કર કાપતા, વ્યાકુળ થઈ ઉછળી રહેલ છે અને નીચે પડી રહેલ છે.

આ સંસારસાગરમા અહીં–તહીં દોડતા, વ્યસનગ્રસ્ત પ્રાણીના રુદનરૂપી પ્રચંડ પવનથી પરસ્પર ટકરાતી અમનોજ્ઞ લહેરોથી વ્યાકુળ તથા તરંગોથી ફૂટતા અને ચંચળ કલ્લોલથી વ્યાપ્ત જળ છે. તે પ્રમાદરૂપી અતિ પ્રચંડ અને દુષ્ટ શ્વાપદથી સતાવાયેલ અને અહીં–તહીં ફરતા પ્રાણીસમૂહના વિધ્વંસ કરનારા અનર્થોથી પરિપૂર્ણ છે. તેમાં અજ્ઞાનરૂપી મત્સ્યો ભમે છે. અનુપશાંત ઈન્દ્રિયોવાળા જીવરૂપ મહામગરોની નવી–નવી ઉત્પન્ન થનારી ચેષ્ટાથી તે અતિ ક્ષુબ્ધ થઈ રહ્યો છે. તેમાં સંતાપ–સમૂહ વિદ્યમાન છે. એવા પ્રાણીના પૂર્વસંચિત અને પાપકર્મના ઉદયથી પ્રાપ્ત થનાર તથા ભોગાવનાર ફળરૂપી ઘૂમતો જળસમૂહ છે. જે વીજળી સમાન અતિ ચંચળ છે. તે ત્રાણ અને શરણ રહિત છે. આ પ્રકારે સંસારમાં પોતાના પાપકર્મોના ફળને ભોગવવાથી કોઈ બચી શકતુ નથી.

સંસારસાગરમાં ઋદ્ધિ–રસ–સાતા–ગૌરવરૂપી જલજંતુ વિશેષથી ભરેલો છે. જ્ઞાનાવરણીય આદિ કર્મબંધથી જકડાયેલ પ્રાણી તેમાં સપડાઈ જાય છે. પૂર્વકૃત કર્મો દ્વારા દોરડાથી બાંધેલ કાષ્ઠની જેમ તે પ્રાણીઓ નરકરૂપ પાતાલ–તલની સંમુખ પહોંચે છે, નરાકાભિમુખ થવાના કારણે તે પ્રાણીઓ ખિન્ન અને શોક યુક્તથાય છે.

અરતિ, રતિ, ભય, વિષાદ, શોક, મિથ્યાત્વરૂપી પર્વતોથી વ્યાપ્ત, અનાદિ સંતાન કર્મબંધનરૂપ કલેશ કીચડથી તે સંસારસાગર સુદુરુત્તાર છે. દેવ–નરક–તિર્યંચ –મનુષ્ય ગતિનું પરિભ્રમણ તે સમુદ્રની ભરતી છે. ગમન કુટિલ પરિવર્તનયુક્ત વિપુલ વેળા આવતી રહે છે. હિંસા–અસત્ય–અદત્તાદાન–મૈથુન–પરિગ્રહ રૂપ આરંભ કરણ–કરાવણ–અનુમોદનથી અષ્ટવિધ અનિષ્ટ કર્મોના ગુરુતર ભારથી દબાયેલ તથા વ્યસનરૂપી જલપ્રવાહ દ્વારા દૂર ફેંકાયેલ પ્રાણીઓ માટે આ સંસાર–સાગરના તળને પામવું અત્યંત કઠિન છે.

આ સંસાર સાગરમાં પ્રાણી શારીરિક–માનસિક દુઃખોને અનુભવે છે. તેમાં ઉત્પન્ન થનાર સાતા–અસાતારૂપ જળ પરિતાપમય રહે છે. તે ઉપર ઉઠવા કે નીચે ડૂબવાનો પ્રયત્ન કરતા રહે છે. આ ચાતુરંત–મહાંત–અનંત રૂદ્ર સંસારસાગરમાં અસ્થિત, અનાલંબન, અપ્રતિષ્ઠાન, અપ્રમેય છે, ૮૪–લાખ જીવયોનિથી વ્યાપ્ત, અનાલોક–અંધકાર રહે છે, આ અંધકાર, અનંતકાલ સ્થાયી છે. આ સંસાર ઉદ્વેગ પ્રાપ્ત પ્રાણીનું નિવાસસ્થાન છે. આ સંસારમાં પાપ–કર્મકારી પ્રાણી–જ્યાંનું આયુ બાંધે છે, ત્યાં જ તે બંધુજન, સ્વજન, મિત્રજન વડે પરિવર્જિત થાય છે. તે બધા માટે અનિષ્ટ હોય છે. તેઓ અનાદેય, દુર્વિનિત, કુસ્થાન–કુઆસન–કુશય્યા–કુભોજન પામે છે. અશુચિમાં રહે છે. તેઓ કુસંઘયણી, કુપ્રમાણ, કુસંસ્થિત, કુરૂપ હોય છે.

તેઓમાં ઘણા ક્રોધ–માન–માયા–લોભ અને ઘણો મોહ હોય છે. તેઓ ધર્મસંજ્ઞા અને સમ્યક્ત્વથી રહિત હોય છે. તેઓ દારિદ્ર–ઉપદ્રવથી અભિભૂત હોય છે. સદા પરાધીનપણે કાર્ય કરે છે, જીવનાર્થ રહિત, કૃપણ, પરપિંડની તાકમાં રહેલા, દુઃખથી આહાર પામનારા, અરસ–વિરસ–તુચ્છ ભોજનથી પેટ ભરતા રહે છે. બીજાનો વૈભવ, સત્કાર–સન્માન–ભોજન–વસ્ત્રાદિ સમુદય જોઈને તે પોતાની નિંદા કરે છે. પોતાના ભાગ્ય ઉપર રડે છે.

આ ભવ કે પૂર્વભવમાં કરેલા પાપકર્મોની નિંદા કરે છે. ઉદાસ મનવાળા થઈ, શોકની આગમાં બળતા તે તિરસ્કૃત થાય છે. તેઓ સત્ત્વહીન, ક્ષોભગ્રસ્ત, શિલ્પકળા–વિદ્યા–સિદ્ધાંત શાસ્ત્રના જ્ઞાનથી રહિત હોય છે. યથાજાત પશુરૂપ, જડબુદ્ધિ, સદા નીચકર્મથી આજીવિકા ચલાવનાર, લોક નિંદિત, અસફળ મનોરથવાળા, ઘણું કરીને નિરાશ રહેતા હોય છે.

અદત્તાદાન કરનારા, આશાના પાસામાં બંધાયેલા રહે છે, લોકમાં સારરૂપ મનાતા અર્થોપાર્જન અને કામભોગ ના સુખમાં તેઓ નિષ્ફળતાવાળા હોય છે. સારી રીતે ઉદ્યમવંત હોવા છતાં તેમને પ્રતિદિન ઘણી મુશ્કેલીથી અહીં–તહીં વિખરાયેલ ભોજન જ માંડ મેળવે છે, તે પણ પ્રક્ષીણ દ્રવ્યસાર હોય છે. અસ્થિર ધન, ધાન્ય, કોશના પરિભોગથી તેઓ સદા વંચિત રહે છે. કામભોગના ભોગોપભોગને પોતાને આધીન બનવવાના પ્રયત્નમાં તત્પર રહેતા તે બિચારા અનિચ્છાએ પણ કેવળ દુઃખના ભાગી થાય છે. તેમને સુખ કે શાંતિ મળતા નથી. આ રીતે પર દ્રવ્યથી અવિરત એવા તેઓ અત્યંત વિપુલ સેંકડો દુઃખોની આગમાં સળગે છે.

આ તે અદત્તાદાનનો ફળવિપાક આ લોકમાં અને પરલોકમાં અલ્પસુખ, ઘણું દુઃખ, બહુરત, પ્રગાઢ, દારુણ, કર્કશ, અસાતાવાળો, હજારો વર્ષે છૂટાય તેવો છે. તેને વેદ્ય વિના મુક્ત થવાતુ નથી.

આ પ્રમાણે જ્ઞાતકુલનંદન, મહાત્મા, જિન, વીરવર નામધેય અદત્તાદાનના ફળવિપાકને કહે છે. આ ત્રીજું–અદત્તાદાન પરધન–હરણ, દહન, મરણ, ભય, મલિનતા, ત્રાસ, રૌદ્રધ્યાન અને લોભનું મૂળ છે. તેમજ યાવત્ ચિરપરિગત–અનુગત–દુરંત છે તેમ હું કહું છું.

**આશ્રવદ્વાર અધ્યયન-૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## આશ્રવદ્વાર, અધ્યયન–૪ 'અબ્રહ્મ'

સૂત્ર–૧૭

હે જંબૂ ! ચોથું આસ્રવ દ્વાર અબ્રહ્મચર્ય છે. આ અબ્રહ્મચર્ય દેવ–મનુષ્ય–અસુર લોક દ્વારા પ્રાર્થનીય છે. તે પ્રાણીને ફસાવનાર કાદવના જાળા સમાન છે. સ્ત્રી–પુરુષ–નપુંસક વેદના ચિહ્નવાળું, તપ–સંયમ–બ્રહ્મચર્યમાં વિઘ્નરૂપ છે, સમ્યક્ચારિત્રનું વિનાશક અને ઘણા પ્રમાદનું મૂળ છે, કાયર–કાપુરુષ દ્વારા સેવિત, સજ્જન લોકો દ્વારા વર્જનીય, ઉર્ધ્વ–નરક–તિર્યંચ એ ત્રણે લોકમાં પ્રતિષ્ઠાન યુક્ત છે, તે જરા–મરણ–રોગ–શોકની બહુલતાવાળું છે, વધ, બંધ અને શોકમાં દુર્વિઘાત છે(તેનો અંત આવતો નથી), દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીયના હેતુભૂત છે, ચિરપરિચિત છે. અનુગતછે. દુઃખે કરીને અંત પામે તેવું આ ચોથું અધર્મદ્વાર છે.

સૂત્ર–૧૮

અબ્રહ્મચર્યના ગુણસંપન્ન આ ત્રીસ નામો છે. તે આ પ્રમાણે – અબ્રહ્મ, મૈથુન, ચરંત, સંસર્ગી, સેવનાધિકાર, સંકલ્પ, બાધનાપદ, દર્પ, મોહ, મનઃસંક્ષોભ, અનિગ્રહ, વ્યુદ્ગ્રહ, વિઘાત, વિભંગ, વિભ્રમ, અધર્મ, અશીલતા, ગ્રામધર્મતૃપ્તિ, રતિ, રાગચિંતા, કામભોગ માર, વૈર, રહસ્ય, ગુહ્ય, બહુમાન, બ્રહ્મચર્યવિઘ્ન, વ્યાપત્તિ, વિરાધના, પ્રસંગ અને કામગુણ. અબ્રહ્મના આ ત્રીસ નામ અબ્રહ્મના છે.

સૂત્ર–૧૯ અધૂરું....

આ અબ્રહ્મને અપ્સરાઓ, દેવાંગનાઓ સહિત સુરગણ પણ સેવે છે. કયા દેવો તે સેવે છે?.

મોહથી મોહિત મતિવાળા, અસુર, નાગ, ગરુડ, સુવર્ણ, વિદ્યુત, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિશિ, વાયુ, સ્તનિતકુમાર દેવો અબ્રહ્મનું સેવન કરે છે. અણપન્ની, પણપન્ની, ઋષિવાદિક, ભૂતવાદિક, ક્રંદિત, મહાક્રંદિત, કૂષ્માંડ અને પતંગદેવો તથા પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ; એ સર્વે વ્યંતર દેવો અબ્રહ્મનું સેવન કરે છે. તિર્છાલોકમાં જ્યોતિષ્ક વિમાનવાસી દેવો તદુપરાંત મનુષ્યગણ, જલચર–સ્થલચર–ખેચર પંચેન્દ્રિય તિર્યંચ અબ્રહ્મનું સેવન કરે છે.

તથા મોહપ્રતિબદ્ધ ચિત્તવાળા, અતૃપ્ત કામભોગતૃષ્ણાવાળા, બલવતી–મહતી–સમભિભૂત તૃષ્ણાવાળા, વિષયમાં ગૃદ્ધ, અતિમૂર્ચ્છિત, અબ્રહ્મરૂપ કીચડમાં ફસાયેલ, તામસભાવથી અમુક્ત, એવા અન્યોન્યને સેવતા, પોતાના આત્માને દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીયના પીંજરામાં નાંખે છે.

વળી અસુર, સુર, તિર્યંચ, મનુષ્ય સંબંધી ભોગોમાં રતિપૂર્વક વિહાર કરતા વિવિધ કામક્રીડામાં પ્રવૃત્ત, દેવો, ઈન્દ્રો અને રાજાઓ વડે સન્માનિત અને દેવલોકના દેવો સદૃશ ભોગી, ચક્રવર્તી પણ કામભોગથી તૃપ્ત થયા નથી,

ભરતક્ષેત્રમાં હજારો પર્વત, નગર, નિગમ, જનપદ, પુરવર, દ્રોણમુખ, ખેડ, કર્બટ, મડંબ, સંબાધ, પટ્ટણથી મંડિત, સ્થિર લોકોના નિવાસવાળી, એકછત્ર, સમુદ્ર પર્યન્ત પૃથ્વીનો ઉપભોગ કરનારા નરસીહ–નરપતિ–નરેન્દ્ર, નરવૃષભ, મરુભૂમિના વૃષભ સમાન, અત્યધિક રાજતેજ લક્ષ્મીથી દેદીપ્યમાન છે. જે સૌમ્ય અને નિરોગી છે, રાજવંશમાં તિલક સમાન છે. જે સૂર્ય, ચંદ્ર, શંખ, ચક્ર, સ્વસ્તિક, પતાકા, જવ, મત્સ્ય, કાચબો, ઉત્તમ રથ, ભગ, ભવન, વિમાન, અશ્વ, તોરણ, નગરદ્વાર, મણિ, રત્ન, નંદ્યાવર્ત, મૂસલ, હળ, સુંદર કલ્પવૃક્ષ, સિંહ, ભદ્રાસન, સુરુચિ, સ્તૂપ, સુંદર મુગટ, મુક્તાવલી હાર, કુંડલ, હાથી, ઉત્તમ બળદ, દ્વીપ, મેરુ પર્વત, ગરુડ, ધ્વજા, ઈન્દ્રકેતુ, દર્પણ, અષ્ટાપદ, ધનુષ, બાણ, નક્ષત્ર, મેઘ, મેખલા, વીણા, ગાડીનું યૂપ, છત્ર, માળા, દામિની, કમંડલ, કમલ, ઘંટા, ઉત્તમ જહાજ, સોય, સાગર, કુમુદવન, મગર, હાર, ગાગર, નૂપુર, પર્વત, નગર, વજ્ર, કિંનર, મયૂર, ઉત્તમ રાજહંસ, સારસ, ચકોર, ચક્રવાલ–યુગલ, ચામર, ઢાલ, પર્વીષક ઉત્તમ પંખો, લક્ષ્મીનો અભિષેક, પૃથ્વી, તલવાર, અંકુશ, નિર્મળ કળશ, ભૃંગાર અને વર્ધમાનક આ બધા શ્રેષ્ઠ પુરુષોના ઉત્તમ અને પ્રશસ્ત લક્ષણને ચક્રવર્તી ધારણ કરે છે.

૩૨,૦૦૦ શ્રેષ્ઠ રાજા તેમને અનુસરે છે. ૬૪,૦૦૦ શ્રેષ્ઠ યુવતિના નયનને પ્રિય, રક્ત આભાયુક્ત,

પદ્મપક્ષ્મ–કોરંટક માળા–ચંપક–સુવર્ણની કસોટી ઉપર ખેંચેલી રેખા સમાન ગૌરવર્ણી, સુજાત સર્વાંગ સુંદરંગવાળા, મહાર્ઘ–ઉત્તમ–પટ્ટણમાં બનેલ, વિવિધ રંગોની હરણી તથા ખાસ જાતિની હરણીના ચર્મ સમાન કોમળ વલ્કલ તથા ચીની અને રેશમી વસ્ત્રો તથા કટિબદ્ધથી તેમનું શરીર શોભે છે.

તેમના મસ્તક ઉત્તમ સુગંધ, સુંદર ચૂર્ણની ગંધ, ઉત્તમ પુષ્પોથી યુક્ત હોય છે. કુશલ કલાચાર્ય દ્વારા નિપુણતાથી બનાવેલ સુખકર માળા, કડા, અંગદ, તુટિક, ઉત્તમ આભૂષણોને શરીરે ધારણ કરે છે. એકાવલી હારથી શોભિત કંઠ, લાંબી–લટકતી ધોતી અને ઉત્તરીય વસ્ત્ર, વીંટી વડે પીળી દેખાતી આંગળી, ઉજ્જ્વળ અને સુખપ્રદ વેશથી અતિ શોભતા, તેજસ્વીતાથી સૂર્ય સમાન દીપ્ત હતા. તેમનો અવાજ શરદઋતુના નવા મેઘના ધ્વનિ જેવો ગંભીર અને સ્નિગ્ધ હોય છે.

તેમને ત્યાં પ્રધાન ચક્રરત્નથી યુક્ત ૧૪–રત્નો ઉત્પન્ન થાય છે. નવનિધિપતિ, સમૃદ્ધ કોશયુક્ત, ચાતુરંત ચતુરંગ સેના, તેમના માર્ગનું અનુસરણ કરે છે, તે અશ્વ–હાથી–રથ–મનુષ્યોના અધિપતિ હોય છે. ઊંચા કુળવાળા, વિશ્રુત યશવાળા, શરદઋતુના ચંદ્ર સમાન મુખવાળા, શૂરવીર, ત્રણે લોકમાં ફેલાયેલ પ્રભાવવાળા, લબ્ધ શબ્દા, સંપૂર્ણ ભરતક્ષેત્રના અધિપતિ, નરેન્દ્ર છે. પર્વત–વન–કાનન સહિત ઉત્તરમાં હિમવંત વર્ષધર પર્વત અને બાકી ત્રણ દિશાઓમાં સાગર પર્યન્ત, ભરતક્ષેત્રને ભોગવતા, જિતશત્રુ, પ્રવરરાજસિંહ, પૂર્વકૃત્ તપ પ્રભાવવાળા, નિર્વિષ્ટ સંચિત સુખવાળા, અનેક શત વર્ષની આયુવાળા, જનપદ પ્રધાન ભાર્યા સાથે વિલાસ કરતા અતુલ્ય શબ્દ–સ્પર્શ–રસ–ગંધ–રૂપને અનુભવતા હોય છે, તો પણ તે કામભોગોથી અતૃપ્ત રહીને મરણને પામે છે.

**સૂત્ર–૧૯ અધૂરેથી....**

વળી બલદેવ, વાસુદેવ જેવા પ્રવર પુરુષો, મહાબળ અને પરાક્રમવાળા, મોટા ધનુષને ચડાવનારા, મહાસત્ત્વના સાગર, દુર્ધર, ધનુર્ધર, નરવૃષભ, રામ અને કેશવ ભાઈઓ વિશાળ પરિવારયુક્ત હોય છે. વસુદેવ, સમુદ્રવિજયાદિ દશાર્હ, પ્રદ્યુમ્ન–પ્રતીવ–શાંબ–અનિરુદ્ધ–નિષધ–ઉલ્મુક–સારણ–ગજ–સુમુખ–દુર્મુખ આદિ યાદવો અને સાડા ત્રણ કરોડ કુમારોના હૃદયને પ્રિય હોય છે. તેઓ રોહણી અને દેવકી દેવીના હૃદયમાં આનંદ ઉત્પન્ન કરનારા છે, ૧૬,૦૦૦ રાજા તેને અનુસરે છે. ૧૬,૦૦૦ સુનયના રાણીના હૃદય વલ્લભ હોય છે.

તેમના ભંડાર વિવિધ મણી, સ્વર્ણ, રત્ન, મોતી, મૂંગા, ધન, ધાન્યના સંચયરૂપ ઋદ્ધિથી ભરપૂર રહે છે. હજારો હાથી, ઘોડા, રથના અધિપતિ છે. હજારો ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંવાહમાં સ્વસ્થ, સ્થિર, શાંત, પ્રમુદિત લોકો નિવાસ કરે છે, ત્યાં વિવિધ ધાન્ય ઉપજાવનાર ભૂમિ, મોટા સરોવર, નદી, નાના તળાવ, પર્વત, વન, આરામ, ઉદ્યાન હોય છે. તેઓ દક્ષિણ વૈતાઢ્ય ગિરિથી વિભક્ત, લવણસમુદ્ર પરિગત, છ પ્રકારના કાલગુણકામ યુક્ત અર્ધભરતના સ્વામી હોય છે.

આ બળદેવ, વાસુદેવ. ધીર, કીર્તિવાળા પુરુષો છે તેઓ ઓઘબલી, અતિબલી, અનિહત, અપરાજિત શત્રુમર્દન રિપુસહસ્રનું મથન કરનારા, દયાળુ, અમત્સરી, અચપલ, અચંડ, મિત–મંજુલભાષી, હસિત–ગંભીર–મધુર વચની, અભ્યુદ્–ગત વત્સલ, શરણ્ય, લક્ષણ–વ્યંજન–ગુણોથી યુક્ત, માન–ઉન્માન–પ્રમાણ પ્રતિપૂર્ણ, સુજાત, સર્વાંગ સુંદર શરીરી, શશિ સૌમ્યાકાર કાંતપ્રિયદર્શની, અપરાધને સહન ન કરનારા, પ્રચંડ દંડ પ્રચારી, ગંભીર દર્શનવાળા હોય છે.

બળદેવની ઊંચી ધ્વજા તાડવૃક્ષના ચિહ્નથી અને વાસુદેવની ધ્વજા ગરુડથી અંકિત હોય છે. ગર્જતા દર્પિત મુષ્ટિક ચાણૂર મૂરગ, રિષ્ટ વૃષભઘાતી, કેશરી સિંહના મુખને ફાડનારા, દર્પનાગના દર્પનું મથન કરનાર, યમલ અર્જુનના ભંજક, મહાશકુની અને પુતનાના શત્રુ, કંસના મુગટનો ભાંગનારા, જરાસંધના માનનું મથન કરનારા છે. સઘન, એકસરખી, ઊંચી શલાકાથી નિર્મિત તથા ચંદ્રમંડલની સમાન પ્રભાવવાળા, સૂર્યકિરણ રૂપી કવચને વિખેરનારા, અનેક પ્રતિદંડયુક્ત છત્રોને ધારણ કરવાથી ઘણા શોભે છે.

તેમના બંને પડખે ઢોળાતા ચામરોથી સુખદ, શીતળ પવન વાય છે. જે ચામર પ્રવર ગિરિકૂહરમાં વિહરતી ગાયોથી પ્રાપ્ત થાય છે. નીરોગી ચમરી ગાયનો પૂંછમાં ઉત્પન્ન થયેલ, અમ્લાન, શ્વેત કમળ, વિમુકુલ–ઉજ્જ્વળ–રજતગિરિ નું શિખર, વિમલ ચંદ્ર કિરણ સદશ અને ચાંદી સમાન નિર્મળ હોય છે. પવન વડે આહત, ચપળ, ચલિત, સલલિત, પુનર્નિત લહેરોનો પ્રસાર તથા સુંદર ક્ષીરસાગરના સલિલપ્રવાહ સમાન ચંચળ હોય છે. માનસરોવરના વિસ્તારમાં પરિચિત આવાસવાળી, શ્વેત વર્ણવાળી, સ્વર્ગગિરિ ઉપર સ્થિત, ઉપર–નીચે ગમન કરનાર અન્ય ચંચળ વસ્તુને માત કરનાર વેગથી યુક્ત હંસીની સમાન હોય છે. વિવિધ મણી તથા તપનીય સ્વર્ણના બનેલ વિચિત્ર દંડવાળા, લાલિત્યયુક્ત અને નરપતિની લક્ષ્મીના અભ્યુદયને પ્રકાશિત કરે છે. ઉત્તમ પટ્ટણોમાં નિર્મિત, સમૃદ્ધ રાજકૂળ વડે સેવિત, કાળો અગરુ–પ્રવર કુંદુરુષ્ક–તુરુષ્કની ધૂપથી ઉત્પન્ન સુગંધ સમૂહથી સુગંધિત હોય છે. આવા ચામર બંનેના પડખામાં વીંઝાય છે. જેનાથી સુખપદ તથા શીતળ પવન પસાર થાય છે.

તે બલદેવ અને વાસુદેવ અપરાજિત હોય છે, અજિત રથવાળા, હલ, મુસલ અને બાણધારી, શંખ, ચક્ર, ગદાશક્તિ નંદગધારી, અતિ ઉજ્જ્વળ સુનિર્મિત કૌસ્તુભમણિ અને મુગટધારી, કુંડલથી પ્રકાશિત મુખમંડળવાળા, પુંડરીક નયના, એકાવલીથી શોભિત કંઠ, વક્ષઃસ્થળવાળા, શ્રીવત્સ સુલક્ષણા હોય છે. તેઓ ઉત્તમ યશસ્વી હોય છે. સર્વઋતુક સુરભિ કુસુમથી ગ્રથિત લાંબી, શોભાયુક્ત, વિકસિત વનમાળાથી તેમનું વક્ષઃસ્થળ શોભે છે. તેમના અંગોપાંગ ૧૦૮ માંગલિક અને સુંદર લક્ષણોથી સુશોભિત છે. તેમની ગતિ મત્ત ઉત્તમ હાથીની ગતિ સમાન લલિત અને વિલાસમય હોય છે.

તેમની કમર કટીસૂત્રથી શોભિત હોય છે. તેઓનીલા પીળા વસ્ત્રધારી છે, પ્રવર દીપ્ત તેજવાળા, શારદીય–નવ–સ્તનિત–મધુર–ગંભીર–સ્નિગ્ધ ઘોષવાળા, નરસિંહ, સિંહવિક્રમ ગતિ, મોટા રાજસિંહને સમાપ્ત કરી દેનાર, સૌમ્ય હોય છે. દ્વારવતીના પૂર્ણ ચંદ્રમા છે. પૂર્વકૃત્ તપના પ્રભાવવાળા નિર્વિષ્ટ સંચિત સુખવાળા, અનેકશત વર્ષના આયુવાળા, વિવિધ જનપદની ઉત્તમ કન્યાઓને પત્નીરૂપે પામી વિલાસ કરતા, અતુલ્ય શબ્દ–સ્પર્શ–રસ–ગંધને અનુભવતા હોય છે, તો પણપણ તેઓ કામભોગોથી તૃપ્ત થયા વિના મૃત્યુ ધર્મને પામે છે.

સૂત્ર–૧૯ અધૂરેથી....

વળી નરવરેન્દ્ર માંડલિક રાજા પણ સૈન્યબળ, અંતઃપુર, પર્ષદા સહિત હોય છે. પુરોહિત–અમાત્ય–દંડનાયક–સેનાપતિ –મંત્ર નીતિકુશલ સહિત હોય છે. તેમના કોશો વિવિધ મણિ–રત્ન, વિપુલ ધન–ધાન્યના સંચય અને નિધિથી સમૃદ્ધ હોય છે, તે વિપુલ રાજ્યશ્રીને અનુભવતા, શત્રુ પર આક્રોશ કરતા, સૈન્ય વડે મત્ત હોય છે, તેઓ પણ કામ–ભોગથી તૃપ્ત ન થઈને મરણધર્મને પામે છે.

વળી ઉત્તરકુરુ–દેવકુરુના વન અને વિવરોમાં પગે ચાલનારો મનુષ્યગણ ઉત્તમભોગી, ભોગલક્ષણધારી, ભોગલક્ષ્મી થી યુક્ત, પ્રશસ્ત–સૌમ્ય–પ્રતિપૂર્ણ દર્શનીયા, સુજાત સર્વાંગસુંદર શરીરી, રાતા કમળના પત્રો માફક કાંત હાથ–પગના કોમળ તલવાળા, સુપ્રતિષ્ઠિત કૂર્મચારુ ચરણયુક્ત, અનુક્રમે સુસંહત આંગળીવાળા, ઉન્નત–પાતળા–તામ્ર–સ્નિગ્ધ નખોવાળા, સંસ્થિત–સુશ્લિષ્ટ–ગૂઢ–ગુલ્ફવાળા, હરણ–કુરુવિંદ–વૃત્ત સમાન ક્રમશઃ વર્તુળ જંઘાવાળા, ડબ્બો અને ઢાંકણની સંધિ માફક ગૂઢ ઘૂંટણવાળા, ઉન્મત્ત હાથી સમાન વિક્રમ અને વિલાસિત ગતિવાળા, ઉત્તમ અશ્વ જેવા સુજાત ગુહ્ય દેશ – તેના જેવું નિરુપલેપ મલદ્વાર, પ્રમુદિત શ્રેષ્ઠ પુષ્ટ સિંહથી પણ વધુ ગોળ કટિભાગ, ગંગાના આવર્ત્ત જેવી દક્ષિણાવર્ત્ત, તરંગોના સમૂહ જેવી, સૂર્યના કિરણોથી વિકસિત કમળ જેવી ગંભીર નાભિ, શરીરનો મધ્યભાગ ભેગી કરેલ ત્રિપાઈ, મૂસલ, દર્પણ, શુદ્ધ કરેલ ઉત્તમ સુવર્ણથી રચેલ ખડ્ગની મૂઠ અને શ્રેષ્ઠ વજ્ર સમાન કુશ હોય છે, રોમરાજી સીધી, સમાન, પરસ્પર ચોંટેલી, સ્વભાવથી બારીક, કાળી, ચીકણી, પ્રશસ્ત પુરુષ યોગ્ય સુકુમાર હોય છે –

મત્સ્ય અને પક્ષી સમાન ઉત્તમ રચનાથી યુક્ત કુક્ષિવાળા હોવાથી ઝષોદર, કમલ સમાન ગંભીર નાભિ, નીચે

ઝૂકેલો પાર્શ્વભાગ તેથી જ સંગત, સુંદર, સુજાત હોય છે. તે પડખા પ્રમાણોપેત અને પરિપુષ્ટ છે. પીઠ અને બગલની માંસયુક્ત હાડકાં તથા સ્વર્ણના આભૂષણ સમાન નિર્મળ કાંતિયુક્ત, સુંદર નિર્મિત નિરુપહત શરીરને ધારણ કરનાર છે. સુવર્ણ શિલાતલ સમાન પ્રશસ્ત, સમતલ, પુષ્ટ, વિશાળ વક્ષઃસ્થળયુક્ત, ગાડીના યૂપ સમાન પુષ્ટ, સ્થૂળ, રમણીય હાથ તથા અત્યંત સુડોળ, સુગઠિત, સુંદર, માંસલ અને નસોથી દૃઢ અસ્થિબંધી, નગરદ્વારની અર્ગલા સમાન, લાંબી ગોળાકાર ભૂજાવાળા છે. તે બાહુ ભુજગેશ્વરના વિશાળ શરીર સમાન, પોતાનાથી પૃથક્ કરાયેલી–લાંબી હોય છે. હાથની હથેળી લાલ, પરિપુષ્ટ, કોમળ, માંસલ, સુનિર્મિત, શુભ લક્ષણોયુક્ત, નિશ્ચિદ્ર આંગળીવાળી હોય છે. તે પુષ્ટ, સુરચિત, કોમળ અને શ્રેષ્ઠ હોય છે. તેના નખ તામ્રવર્ણી, પાતળા, સ્વચ્છ, રુચિર, સ્નિગ્ધ હોય છે. ચંદ્ર–સૂર્ય–શંખ–ચક્ર–સ્વસ્તિક ચિન્હથી અંકિત હસ્તરેખા વાળા હોય છે. તેમના સ્કંધ ઉત્તમ મહિષ, શૂકર, સિંહ, વાઘ, સાંઢ અને ગજરાજના સ્કંધ સમાન પરિપૂર્ણ હોય છે. તેમની ડોક ચાર આંગળ પરિમિત અને શંખ જેવી હોય છે –

અવસ્થિત દાઢી–મૂંછ સુવિભક્ત અને સુશોભિત છે. તેઓ પુષ્ટ, માંસલ, સુંદર તથા વ્યાઘ્ર સમાન વિસ્તીર્ણ દાઢીવાળા હોય છે. તેમના અધરોષ્ઠ સંશુદ્ધ, મૂંગા અને ચણોઠી જેવા લાલ છે. દંતપંક્તિ ચંદ્રમાના ટૂકડા, નિર્મળ શંખ, ગાયના દૂધના ફીણ, કુંદપુષ્પ, જલકણ, કમળની નાળ સમાન શ્વેત છે. તે દાંત અખંડ, અવિરલ, અતિ સ્નિગ્ધ, સુરચિત છે. તે એક દંતપંક્તિ સમાન અનેક બત્રીશ. દાંતવાળા હોય છે. તેમનું તાળવું અને જીભ, અગ્નિમાં તપાવી પછી ધોયેલ સુવર્ણ જેવી લાલ તલવાળા હોય છે –

તેમના નેત્ર વિકસિત કમળ જેવા, શ્વેત અને સ્વચ્છ છે, તેમની ભ્રમર કંઈક નમાવેલા ધનુષ સમાન મનોરમ, કૃષ્ણ મેઘની રેખા સમાન કાળી, સંગત લાંબી અને સુંદર છે. આલીન અને પ્રમાણયુક્ત કાન, સારી શ્રવણશક્તિ વાળા છે, કપોલ દેશભાગ પુષ્ટ અને માંસલ, તુરંતના ઊગેલ ચંદ્રના આકાર જેવું કપાળ, પ્રતિપૂર્ણ ચંદ્ર સમાન સૌમ્ય વદન, છત્રાકાર મસ્તક ભાગ, ઘન–નિચિત–સુબદ્ધ લક્ષણ–ઉન્નત કૂટાગાર સમાન પિંડિત મસ્તકનો અગ્રભાગ, મસ્તકની ત્વચા અગ્નિમાં તપાવેલ પછી ધોયેલ સુવર્ણ સમાન લલિમાયુક્ત અને વાળ સહિત છે. મસ્તકના વાળ શાલ્મલી વૃક્ષના ફળ સમાન સઘન, છોડિત, સૂક્ષ્મ, સુસ્પષ્ટ, માંગલિક, સ્નિગ્ધ, ઉત્તમ લક્ષણયુક્ત, સુવાસિત, સુંદર, ભૂજમોચક રત્ન સમાન કાળા, નીલમણી અને કાજળ સદૃશ તથા હર્ષિત ભ્રમરોના ઝૂંડની જેમ કાળી કાંતિવાળા, ગુચ્છરૂપ, ઘુંઘરાવાળા, દક્ષિણાવર્ત્ત હોય છે. તેઓના અંગ સુડોલ, સુવિભક્ત અને સુંદર હોય છે.

તેઓ લક્ષણ–વ્યંજન–ગુણયુક્ત, પ્રશસ્ત બત્રીશ લક્ષણધારી, હંસસ્વરા, ક્રૌંચસ્વરા, દુંદુભિસ્વરા, સિંહસ્વરા, ઓઘ–સ્વરા, મેઘસ્વરા, સુસ્વરા, સુંદર સ્વર અને નિર્ઘોષવાળા છે. વજ્રઋષભનારાચ સંઘયણી, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, છાયા–ઉદ્યોતિત અંગોપાંગવાળા, પ્રશસ્ત ત્વચાવાળા, નિરાતંકી, કંકગ્રહણી, કપોતપરિણામી, સુંદર સુપરિમિત પીઠ–પાર્શ્વભાગ અને જંઘાવાળા, પદ્મ–ઉત્પલ સદૃશ ગંધ–ઉચ્છ્વાસ–સુરભિ વદના, અનુલોમ વાયુવેગવાળા, સ્નિગ્ધ–શ્યામ વર્ણવાળા, શરીરને અનુરૂપ ઉન્નત ઉદરવાળા, અમૃતરસ સમાન ફળના આહારી, ત્રણ ગાઉ ઊંચા, ત્રણ પલ્યોપમ આયુવાળા છે. પરમ આયુ પાળીને, કામથી તૃપ્તિ ન પામીને તે મનુષ્યો મૃત્યુને પામે છે.

તેમની સ્ત્રીઓ પણ સૌમ્ય, સુજાત સર્વાંગસુંદરી હોય છે. પ્રધાન મહિલાગુણથી યુક્ત હોય છે. તેમના પગ અત્યંત રમણીય, ઉચિત પ્રમાણવાળા, કાચબા સમાન અને મનોજ્ઞ હોય છે. તેમની આંગળીઓ સીધી, કોમળ, પુષ્ટ અને નિશ્છિદ્ર હોય છે. તેમના નખો ઉન્નત, પ્રસન્નતાજનક, પાતળા, નિર્મળ અને દીપ્ત હોય છે. તેમની બંને જંઘા રોમરહિત, ગોળાકાર, શ્રેષ્ઠ, માંગલિક લક્ષણોથી સંપન્ન અને રમણીય હોય છે. તેના ઘૂંટણ સુનિર્મિત તથા માંસયુક્ત હોવાથી નિગૂઢ છે. તેના સાંધા માંસલ, પ્રશસ્ત અને નસો વડે સુબદ્ધ હોય છે. તેણીના સાથળ કદલી સ્તંભથી પણ અધિક સુંદર આકારે, ઘાવ આદિ રહિત, સુકુમાર, કોમળ, અંતરરહિત, સમાન પ્રમાણવાળી, સુંદર લક્ષણયુક્ત, સુજાત, ગોળાકાર અને પુષ્ટ હોય છે. તેમની કેડ અષ્ટાપદ સમાન આકારની, શ્રેષ્ઠ અને વિસ્તીર્ણ હોય છે. મુખની લંબાઈના પ્રમાણથી બમણી, વિશાળ, માંસલ, સુબદ્ધ, શ્રેષ્ઠ જઘનને ધારણ કરનારી છે.

તેનું ઉદર વજ્ર સમાન શોભાયમાન, શુભલક્ષણ સંપન્ન અને કૃશ હોય છે. શરીરનો મધ્યભાગ ત્રિવલીથી યુક્ત, કૃશ અને નમિત છે. રોમરાજિ સીધી, એક જેવી, પરસ્પર મળેલી, સ્વાભાવિક, બારીક, કાળી, મુલાયમ, પ્રશસ્ત, લલિત, સુકુમાર, કોમળ અને સુવિભક્ત છે. નાભિ ગંગાનદીના ભ્રમર સમાન, દક્ષિણાવર્ત્ત, તરંગમાળા જેવી, સૂર્યકિરણોથી તાજા ખીલેલ અને અમ્લાન કમળ સમાન ગંભીર અને વિશાળ હોય છે. કુક્ષી અનુદ્‌ભટ, પ્રશસ્ત, સુંદર, પુષ્ટ હોય છે. પાર્શ્વભાગ સન્નત, સુગઠિત, સંગત હોય છે, તથા પ્રમાણોપેત, ઉચિત માત્રામાં રચિત, પુષ્ટ, રતિદાયી હોય છે.

તેણીની ગાત્રયષ્ટિ અસ્થિરહિત, શુદ્ધ સ્વર્ણથી નિર્મિત રુચક નામક આભૂષણ સમાન નિર્મળ કે સ્વર્ણ કાંતિ સમાન સુગઠિત તથા નીરોગ હોય છે. તેમના બંને પયોધર, સ્વર્ણ કળશો જેવા, પ્રમાણયુક્ત, ઉન્નત, કઠોર, મનોહર ડીંટડીવાળા અને ગોળાકાર હોય છે. તેમની ભૂજા સર્પાકાર જેવી ક્રમશઃ પાતળી ગોપુચ્છ સમાન ગોળાકાર, એક જેવી, શૈથિલ્યરહિત, સુનમિત, સુભગ અને લલિત હોય છે. તેમના નખ તામ્રવર્ણ હોય છે. તેમના અગ્રહસ્ત માંસલ છે, તેમની આંગળી કોમળ અને પુષ્ટ હોય. તેની હસ્તરેખા સ્નિગ્ધ, ચંદ–સૂર્ય–શંખ–ચક્ર–સ્વસ્તિકના ચિહ્નોથી અંકિત અને સુનિર્મિત હોય છે. તેમની કાંખ અને મલોત્સર્ગ સ્થાન પુષ્ટ અને ઉન્નત હોય છે, કપોલ પરિપૂર્ણ તથા ગોળાકાર હોય છે, તેમની ગ્રીવા ચાર આંગળ પ્રમાણ અને શંખ જેવી છે. તેની દાઢી માંસથી પુષ્ટ, સુસ્થિર, પ્રશસ્ત હોય છે.

તેમના નીચેના હોઠ અનારના ખીલેલ ફૂલ જેવા લાલ, કાંતિમય, પુષ્ટ, કંઈક લાંબા, કુંચિત અને ઉત્તમ હોય છે. તેમના ઉપરના હોઠ પણ સુંદર હોય છે. તેમના દાંત દહીં, પાન ઉપર રહેલ જલકણ, કુંદના ફૂલ, ચંદ્રમા, ચમેલીની કળી સમાન શ્વેત, અંતર રહિત અને ઉજ્જ્વળ હોય છે, તેઓ રક્તોત્પલ સમાન લાલ અને કમળપત્ર સદશ કોમળ તાળવા અને જીભવાળી હોય છે. તેમની નાક કણેરની કળી સમાન, વક્રતારહિત, આગળથી ઉપર ઉઠેલ, સીધી અને ઊંચી હોય છે. તેમના નેત્ર શારદનવીન કમળ–કુમુદ–કુવલય–દલનીકર સદશ લક્ષણ–પ્રશસ્ત–કુટિલતા રહિત–કાંત નયનવાળી છે. ભ્રમર કંઈક નમેલ ધનુષ સમાન મનોહર, કૃષ્ણવર્ણી, મેઘમાલા સમાન સુંદર, પાતળી, કાળી અને ચીકણી હોય છે. આલીન–પ્રમાણયુક્ત સુશ્રવણા કાન, પુષ્ટ–સ્નિગ્ધ કપોળ રેખા, ચતુરંગુલ વિશાળ અને સમ કપાળ, કૌમુદી ચંદ્રિકા સમાન વિમલ, પ્રતિપૂર્ણ સૌમ્ય વદનવાળી, ઉન્નત છત્ર સમાન મસ્તક તથા મસ્તકના કેશ કાળા, ચીકણા અને લાંબા હોય છે.

તે સ્ત્રીઓ આ ૩૨–લક્ષણોથી યુક્ત હોય છે–. છત્ર, ધ્વજા, યજ્ઞસ્તંભ, સ્તૂપ, દામિની, કમંડલુ, કળશ, વાવ, સ્વસ્તિક, પતાકા, યવ, મત્સ્ય, કચ્છપ, પ્રધાનરથ, મકરધ્વજ, વજ્ર, થાળ, અંકુશ, અષ્ટાપદ, સ્થાપનિકા, દેવ, લક્ષ્મીનો અભિષેક, તોરણ, પૃથ્વી, સમુદ્ર, શ્રેષ્ઠ ભવન, શ્રેષ્ઠ પર્વત, ઉત્તમ દર્પણ, ક્રીડા કરતો હાથી, વૃષભ, સિંહ અને ચમર. આ પ્રશસ્ત બત્રીશ લક્ષણધારી છે.

તે સ્ત્રીઓ હંસ સદશ ગતિવાળી, કોયલ જેવી મધુર ગિરાવાળી, કાંત, બધાને અનુમત હોય છે. તેના શરીર પર કરચલી પડતી નથી, વાળ સફેદ થતા નથી, તેને અંગહીનતા–દુર્વર્ણ–વ્યાધિ–દૌર્ભાગ્ય–શોક આદી દોષચાલ્યા ગયા હોય છે તેવી. ઊંચાઈમાં પુરુષોથી થોડી ઓછી ઊંચાઈવાળી, શૃંગારના આગાર સમાન, સુંદર વેશવાળી, સુંદર સ્તન–જઘન–વદન–હાથ–પગ–નયનવાળી, લાવણ્ય–રૂપ–યૌવન–ગુણોથી યુક્ત, નંદનવનમાં વિચરતી અપ્સરા જેવી, ઉત્તરકુરુના માનવીની અપ્સરા સમાન, આશ્ચર્યકારી અને પ્રેક્ષણીય, ત્રણ પલ્યોપમનું પરમ આયુ પાળીને તેણીઓ પણ કામથી તૃપ્ત થયા વિના મરણ ધર્મને પામે છે.

**સૂત્ર–૨૦**

જે મૈથુનસંજ્ઞામાં અતિ આસક્ત અને મોહથી ભરેલા છે, તે એકબીજાને શસ્ત્ર વડે હણે છે, વિષયવિષને ઉદીરનારી પરસ્ત્રીમાં પ્રવૃત્ત થઈ બીજા વડે હણાય છે. પરસ્ત્રી લંપટતા પ્રગટ થતા ધન નાશ અને સ્વજન વિનાશને પામે છે. પરસ્ત્રીથી અવિરત અને મૈથુન સંજ્ઞામાં અત્યાસક્ત. મોહથી ભરેલા એવા ઘોડા, હાથી, બળદ, પાડા, મૃગ એકબીજાને મારે છે. મનુષ્યગણ, વાનર, પક્ષીઓ પણ વિરોધી બને છે. મિત્ર શત્રુ બને છે.

પરસ્ત્રીગામી પુરુષ, સિદ્ધાંતનો–ધર્મનો–ગણનો ભેદ કરે છે અને ધર્મગુણરત બ્રહ્મચારી પણ ક્ષણભરમાં ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય છે. યશસ્વી અને સુવ્રતી પણ અપકીર્તિ પામે છે. રોગ અને વ્યાધિની પણ વૃદ્ધિ પમાડે છે. પરસ્ત્રીથી અવિરત આલોક અને પરલોક બંનેમાં દુરારાધક થાય છે, તે પ્રમાણે જ કેટલાક પરસ્ત્રીની શોધતા, તેમાં જ આસક્ત, વિપુલ મોહાભિભૂત સંજ્ઞાવાળા હત અને બદ્ધરુદ્ધતા પામી એ પ્રમાણે યાવત્ અધોગતિમાં જાય છે.

સીતા, દ્રૌપદી, રુકિમણી, તારા, કાંચના, રક્તસુભદ્રા, અહલ્યા, સ્વર્ણગુટિકા, કિન્નરી, સુરૂપ વિદ્યૂન્મતિ અને રોહિણીને માટે પૂર્વકાળમાં મનુષ્યનો સંહાર કરનારા જે સંગ્રામો થયા તેનું કારણ મૈથુન જ હતું. આ સિવાય પણ સ્ત્રીઓ નિમિત્તે અન્ય સંગ્રામો થયા છે જે ઈન્દ્રિયધર્મ મૂલક હતા. અબ્રહ્મસેવી આ લોકમાં તો નાશ પામ્યા જ છે અને પરલોકમાં પણ નાશ પામે છે.

મહા મોહરૂપ તમિસ્ર અંધકારમાં ઘોર મોહ વશીભૂત પ્રાણી ત્રસ–સ્થાવર, સૂક્ષ્મ–બાદર, પર્યાપ્ત–અપર્યાપ્ત, સાધારણ–પ્રત્યેક શરીરી જીવોમાં અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદિમ, સંમૂર્ચ્છિમ, ઉદ્‌ભિજ્જ, ઔપપાતિક જીવોમાં, નરક–તિર્યંચ–દેવ–મનુષ્યમાં, જરા–મરણ–રોગ–શોકની બહુલતાવાળા, અનાદિ–અનંત, પલ્યોપમ–સાગરોપમાદિ દીર્ઘકાળ વાળા ચાતુરંત સંસારરૂપ અટવીમાં આ જીવો પરિભ્રમણ કરે છે.

અબ્રહ્મરૂપ અધર્મનો આલોક–પરલોક સંબંધી આ ફળવિપાક છે. તે અલ્પસુખ અને બહુ દુઃખદાયી છે. મહાભયકારી, બહુ પાપરજથી યુક્ત, દારુણ, કર્કશ, અસાતામય, હજારો વર્ષે છૂટાય તેવા, જેને વેદ્યા વિના મોક્ષ થતો નથી એવા છે.

એમ જ્ઞાતકુલનંદન, મહાત્મા, જિન, વીરવર નામધેયે આવો અબ્રહ્મનો ફળવિપાક કહેલ છે.

આ અબ્રહ્મ ચોથું અધર્મદ્વાર, દેવ–મનુષ્ય–અસુર લોકને પ્રાર્થનીય છે. તે ચિર પરિચિત, અનુગત, દુરંત છે. તેમ કહું છું.

**આશ્રવદ્વાર અધ્યયન-૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## આશ્રવદ્વાર, અધ્યયન–૫ ' પરિગ્રહ'

**સૂત્ર–૨૧**

હે જંબૂ ! આ પરિગ્રહ પાંચમું આશ્રવદ્વાર છે. વિવિધ મણિ, કનક, રત્ન, મહાર્હ સુગંધી પદાર્થ, પુત્ર–પત્ની સહ સર્વ પરિવાર, દાસી, દાસ, ભૃતક, પ્રેષ્ય, ઘોડા, હાથી, ગાય, ભેંસ, ઊંટ, ગધેડા, બકરા, ગવેલક, શિબિકા, શકટ, રથ, યાન, યુગ્ય, સ્યંદન, શયન, આસન, વાહન, કુપ્ય, ધન, ધાન્ય, પાન, ભોજન, આચ્છાદન, ગંધ, માલ્ય, ભાજન, ભવનવિધિ આદિ અનેક વિધાનો, તથા હજારો પર્વત, નગર, નિગમ, જનપદ, મહાનગર, દ્રોણમુખ, ખેટ, કર્બટ, મડંબ, સંવાહ, પત્તનથી સુશોભિત ભરતક્ષેત્ર, જ્યાંના નિવાસી નિર્ભય નિવાસ કરે છે, એવી સાગર પર્યન્ત પૃથ્વીને એકછત્ર અખંડ રાજ્ય કરી. ભોગવવા છતાં તૃપ્તિ થતી નથી..

અપરિમિત અને અનંત તૃષ્ણારુપ મોટી ઈચ્છાના સાર રૂપ દુર્ગતિ જ પરિગ્રહરૂપી વૃક્ષના મૂલ સમાન છે. લોભ, ક્રોધ, કલેશ, લડાઈ આ વૃક્ષના મહાસ્કંધ છે. માનસિક સંતાપ આદિની અધિકતાથી થનારી ચિંતા, આ વિપુલ વૃક્ષની શાખાઓ છે. ગૌરવ જ તેના વિશાળ શાખાગ્ર છે. નિકૃતિરૂપ ત્વચા–પત્ર–પલ્લવને ધારણ કરે છે. કામભોગ જ વૃક્ષના પુષ્પ અને ફળ છે. શ્રમ, ખેદ, કલહ તેના કંપાયમાન અગ્રશિખરો છે. આ પરિગ્રહ, રાજા દ્વારા સંપૂજિત, બહુજનના હૃદય વલ્લભ છે. મોક્ષના ઉત્તમ મુક્તિમાર્ગની અર્ગલા સમાન છે. આ છેલ્લું અધર્મદ્વાર છે.

**સૂત્ર–૨૨**

પરિગ્રહના ગુણનિષ્પન્ન ૩૦ નામ આ પ્રમાણે છે – પરિગ્રહ, સંચય, ચય, ઉપચય, નિધાન, સંભાર, સંકર, આદર, પિંડ, દ્રવ્યસાર, મહેચ્છા, પ્રતિબંધ, લોભાત્મા, મહર્ધિક, ઉપકરણ, સંરક્ષણ, ભાર, સંતાપોત્પાદક, કલિકરંડ, પ્રવિસ્તર, અનર્થ, સંસ્તવ, અગુપ્તિ, આયાસ, અવિયોગ, તૃષ્ણા, અનર્થક, આસક્તિ, અસંતોષ. આ અને આવા ત્રીશ નામ પરિગ્રહના છે.

**સૂત્ર–૨૩, ૨૪**

૨૩. પૂર્વોક્ત પરિગ્રહના લોભથી ગ્રસ્ત, પરિગ્રહ પ્રત્યે રુચિ રાખનાર, ઉત્તમ ભવન અને વિમાન નિવાસી, મમત્વપૂર્વક પરિગ્રહને ગ્રહણ કરે છે. પરિગ્રહરૂચિ, વિવિધ પરિગ્રહ કરવાની બુદ્ધિવાળા દેવનિકાય જેમ કે. અસુર, નાગ, સુવર્ણ, વિદ્યુત, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિશિ, વાયુ, સ્તનિત–કુમારો તથા અણપન્નિ, પણપન્નિ, ઋષિવાદી, ભૂતવાદી, ક્રંદિત, મહાક્રંદિત, કુહંડ, પતંગ દેવો અને પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ દેવો, તથા તિર્છાલોકવાસી પંચ પ્રકારના જ્યોતિષ્ક દેવો – બૃહસ્પતિ, ચંદ્ર, સૂર્ય, શુક્ર, શનૈશ્વર, રાહુ, ધૂમકેતુ, બુધ, મંગળ–તપ્ત તપનીય કનકવર્ણા જે પણ કેતુ પર્યંતના બીજા ગ્રહો જ્યોતિષચક્રમાં સંચાર કરે છે. તે બધાગતિરતિક છે.

૨૮–પ્રકારના નક્ષત્ર દેવગણ અને વિવિધ સંસ્થાન સંસ્થિત તારાગણ, જે સ્થિતલેશ્યી છે અને ચાર ચરનારા, અવિશ્રામ મંડલ ગતિ કરનારા છે. એ સર્વ દેવો પરિગ્રહને ગ્રહણ કરે છે.

તે સિવાયના ઉર્ધ્વલોકવાસી વૈમાનિક દેવો બે પ્રકારે છે – કલ્પોપપન્ન અને કલ્પાતીત. તેમાં સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત આ ઉત્તમ કલ્પ–વિમાનવાસી દેવો કલ્પોપપન્ન છે અને ગ્રૈવેયક તથા અનુત્તરવિમાનવાસી એ બે ભેદે કલ્પાતીત દેવો છે, તેઓ મહર્દ્ધિક છે અને ઉત્તમ સુરવરો છે.

આ ચારે પ્રકારના દેવો, પર્ષદા સહિત પરિગ્રહને ગ્રહણ કરે છે. તેઓ ભવન, વાહન, યાન, વિમાન, શયન, આસન, વિવિધ વસ્ત્ર–આભૂષણ, પ્રવર આયુધ, વિવિધ મણિ, પંચવર્ણી દિવ્ય ભાજનવિધિ, વિવિધ કામરૂપ, વૈક્રિય અપ્સરા ગણનો સમૂહને દ્વીપ–સમુદ્ર, દિશા–વિદિશા, ચૈત્ય, વનખંડ, પર્વત, ગ્રામ, નગર, આરામ, ઉદ્યાન, કાનન તથા કૂવા, સરોવર, તળાવ, વાપી, દીર્ઘિકા, દેવકુલ, સભા, પ્રપા, વસતી આદિને અને ઘણા કીર્તનીય સ્થાનોનો મમત્વ–પૂર્વક સ્વીકાર કરે છે. આ રીતે વિપુલ દ્રવ્યવાળા પરિગ્રહને ગ્રહણ કરીને ઈન્દ્રો સહિત દેવગણ પણ તૃપ્તિ કે

સંતુષ્ટી અનુભવતા નથી.

આ દેવો અતિ તીવ્રલોભથી અભિભૂત સંજ્ઞાવાળા છે, તેથી વર્ષધર પર્વતો, ઇષુકાર પર્વતો,વૃત્ત પર્વત, કુંડલ, રુચકવર, માનુષોત્તર–પર્વતો તથા કાલોદધિ સમુદ્ર, લવણસમુદ્ર, નદીઓ, દ્રહપતિ, રતિકર, દધિમુખ, અવપાત, ઉત્પાત, કંચન, ચિત્ર, વિચિત્ર, યમકવર, શિખરી–પર્વતો અને કૂટવાસી આદિમાં રહેનાર દેવો પણ પરિગ્રહથી સંતોષ પામતા નથી. તો તે પરિગ્રહથી બીજા પ્રાણીઓ કઈરીતે તૃપ્ત થઇ શકે?

વક્ષસ્કાર પર્વતોથી સુવિભક્ત દેવકુરુ, ઉતરકુરુ આડી અકર્મભૂમિમાં અને કર્મભૂમિમાં જે કોઈ મનુષ્ય નિવાસ કરે છે, જેમ કે– ચાતુરંત ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, માંડલીક, ઇશ્વર, તલવર, સેનાપતિ, ઇભ્ય, શ્રેષ્ઠી, રાષ્ટ્રિક, પુરોહિત, કુમારો, દંડનાયક, માડંબિક, સાર્થવાહ, કૌટુંબિક, અમાત્ય, આ બધા અને તે સિવાયના મનુષ્યો પરિગ્રહ સંચય કરે છે.

આ પરિગ્રહ અનંત, અશરણ, દુરંત, અધ્રુવ, અનિત્ય, અશાશ્વત અને પાપકર્મનું મૂળ છે, જ્ઞાનીજન માટે ત્યાજ્ય છે, વિનાશનું મૂળ છે, ઘણા વધ–બંધન–કલેશનું કારણ છે, અનંત સંકલેશનું કારણ છે. આ રીતે તે દેવો ધન–કનક–રત્ન આદિનો સંચય કરતા, લોભગ્રસ્ત થઈ, સમસ્ત પ્રકારના દુઃખોના સ્થાન એવા આ સંસારમાં પરિભ્રમણ કરે છે.

પરિગ્રહને માટે ઘણા લોકો સેંકડો શિલ્પો, શિક્ષા, નિપુણતા ઉત્પન્ન કરનારી લેખ આદિ શકુનિરત પર્યન્તની, ગણિતપ્રધાન બોંતેર કળાઓ તથા રતિ ઉત્પાદક ૬૪ મહિલાગુણોને શીખે છે. અસિ–મસિ–કૃષિ–વાણિજ્ય–વ્યવહારની શિક્ષા લે છે. અર્થશાસ્ત્ર, ધનુર્વેદ, વિવિધ વશીકરણાદિ યોગની શિક્ષા લે છે. આ રીતે પરિગ્રહના સેંકડો ઉપાયોમાં પ્રવૃત્તિ કરતા મનુષ્ય જીવનપર્યન્ત નાચતા રહે છે. તે મંદબુદ્ધિ પરિગ્રહનો સંચય કરે છે.

તેઓ પરિગ્રહને માટે પ્રાણવધ કરવા પ્રવૃત્ત રહે છે. જૂઠ–નિકૃતિ–સાતિ સંપ્રયોગ, પરદ્રવ્યમાં લાલચુ, સ્વ–પર સ્ત્રીના ગમન અને આસેવનમાં શરીર–મદનો ખેદ પામે છે – કલહ, ભંડન, વૈર કરે છે. અપમાન–યાતના સહન કરે છે. ઇચ્છા, મહેચ્છારૂપી તૃષાથી નિરંતર તરસ્યા રહે છે. તૃષ્ણા–ગૃદ્ધિ–લોભમાં ગ્રસ્ત, અત્રાણ–અનિગ્રહ થઈ ક્રોધ–માન–માયા–લોભને સેવે છે. આ અકીર્તનીય પરિગ્રહમાં જ નિયમથી શલ્ય, દંડ, ગારવ, કષાય અને સંજ્ઞા હોય છે. કામગુણ, આશ્રવ, ઇન્દ્રિય, લેશ્યા, સ્વજન–સંપ્રયોગ થાય છે. અનંત સચિત્ત–અચિત્ત–મિશ્ર દ્રવ્યોના ગ્રહણની ઇચ્છા કરે છે.

દેવ–મનુષ્ય–અસુર સહિત આ લોકમાં જિનવરોએ લોભ–પરિગ્રહ કહે છે. સર્વલોકમાં સર્વજીવોને પરિગ્રહ સમાન અન્ય કોઈ પાશ–ફંદો કે બંધન નથી.

૨૪. પરિગ્રહાસક્ત–પરલોકમાં નાશ પામે છે, અજ્ઞાન અંધકારમાં પ્રવેશે છે. મહામોહ મોહિતમતિ, તમિસ્ર અંધકાર, લોભમાં વશ થઈને ત્રસ–સ્થાવર, સૂક્ષ્મ–બાદર, પર્યાપ્ત–અપર્યાપ્તમાં યાવત્ ચતુર્ગતિક સંસારમાં. ભ્રમણ કરે છે. આ તે પરિગ્રહનો ઇહલૌકીક–પરલૌકીક ફળવિપાક છે. અલ્પસુખ, ઘણું દુઃખ, મહાભય, અતિ પ્રગાઢ કર્મરજ, દારુણ, કર્કશ, અશાતાથી હજારો વર્ષે પણ મુક્ત થતા નથી. તેને ભોગવ્યા વિના મોક્ષ ન થાય.

આ પ્રમાણે જ્ઞાતકુળ નંદન, મહાત્મા, જિન, વીરવર નામધેયે પરિગ્રહનો ફળવિપાક કહ્યો છે. વિવિધ પ્રકારના ચંદ્રકાંતાદિ મણિ, સુવર્ણ, કર્કેતનાદી યાવત્ આ મોક્ષરૂપ મુક્તિમાર્ગની અર્ગલારૂપ, આ પરિગ્રહ, પાંચમું અધર્મદ્વાર છે

**આશ્રવદ્વાર અધ્યયન-૫ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## ગાથાસમૂહ

સૂત્ર–૨૫ થી ૨૯ પાંચ ગાથા.

૨૫. આ પૂર્વોક્ત પાંચ આસ્રવદ્વારોના નિમિત્તે જીવ પ્રતિસમય કર્મરૂપી રજનો સંચય કરી ચાર ગતિરૂપ સંસારમાં ભમે છે.

૨૬. જે અકૃતપુન્યવાન્ ધર્મને સાંભળતા નથી, સાંભળીને જે પ્રમાદ કરે છે, તે અનંતકાળ સુધી ચાર ગતિમાં ગમનાગમન કરે છે.

૨૭. જે પુરુષ મિથ્યાદષ્ટિ, અધાર્મિક, નિકાચિત કર્મબંધ કરેલા છે, તેઓ ઘણા પ્રકારે શિક્ષા પામી, ધર્મ સાંભળે પણ આચરે નહીં.

૨૮. જિનવચન સર્વ દુઃખનાશ માટે મધુર ગુણ વિરેચન છે. પણ મુધા અપાતા આ ઔષધને ન પીવા ઇચ્છે, તેનું શું થઈ શકે?

૨૯. જે પાંચ આશ્રવ. ત્યાગે, પાંચ સંવર. રક્ષે, તેઓ કર્મરજથી સર્વથા રહિત થઈ સર્વોત્તમ સિદ્ધિ પામે છે.

## પ્રશ્નવ્યાકરણ અંગ-સૂત્રના આશ્રવદ્ધારનો
## મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# સંવરદ્વાર

સૂત્ર–૩૦, ૩૧

**૩૦.** હે જંબૂ! હવે હું પાંચ સંવરદ્વાર અનુક્રમથી કહીશ. જે પ્રકારે ભગવંતે સર્વ દુઃખના વિમોક્ષ માટે કહેલ છે.

**૩૧.** તેમાં પહેલું અહિંસા, બીજું સત્ય વચન, ત્રીજું અનુજ્ઞાપૂર્વક અપાયેલ લેવું., ચોથું બ્રહ્મચર્ય, પાંચમું પરિગ્રહ જાણવું.

## સંવરદ્વાર, અધ્યયન–૧ 'અહિંસા'

સૂત્ર–૩૨ થી ૩૫

**૩૨.** સંવરદ્વારોમાં પહેલી અહિંસા– ત્રસ, સ્થાવર સર્વે જીવોને કુશલકારી છે. હું પાંચ ભાવનાઓ સહિત તેના કંઈક ગુણોનું કથન કરીશ.

**૩૩.** હે સુવ્રત ! તે આ પ્રમાણે છે – આ મહાવ્રત સર્વલોક માટે હિતકારી છે, શ્રુતસાગરમાં તેનો ઉપદેશ કરાયેલ છે. તપ અને સંયમરુપ મહાવ્રત છે, આ ઉત્તમવ્રતોમાં શીલ અને ગુણનો સમૂહ છે. સત્ય, દયા, સરળતા અને નિષ્કપટતા તેમાં પ્રધાન છે. આ વ્રત, નર, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ વર્જક છે. સર્વજિન દ્વારા ઉપદિષ્ટ છે. કર્મરજનો નાશ કરનાર છે. સેંકડો ભવ વિનાશક, સેંકડો દુઃખોના વિમોચક, સેંકડો સુખના પ્રવર્તક, કાપુરુષ માટે દુસ્તર, સત્પુરુષો દ્વારા સેવિત, નિર્વાણગમન અને સ્વર્ગ પ્રયાણક છે.

આ રીતે પાંચ મહાવ્રતરૂપ, પાંચ સંવર દ્વાર ભગવંત મહાવીરે કહેલ છે.

તેમાં પહેલી અહિંસા છે જેના આ રીતે સાઈઠ નામો છે.

૧. નિર્વાણ. ૨. નિવૃત્તિ, ૩. સમાધિ, ૪. શક્તિ, ૫. કીર્તિ, ૬. કાંતિ, ૭. રતિ, ૮. વિરતિ, ૯. શ્રૃતાંગ, ૧૦. તૃપ્તિ, ૧૧. દયા, ૧૨. વિમુક્તિ, ૧૩. ક્ષાંતિ, ૧૪. સમ્યક્ત્વારાધના, ૧૫. મહતી,

૧૬. બોધિ, ૧૭. બુદ્ધિ, ૧૮. ધૃતિ, ૧૯. સમૃદ્ધિ, ૨૦. ઋદ્ધિ, ૨૧. વૃદ્ધિ, ૨૨. સ્થિતિ, ૨૩. પુષ્ટિ, ૨૪. નંદા, ૨૫. ભદ્રા, ૨૬. વિશુદ્ધિ, ૨૭. લબ્ધિ, ૨૮. વિશિષ્ટ દૃષ્ટિ, ૨૯. કલ્યાણ. ૩૦. મંગલ,

૩૧. પ્રમોદ, ૩૨. વિભૂતિ, ૩૩. રક્ષા, ૩૪. સિદ્ધાવાસ, ૩૫. અનાશ્રવ, ૩૬. કેવલી સ્થાન, ૩૭. શિવ, ૩૮. સમિતી, ૩૯. શીલ, ૪૦. સંયમ, ૪૧. શીલપરિગ્રહ, ૪૨. સંવર, ૪૩. ગુપ્તિ, ૪૪. વ્યવસાય, ૪૫.

ઉચ્છ્રય, ૪૬. યજ્ઞ, ૪૭. આયતન, ૪૮. યતન, ૪૯. અપ્રમાદ, ૫૦. આશ્વાસ, ૫૧. વિશ્વાસ, ૫૨. અભય, ૫૩. સર્વસ્ય અમાઘાત, ૫૪. ચોક્ષ, ૫૫. પવિત્રા, ૫૬. સૂચિ, ૫૭. પૂજા, ૫૮. વિમલ, ૫૯. પ્રભાસા, ૬૦. નિર્મલતર.

આ તથા આવા બીજા સ્વગુણ નિષ્પન્ન પર્યાયનામો અહિંસા ભગવતીના હોય છે.

**૩૪.** આ અહિંસા ભગવતી જે છે તે ભયભીત માટે શરણભૂત, પક્ષી માટે ગમન સમાન, તરસ્યા માટે જળ સમાન, ભૂખ્યાને ભોજન સમ, સમુદ્ર મધ્યે જહાજ સમ, ચતુષ્પદે આશ્રમરૂપ, દુઃખ સ્થિત માટે ઔષધિબલ, અટવી મધ્યે સાર્થ સમાન, અહિંસા આ બધાથી વિશિષ્ટ છે, જે પૃથ્વી–જલ–અગ્નિ–વાયુ–વનસ્પતિકાય, બીજ, હરિત, જલચર–સ્થળચર–ખેચર, ત્રસ–સ્થાવર, બધા જીવોને કલ્યાણકારી છે.

આ ભગવતી અહિંસા તે છે જે અપરિમિત જ્ઞાન–દર્શનધર, શીલ–ગુણ–વિનય–તપ–સંયમના નાયક, તીર્થંકર, સર્વ જગત જીવવત્સલ, ત્રિલોકપૂજિત, જિનચંદ્ર દ્વારા સારી રીતે દૃષ્ટ છે. અવધિ જિન વડે વિજ્ઞાત છે, ઋજુમતિ મનઃપર્યવ જ્ઞાની દ્વારા જોવાયેલ છે, વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનીને જ્ઞાત છે, પૂર્વધરો વડે અધીત છે, વૈક્રિય લબ્ધિધરે પાળેલ છે.

મતિ–શ્રુત–મનઃપર્યવ–કેવળજ્ઞાની વડે, આમર્ષૌષધિ–શ્લેષ્મૌષધિ–જલ્લૌષધિ–વિપ્રૌષધિ–સર્વૌષધિ પ્રાપ્ત વડે, બીજબુદ્ધિ–કોષ્ઠ બુદ્ધિ–પદાનુસારી–સંભિન્નશ્રોત–શ્રુતધર વડે, મન–વચન–કાય–જ્ઞાન–દર્શન–ચારિત્રબલિ

વડે, ક્ષીરાશ્રવ–મધ્વાશ્રવ–સર્પિરાશ્રવ વડે, અક્ષીણમહાનસિક વડે, ચારણ–વિદ્યાધર વડે, તથા .......

ચતુર્થભક્તિક યાવત્ છ માસ ભક્તિક વડે – એ જ રીતે

ઉત્ક્ષિપ્ત–નિક્ષિપ્ત–અંત–પ્રાંત–રૂક્ષ–સમુદાનચરક વડે, અન્નગ્લાયક વડે, મૌનચરક વડે, સંસૃષ્ટ કલ્પિક વડે –તજ્જાત સંસૃષ્ટ કલ્પિક વડે, ઉપનિધિક વડે, શુદ્ધૈષણિક વડે, સંખ્યાદત્તિક વડે, દૃષ્ટ–અદૃષ્ટ–સ્પૃષ્ટલાભિક વડે,

આયંબિલ–પુરિમાર્દ્ધ–એકાશનિક–નિર્વિકૃતિક વડે, ભિન્ન અને પરિમિત પિંડપાતિક વડે, અંત–પ્રાંત–અરસ–વિરસ–રૂક્ષ–તુચ્છ આહારી વડે, અંત–પ્રાંત–રૂક્ષ–તુચ્છ–ઉપશાંત–પ્રશાંત–વિવિક્તજીવી વડે, દૂધ–મધુ–ઘી ત્યાગી વડે, મદ્ય–માંસ ત્યાગી વડે,

કાયોત્સર્ગ દ્વારા એક સ્થાને સ્થિર રહેનારાઓએ, પ્રતિમાધારીઓએ, સ્થાનોત્કટિકોઈ, વીરસનિકોએ, નૈષધિક–દંડાયતિક–લગંડશાયિક વડે, એકપાર્શ્વક–આતાપક–અપાવૃત–અનિષ્ઠીવક–અકંડૂયકો વડે, ધૂતકેશ–શ્મશ્રૂ–રોમ–નખના સંસ્કારત્યાગી વડે. સર્વ ગાત્ર પ્રતિક્રમથી વિમુક્ત વડે તથા.

શ્રુતધર દ્વારા તત્ત્વાર્થને અવગત કરાવનાર બુદ્ધિના ધારક ધીર મહાપુરુષોએ

આ અહિંસાનું સમ્યક્ આચરણ કરાયેલ છે.

આશીવિષ સર્પ સમાન ઉગ્ર તેજ સંપન્નમહાપુરુષોએ, વસ્તુતત્વના નિશ્ચય અને પુરુષાર્થમાં પૂર્ણ કાર્ય કરનારી બુદ્ધિથી સંપન્ન પ્રજ્ઞાપુરુષોએ, નિત્ય સ્વાધ્યાય–ધ્યાન અનુબદ્ધ ધર્મધ્યાન સ્થિત મહાપુરુષો વડે, પાંચ મહાવ્રતરૂપ ચારિત્રયુક્ત તથા પાંચ સમિતિથી સમિત, પાપોનું શમન કરનાર,, ષડ્ જીવનિકાયરૂપ જગતવત્સલ, નિત્ય અપ્રમત્ત રહી વિચરનારા મહાત્માઓએ તથા અન્ય વિવેક વિભૂષિત સત્પુરુષોએ પણ આ અહિંસા ભગવતી આરાધી છે.

આ અહિંસા ભગવતીના પાલન માટે ઉદ્યત થયેલા સાધુએ, પૃથ્વી–અપ્–અગ્નિ–વાયુ–તરુગણ–ત્રસ–સ્થાવર સર્વ જીવ પ્રતિ સંયમરૂપ દયાને માટે શુદ્ધ ભિક્ષાની ગવેષણા કરવી જોઈએ.

જે આહાર સાધુ માટે ન કરેલ, ન કરાવેલ, અનાહૂત, અનુદ્દિષ્ટ, ન ખરીદેલ હોય, નવકોટિથી વિશુદ્ધ, શંકા આદિ દશ દોષોથી રહિત, ઉદ્ગમ–ઉત્પાદન–એષણા શુદ્ધ, દેવાની વસ્તુમાં આગંતુક જીવ સ્વયં પૃથક્ થઈ ગયા હોય, સચિત્ત જીવો ચ્યુત થયા હોય, અચિત્ત અને પ્રાસુક હોય એવી ભિક્ષાની સાધુ ગવેષણા કરે..

ભિક્ષાને માટે ગૃહસ્થને ત્યાં ગયેલ સાધુ આસને બેસી કથા–ધર્મોપદેશ કરી આહાર ગ્રહણ ન કરે. ચિકિત્સા, મંત્ર, મૂલ, ભેષજ્ય હેતુ બતાવીને અથવા લક્ષણ–ઉપાય–સ્વપ્ન જ્યોતિષ નિમિત્ત, ચમત્કારને કારણે મેળવેલ આહાર ગ્રહણ ન હોય. એ જ રીતે દંભથી–રક્ષણથી–શિક્ષણ આપીને મેળવેલ ભિક્ષા ન લે.

વંદન–સન્માન–પૂજન કે આ ત્રણે કરવા દ્વારા ભિક્ષાની ગવેષણા ન કરે. હીલના–નિંદા–ગર્હા કે આ ત્રણે કરીને ભિક્ષાની ગવેષણા ન કરે. ભય દેખાડી–તર્જના–તાડના કરી કે આ ત્રણે પ્રકારે ભિક્ષાની ગવેષણા ન કરે. ગારવ–કુહણતા–દરિદ્રતા કે આ ત્રણે દેખાડી ભિક્ષાની ગવેષણા ન કરે. મિત્રતા–પ્રાર્થના–સેવના કે આ ત્રણે દેખાડી ભિક્ષાની ગવેષણા ન કરે.

પરંતુ તે સાધુ; અજ્ઞાતરૂપે, અગ્રથિત–અદુષ્ટ–અદીન–અવિમન–અકરુણ–અવિષાદીપણે, અપરિત્રાંતયોગી થઈ, "યતન–ઘડણ–કરણ–ચરિત–વિનયગુણ યોગ સંપ્રયુક્ત થઈ સાધુ ભિક્ષૈષણામાં રત રહે."

આ પ્રવચન સર્વ જીવોની રક્ષા અને દયાને માટે ભગવંતે સમ્યક્ રીતે કહેલ છે, જે આત્માને હિતકર, પરલોક–ભવિક, ભાવિમાં કલ્યાણ કરનારું, શુદ્ધ ન્યાયપૂર્ણ, અકુટિલ, અનુત્તર, સર્વ દુઃખ–પાપનું ઉપશામક છે.

**૩૫.** તેમાં પહેલા વ્રતની આ પાંચ ભાવનાઓ પ્રાણાતિપાત વિરમણ વ્રતના રક્ષણાર્થે છે –

૧. ઉભવા અને ચાલવામાં ગુણયોગને જોડનારી, યુગપ્રમાણ ભૂમિ ઉપર પડતી દૃષ્ટિ વડે, નિરંતર કીટ–પતંગ–ત્રસ–સ્થાવર જીવોની દયામાં તત્પર થઈ ફૂલ–ફળ–છાલ–પ્રવાલ–કંદ–મૂળ–પાણી–માટી–બીજ–હરિતાદિને વર્જીને સમ્યક્ પ્રકારે ચાલવું જોઈએ.

એ રીતે સર્વે પ્રાણીની હીલના, નિંદા, ગર્હા, હિંસા, છેદન, ભેદન, વધ ન કરવો જોઈએ. જેથી તે જીવો કંઈપણ ભય કે દુઃખ ન પામે. આ રીતે ઈર્યાસમિત યોગ વડે અંતરાત્મા ભાવિત થાય, શબલતા–સંકલેશથી રહિત, અક્ષત ચારિત્ર ભાવનાથી યુક્ત, સંયમશીલ અને અહિંસક સુસાધુ કહેવાય.

૨. બીજી–મનઃસમિત, પાપમય, અધાર્મિક, દારુણ, નૃશંસ, વધ–બંધ–કલેશની બહુલતાયુક્ત, ભય–મરણ–કલેશથી સંકિલિષ્ટ, એવા પાપયુક્ત મન વડે કંઈપણ વિચારવું નહીં.

આ રીતે મનસમિતિ યોગ વડે અંતરાત્મા ભાવિત થાય છે. તથા અશબલ, અસંકિલિષ્ટ અક્ષત ચારિત્રભાવનાથી યુક્ત સંયમશીલ અને અહિંસક સુસાધુ કહેવાય.

૩. ત્રીજી–વચનસમિતિ. પાપમય વાણીથી કંઈ જ ન બોલવું. એ રીતે વચનસમિતિ યોગથી ભાવિત અંતરાત્મા થાય છે. અશબલ, અસંકિલિષ્ટ, અખંડ ચારિત્ર ભાવનાથી અહિંસક, સંયત સાધુ થાય છે.

૪. ચોથી–આહાર એષણામાં શુદ્ધ, ઉંછ ગવેષણા કરવી. અજ્ઞાત, અગ્રથિત, અદુષ્ટ, અદીન, અકરુણ, અવિષાદી, અપરિતંતયોગી, યતન–ઘડણ–કરણ–ચરિત–વિનયગુણ યોગ સંપ્રયોગયુક્ત થઈને સાધુ ભિક્ષૈષણા યુક્ત સામુદાનિકપણે ઉંછ ભિક્ષાચર્યાથી ગ્રહણ કરી ગુરુજન પાસે આવી, ગમનાગમન અતિચાર–પ્રતિક્રમણ પ્રતિક્રમીને, ગુરુને આલોચના આપીને ગુરુને ગૌચરી બતાવી, પછી ગુરુ દ્વારા કરાયેલ નિર્દેશ મુજબ નિરતિચાર અને અપ્રમત્ત થઈ, ફરી પણ અનેષણાજનિત દોષની પુનઃ પ્રતિક્રમણા કરે.

ત્યાર પછી– **શાંત ભાવે, સુખપૂર્વક બેસીને મુહૂર્ત્ત માત્ર ધ્યાન–શુભયોગ–જ્ઞાન–સ્વાધ્યાયમાં મનને ગોપવીને, ધર્મયુક્ત મન કરી, ચિત્તશૂન્યતા રહિત થઈ, સુખ–અવિગ્રહ–સમાધિત–શ્રદ્ધા સંવેગ નિર્જરાયુક્ત–પ્રવચન વત્સલભાવિત મનવાળો થઈને આસનેથી ઊઠી, હૃષ્ટ–તુષ્ટ થઈને યથારાત્નિક સાધુને આહારાર્થે નિમંત્રણા કરે, ગુરુજન વડે લાવેલ આહાર સાધુઓને ભાવથી વિતરીત કરીને આસને બેસે.**

**પછી મસ્તક સહિત શરીરને તથા હથેળીને સારી રીતે પ્રમાર્જે. પછી મૂર્ચ્છા–ગૃદ્ધિ–ગ્રથિતતા–ગર્હા–લોલુપતા આસક્તિ–કલુષતા આદિથી રહિત થઈ, પરમાર્થ બુદ્ધિ ધારક સાધુ સુર–સુર કે ચબ–ચબ અવાજ કર્યા વિના, બહુ જલદી કે બહુ ધીમે નહીં તે રીતે, આહાર ભૂમિ પર ન પડે તે રીતે, મોટા અને પ્રકાશ યુક્ત પાત્રમાં, યતના અને આદર સહ સંયોજના–અંગાર–ધૂમ્ર દોષથી રહિત થાય,**

ત્યાર પછી– ધૂરીમાં તેલ દેવા કે ઘા ઉપર મલમ લગાડવાની જેમ કેવલ સંયમયાત્રા નિર્વાહ માટે અને સંયમભારને વહન કરવાને માટે, પ્રાણ ધારણ કરવા માટે સંયમથી સમિત થઈને સાધુ આહાર કરે.

આ પ્રમાણે આહાર સમિતિ યોગથી અંતરાત્મા ભાવિત થાય છે. અશબલ–અસંકિલિષ્ટ–અક્ષત ચારિત્ર ભાવનાથી સાધુ અહિંસક અને સંયત થાય.

પાંચમી–આદાનભાંડ નિક્ષેપ સમિતિ. પીઠ, ફલક, શય્યા, સંથારો, વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડ, રજોહરણ, ચોલપટ્ટો, મુહપત્તિ, પાદપ્રોંછનકાદિ આવા સંયમને ઉપકારક ઉપકરણ સંયમની રક્ષા માટે તથા પવન, ધૂપ, ડાંસ, મચ્છર, શીત આદિથી શરીરની રક્ષાને માટે રાગદ્વેષ રહિત થઈ ધારણ–ગ્રહણ કરે.

સાધુએ રોજ તેનું પડિલેહણ, પ્રસ્ફોટન, પ્રમાર્જના કરવામાં રાત–દિવસ સતત અપ્રમત્ત રહેવું તથા ભાજન, ભાંડ, ઉપધિ અને અન્ય ઉપકરણો યતનાપૂર્વક લેવા કે મૂકવા જોઈએ.

આ પ્રમાણે આદાન–ભાંડ–નિક્ષેપણા–સમિતિ યોગથી અંતરાત્મા ભાવિત થાય છે તથા અશબલ–અસંકિલિષ્ટ–અક્ષત ચારિત્ર ભાવનાથી સાધુ અહિંસક અને સંયત બને છે.

આ પ્રમાણે મન–વચન–કાયાથી સુરક્ષિત આ પાંચ ભાવના રૂપ ઉપાયો વડે આ અહિંસા સંવર દ્વાર પાલિત થાય છે તેથી ધૈર્યવાન્ અને મતિમાન્ પુરુષે સદા સમ્યક્ પ્રકારે તેનું પાલન કરવું જોઈએ.

આ અનાસ્રવ છે, અકલુષ–અછિદ્ર–અસંકિલષ્ટ છે, શુદ્ધ છે, સર્વ જિનેશ્વર વડે અનુજ્ઞાત છે.

આ પ્રમાણે પહેલું સંવર દ્વાર સ્પર્શિત(યથા સમયે વિધિપૂર્વક સ્વીકારેલ), પાલિત(નિરંતર ઉપયોગપૂર્વક આચરિત), શોધિત(અતિચાર રહિત પાલન કરેલ), તિરિત(વ્રતને પરિપૂર્ણ કરેલ હોવું), કીર્તિત(બીજાને ઉપદિષ્ટ કરાયેલ હોય), આરાધિત હોય. આજ્ઞા વડે અનુપાલિત થાય છે. એમ જ્ઞાતમુનિ ભગવંત મહાવીરે પ્રજ્ઞાપિત, પ્રરૂપિત કરેલ છે. લોકમાં આ શાસન શ્રેષ્ઠછે, પ્રસિદ્ધ છે, સિદ્ધ છે, સમ્યક પ્રકારે ઉપદેશેલું છે, પ્રશસ્ત છે અનેબહુમૂલ્ય છે, તેમ હું કહું છું.

**સંવરદ્વાર અધ્યયન-૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## સંવરદ્વાર, અધ્યયન–૨ 'સત્ય'

સૂત્ર–૩૬

હે જંબૂ ! બીજું સંવર–સત્ય વચન છે. તે શુદ્ધ, શુચિ, શિવ, સુજાત, સુ–ભાષિત, સુવ્રત, સુકથિત, સુદૃષ્ટ, સુપ્રતિષ્ઠિત, સુપ્રતિષ્ઠિતયશ, સુસંયમિત વચનથી કહેવાયેલ છે. તે સુરવર, નર વૃષભ, પ્રવર બલધારી અને સુવિહિત લોકોને બહુમત છે. પરમ સાધુજનનું ધર્મ અનુષ્ઠાન, તપ–નિયમથી પરિગૃહીત, સુગતિના પથનું પ્રદર્શક અને લોકમાં ઉત્તમ આ વ્રત છે. વિદ્યાધરની ગગનગમન વિદ્યાનું સાધક છે, સ્વર્ગ અને મુક્તિમાર્ગનું પ્રદર્શક છે, અવિતથ છે. તે સત્ય ઋજુ, અકુટિલ, યથાર્થ પદાર્થ પ્રતિપાદક, વિશુદ્ધ, ઉદ્યોતકર, પ્રભાસક છે. જીવલોકમાં અવિસંવાદી, યથાર્થ હોવાથી મધુર, પ્રત્યક્ષ દેવના સમાન, વિવિધ અવસ્થામાં ઘણા મનુષ્યોને આશ્ચર્યકારી છે.

મહાસમુદ્ર મધ્યે પણ મૂઢધી થઈ ગયેલ, દિશાભ્રમથી ગ્રસ્ત થયેલના વહાણ પણ સત્યના પ્રભાવથી રોકાઈ જાય છે, અથાહ જળમાં પણ ડૂબતા કે મરતા નથી, પણ સત્યથી થાહ પામે છે. અગ્નિના સંભ્રમમાં પણ બળતા નથી, ઋજુ મનુષ્યો સત્ય પ્રભાવે ઉકળતા તેલ–રાંગા–લોઢા–શીશાને સ્પર્શે, પકડે તો પણ બળતા નથી. પર્વતની ટોચેથી ફેંકવા છતાં મરતા નથી, સત્ય વડે પરિગૃહીત તલવારના પીંજરામાં ઘેરાય તો પણ સંગ્રામમાંથી અક્ષત શરીરે નીકળી જાય છે. સત્યવાદી વધ, બંધન, અભિયોગ, ઘોર વૈરી મધ્યેથી બચી નીકળે છે. શત્રુઓના મધ્યેથી પણ અક્ષત શરીરે સત્યવાદી નીકળી જાય છે, સત્યવચનમાં અનુરાગીનું દેવતા પણ સાન્નિધ્ય કરે છે, સહાય કરે છે.

તે સત્ય તીર્થંકર ભગવંતે દશ પ્રકારે કહેલ છે. ચૌદપૂર્વીએ તે પ્રાભૃતોથી જાણેલ છે, મહર્ષિઓને સિદ્ધાંતરૂપે દેવાયેલ છે, દેવેન્દ્ર–નરેન્દ્રોને અર્થરૂપે કહેલ છે. વૈમાનિકો દ્વારા સમર્થિત છે, મહાર્થ છે. મંત્ર–ઔષધી–વિદ્યાની સિદ્ધિનું કારણ છે, ચારણગણ આદિ શ્રમણોને વિદ્યા સિદ્ધ કરાવનાર છે, મનુષ્યગણ દ્વારા વંદનીય છે. સત્યવાદીઓ દેવગણોને અર્ચનીય, અસુરગણોને પૂજનીય, અનેક પાખંડી દ્વારા સ્વીકૃત છે. આ પ્રકારના મહીમાથી મંડિત આ સત્ય લોકમાં સારભૂત છે, મહાસાગરથી પણ ગંભીર છે, મેરુ પર્વતથી પણ અધિક સ્થિર છે, ચંદ્રમંડળથી અધિક સૌમ્ય છે, સૂર્યમંડળથી અધિક દીપ્ત છે. શરત્કાલીન આકાશ–તલથી પણ અધિક વિમલ, ગંધમાદનથી પણ અધિક સુરભિ સંપન્ન છે. લોકમાં જે પણ સમસ્ત મંત્ર, યોગ, જપ, વિદ્યા છે, જૃંભક દેવ છે. અસ્ત્ર, શસ્ત્ર, શિક્ષા અને આગમ છે, તે બધા સત્યમાં પ્રતિષ્ઠિત છે.

જે સત્ય સંયમમાં બાધક થાય, તેવું સત્ય જરા પણ ન બોલવું જોઈએ. જે સત્ય હિંસારૂપ પાપથી યુક્ત હોય, જે ભેદભાવ ઉત્પન્ન કરાવનાર હોય, વિકથાકારક, અનર્થવાદ કલહકારક હોય, અનાર્ય, અપવાદ વિવાદયુક્ત હોય,, વિડંબના કરનાર, જોશ અને ધૃષ્ટતાથી પરિપૂર્ણ હોય, નિર્લજ્જ, લોક–ગર્હણીય, દુર્દિષ્ટ, દુઃશ્રુત, ન જાણેલ હોય, તેવું સત્ય બોલવું ન જોઈએ. એ જ પ્રમાણે –.

પોતાની સ્તવના, બીજાની નિંદા–જેમ કે તું મેઘાવી નથી, તું ધન્ય નથી કે દરિદ્ર છે, તું ધર્મપ્રિય નથી, કુલિત નથી, દાનપતિ નથી, શૂરવીર નથી, સુંદર નથી, ભાગ્યવાન્ નથી, પંડિત નથી, બહુશ્રુત નથી, તપસ્વી નથી, પરલોકસંબંધી નિશ્ચયકારી બુદ્ધિ નથી. જે વચન સર્વકાળ જાતિ, કુળ, રૂપ, વ્યાધિ, રોગથી સંબંધિત હોય. જે પીડાકારી અને નીંદનીય હોવાથી વર્જનીય હોય, ઉપચારથી રહિત હોય. આવા પ્રકારનું સત્ય ન બોલવું જોઈએ.

તો કેવા પ્રકારનું સત્ય બોલવું જોઈએ ?

જે વચન દ્રવ્ય–પર્યાય–ગુણોથી, ક્રિયાથી, બહુવિધ શિલ્પોથી, આગમથી યુક્ત હોય, સંજ્ઞા–આખ્યાત–નિપાત–ઉપસર્ગ–તદ્ધિત–સમાસ–સંધિપદ, હેતુ, યૌગિક, ઉણાદિ, ક્રિયાવિધાન, ધાતુ, સ્વર, વિભક્તિ, વર્ણયુક્ત હોય એવું સત્ય બોલવું જોઈએ. ત્રિકાળ વિષયક સત્ય દશ પ્રકારે છે. તે જ કથન અનુસાર અમલ કરવાથી સત્ય પ્રગટ થાય છે. અરહંત દ્વારા અનુજ્ઞાત ભાષા બાર પ્રકારે થાય છે, વચન અને સોળ ભેદે થાય છે. સંયમીએ આ પ્રમાણે આ સત્ય વચન યોગ્ય કાળે જ બોલવું જોઈએ.

સૂત્ર–૩૭

આ અલિક, પિશુન, કઠોર, કટુક, ચપળ વચનોથી રક્ષણ કરવા માટે ભગવંતે આ પ્રવચન સારી રીતે કહેલ છે, જે આત્મહિતકર, જન્માંતરમાં શુભ ભાવના યુક્ત, ભાવિમાં કલ્યાણકર, શુદ્ધ, નૈયાયિક, અકુટિલ, અનુત્તર, સર્વદુઃખ અને પાપનું ઉપશામક છે. તેની આ પાંચ ભાવના છે, જે અસત્યવચન વિરમણ–બીજા વ્રતના રક્ષણાર્થે છે –

૧. અનુવીચિભાષણ – સંવરનો અર્થ સાંભળીને, પરમાર્થ સારી રીતે જાણીને વેગથી, ત્વરિત, ચપળ, કટુક, કઠોર, સહસા, બીજાને પીડાકર એવું સાવદ્ય વચન બોલવું ન જોઈએ. પણ સત્ય, હિતકારી, મિત, ગ્રાહક, શુદ્ધ, સંગત, પૂર્વાપર અવિરોધી, સમિક્ષિત–સમ્યક્ પ્રકારે વિચારેલ વચન સાધુએ અવસરે યતનાપૂર્વક બોલવું.

આ રીતે અનુવીચિ–સમિતિ યોગથી અંતરાત્મા ભાવિત હોય છે, તે અને જે હાથ–પગ–નયન–વદન ઉપર સંયમ રાખનાર, શૂરવીર હોય છે તે સત્ય અને આર્જવ ધર્મ સંપન્ન હોય છે..

૨. ક્રોધનિગ્રહ – ક્રોધનું સેવન ન કરવું, ક્રોધી–ચંડ–રૌદ્ર મનુષ્ય અસત્ય બોલે છે, ચુગલી કરે છે, કઠોર ભાષણ કરે છે, અસત્ય–પૈશુન્ય–કઠોર બોલે છે. કલહ–વૈર–વિકથા કે આ ત્રણે સાથે કરે છે. સત્ય–શીલ–વિનયને હણે છે અથવા આ ત્રણેને હણે છે. દ્વેષ–દોષ–અનાદરનું પાત્ર થાય છે અથવા આ ત્રણેનું પાત્ર થાય છે.

ક્રોધાગ્નિથી પ્રજ્વલિત હૃદય મનુષ્ય આવા અને આ પ્રકારના અન્ય સાવદ્ય વચન બોલે છે. તેથી ક્રોધનું સેવન ન કરવું. આ રીતે ક્ષમાથી ભાવિત અંતરાત્મા વાળા હાથ, પગ, નેત્ર અને મુખના સંયમથી યુક્ત સાધુ શૂરવીર હોય છે, તે સત્ય અને આર્જવ ધર્મ સંપન્ન હોય છે.

૩. લોભનિગ્રહ – લોભને ન સેવવો. લુબ્ધ મનુષ્ય લોલુપ થઈને – ક્ષેત્ર, વાસ્તુને માટે અસત્ય બોલે છે. કીર્તિ અને લોભને માટે અસત્ય બોલે છે. વૈભવ અને સુખને માટે અસત્ય બોલે છે. પીઠ અને ફલક માટે અસત્ય બોલે છે. શય્યા અને સંથારા માટે અસત્ય બોલે છે. વસ્ત્ર અને પાત્ર માટે અસત્ય બોલે છે. કંબલ અને પાદપ્રોંછન માટે અસત્ય બોલે છે. શિષ્ય અને શિષ્યા માટે અસત્ય બોલે છે. ભોજન અને પાન માટે અસત્ય બોલે છે.

આ નવ કારણ તથા આવા અન્ય કારણોથી લોભી–લાલચી મનુષ્ય અસત્ય ભાષણ કરે છે. તેથી લોભનું સેવન ન કરવું.

આ પ્રકારે મુક્તિ–નિર્લોભતાથી ભાવિત અંતઃકરણવાળા સાધુ હાથ–પગ–નેત્ર–મુખના સંયમથી યુક્ત સાધુ શૂરવીર હોય છે, તે સત્ય અને આર્જવ ધર્મ સંપન્ન હોય છે.

૪. નિર્ભયતા – ભયભીત ન થવું જોઈએ. ભયભીતને અનેક ભય શીઘ્ર જકડી લે છે. ભયભીત મનુષ્ય – અસહાય રહે છે, ભૂત–પ્રેત દ્વારા આક્રાંત કરાય છે. બીજાને પણ ડરાવી દે છે. તપ–સંયમ પણ છોડી દે છે. ભારનો નિર્વાહ કરી શકતો નથી. સત્પુરુષો સેવિત માર્ગનું અનુસરણ કરવા સમર્થ થતો નથી.

તેથી ભય, વ્યાધિ, રોગ, જરા, મૃત્યુ વડે અથવા આવા પ્રકારના અન્ય ભયથી ડરવું જોઈએ નહીં.

આ રીતે ધૈર્યથી ભાવિત અંતરાત્માવાળા સાધુ હાથ–પગ–નેત્ર–મુખના સંયમથી યુક્ત સાધુ શૂરવીર હોય છે, તે સત્ય અને આર્જવ ધર્મ સંપન્ન હોય છે.

૫. પરિહાસવર્જન – હાસ્યને સેવવું ન જોઈએ. તે સેવનાર. અસત્ય અને અસત્ વચન બોલે છે. પરિહાસ, પરપરિભવ–પર–પરિવાદ–પરપીડાકારક તથા ભેદ અને વિમુક્તિનું કારક બને છે. હાસ્ય અન્યોન્ય જનિત હોય છે, અન્યોન્ય ગમનનું કારણ બને છે, અન્યોન્ય મર્મોને પ્રકાશિત કરનાર બને છે, હાસ્ય કર્મ–કંદર્પ–અભિયોગ ગમનનું કારણ બને છે. અસુરતા અને કિલ્બિષિકત્વનું જનક છે. તેથી હાસ્ય ન સેવવું. એ રીતે મૌનથી ભાવિત અંતરાત્મા વાળા સાધુ હાથ–પગ–નેત્ર–મુખના સંયમથી યુક્ત સાધુ શૂરવીર હોય છે, તે સત્ય અને આર્જવ ધર્મ સંપન્ન હોય છે.

આ રીતે આ સંવરદ્વાર સમ્યક્ સંવરિત અને સુપ્રણિહિત થાય છે.

આ પાંચ કારણોથી–ભાવનાથી, મન–વચન–કાયથી પૂર્ણરૂપે સુરક્ષિત થાય છે. તેથી ધૈર્યવાન્ અને

મતિમાન સાધકે અનાશ્રવ, અકલુષ, નિશ્છિદ્ર, અપરિસ્રાવી, અસંક્લિષ્ટ તથા સર્વજિનેશ્વરો વડે અનુજ્ઞાત આ યોગને આમરણાંત જીવનમાં ઊતારવો જોઈએ.

આ પ્રમાણે બીજું સંવરદ્વાર સ્પર્શિત(યથા સમયે વિધિપૂર્વક સ્વીકારેલ), પાલિત(નિરંતર ઉપયોગપૂર્વક આચરિત), શોધિત(અતિચાર રહિત પાલન કરેલ), તિરિત(વ્રતને પરિપૂર્ણ કરેલ હોવું), કીર્તિત(બીજાને ઉપદિષ્ટ કરાયેલ હોય), આરાધિત હોય. આજ્ઞા વડે અનુપાલિત થાય છે.

એવું જ્ઞાતમુનિ, ભગવંતે પ્રજ્ઞાપિત, પ્રરૂપિત કરેલ છે. સિદ્ધવરશાસન પ્રસિદ્ધ છે. આઘવિત–સુદેશિત–પ્રશસ્ત છે – તેમ હું કહું છું.

સંવરદ્વાર અધ્યયન-૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

## સંવરદ્વાર, અધ્યયન–૩ ' દત્તાનુજ્ઞાત'

સૂત્ર–૩૮

હે જંબૂ ! ત્રીજું સંવરદ્વાર "દત્તાનુજ્ઞાત" નામે છે. હે સુવ્રત ! આ મહાવ્રત છે તથા અણુવ્રત પણ છે. આ પરકીય દ્રવ્યના હરણની નિવૃત્તિરૂપ ક્રિયાથી યુક્ત છે. આ વ્રત. અપરિમિત–અનંત તૃષ્ણાથી અનુગત મહાઅભિલાષાથી યુક્ત મન, વચન દ્વારા પાપમય પરદ્રવ્ય–હરણનો સમ્યક્ નિગ્રહ કરે છે. આ વ્રતના પ્રભાવે. મન સુસંયમિત થાય છે. હાથ–પગ પરધનના ગ્રહણથી વિરત થઈ જાય છે. આ વ્રત નિર્ગ્રન્થ, નૈષ્ઠિક, નિરુક્ત, નિરાસ્રવ, નિર્ભય અને વિમુક્ત છે. પ્રધાન નરવૃષભ, પ્રવર બળવાન, સુવિહિતજન સંમત છે. શ્રેષ્ઠ સાધુનું ધર્માચરણ છે.

આ વ્રતમાં. ગામ, આકર, નગર, નિગમ, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, સંબાધ, પટ્ટન કે આશ્રમમાં પડેલ ઉત્તમ મણિ, મોતી, શિલા, પ્રવાલ, કાંસુ, વસ્ત્ર, ચાંદી, સોનું, રત્ન આદિ કોઈ પણ દ્રવ્ય પડેલ–ભૂલાયેલ–ગુમાવાયેલ હોય, તો તે વિષયમાં કોઈને કહેવાનું કે ઉઠાવી લેવાનું કલ્પતુ નથી. કેમ કે સાધુને. હિરણ્ય–સુવર્ણના ત્યાગી બનીને, પાષાણ અને સુવર્ણમાં સમભાવ રાખી, અપરિગ્રહી અને સંવૃત્ત થઈને લોકમાં વિચરવું જોઈએ.

કોઈપણ દ્રવ્ય–વસ્તુ ખલિહાન, ખેતર, જંગલમાં પડેલી હોય, કોઈ ફૂલ, ફળ, છાલ, પ્રવાલ, કંદમૂળ, તૃણ, કાષ્ઠ કે કાંકરા હોય, તે અલ્પ કે ઘણું હોય, સૂક્ષ્મ કે સ્થૂળ હોય તો પણ સ્વામીના આપ્યા વિના કે આજ્ઞા લીધા વિના ગ્રહણ કરવી ન કલ્પે. ઘર કે સ્થંડિલ ભૂમિ પણ આજ્ઞા પ્રાપ્ત કર્યા વિના ગ્રહણ કરવી ઉચિત નથી. નિત્ય અવગ્રહની આજ્ઞા લઈને જ તેને લેવી જોઈએ.

અપ્રીતિકરના ઘરમાં પ્રવેશ, અપ્રીતિકરના ભોજન–પાન, અપ્રીતિકરના પીઠ, ફલક, શય્યા, સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડ, રજોહરણ, નિષદ્યા, ચોલપટ્ટક, મુહપત્તિ, પાદપ્રોંછનક, ભાજન, ભાંડ, ઉપધિ, ઉપકરણ ગ્રહણ કરવી નહીં. પર પરિવાદ, પરદોષ કથન અને પરવ્યપદેશ ન કરવો. બીજાના નામે કંઈ ગ્રહણ કરે, સુકૃત્‌નો નાશ કરે, દાનમાં અંતરાય કરે, દાનનો નાશ કરે, પૈશુન્ય–માત્સર્ય કરે તો આ બધાનો નિષેધ હોવાથી તેમ ન કરવુ..

જે કંઈ પીઠ, ફલક, શય્યા, સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ, મુહપત્તિ, પાદ પ્રોંછનાદિ, ભાજન, ભાંડ, ઉપકરણ, ઉપધિનો સંવિભાગ ન કરે, અસંગ્રહરૂચિ હોય, તપચોર–વચનચોર–રૂપચોર–આચારચોર–ભાવચોર હોય. જે શબ્દ–ઝંઝા–કલહ–વૈર–વિકથા કે અસમાધિકર હોય, સદા અપ્રમાણભોજી, સતત અનુબદ્ધ વૈરયુક્ત, નિત્ય રોષયુક્ત તે અસ્તેય વ્રતનો આરાધક ન થાય.

આ અસ્તેયવ્રતનો આરાધક કોણ થાય ?

જે તે ઉપધિ, ભોજન, પાનના સંગ્રહ અને દાનમાં કુશળ હોય. અત્યંત બાલ, દુર્બલ, ગ્લાન, વૃદ્ધ, ક્ષપક આદિ તથા પ્રવર્તક, આચાર્ય, ઉપાધ્યાય, શૈક્ષ, આધર્મિક, તપસ્વી, કુલ, ગણ, સંઘ, ચૈત્યને માટે, નિર્જરાર્થે, જે અનિશ્રિત હોય, તે જ બહુ પ્રકારે દશવિધ વૈયાવચ્ચ કરી શકે છે. તે અપ્રીતિકારક–ઘરમાં પ્રવેશે નહીં, ભોજન–પાન ન લે, કે તેના પીઠ, ફલક, શય્યા, સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડ, રજોહરણ, નિષદ્યા, ચોલપટ્ટક, મુહપત્તિ, પાદપ્રોંછનક, ભાજન, ભાંડ, ઉપધિ, ઉપકરણ સેવતા–વાપરતા નથી. બીજાનો પરિવાદ–નિંદા ન કરે. બીજાના દોષોને ગ્રહણ ન કરે, બીજાના નામે પણ કંઈ ગ્રહણ ન કરે. કોઈને વિપરિણામિત ન કરે, બીજાના દાનાદિ સુકૃત્‌નો અપલાપ ન કરે. જે દાનાદિ કે વૈયાવચ્ચ કરીને પશ્ચાત્તાપ ન કરે, એવા સંવિભાગશીલ, સંગ્રહ–અવગ્રહ કુશલ, આ વ્રતના આરાધક થાય.

પરદ્રવ્યહરણ વિરમણરૂપ આ વ્રતના રક્ષણાર્થે ભગવંતે આ પ્રવચન સારી રીતે કહેલ છે, તે આત્મહિતકર, આગામી ભવમાં શુભ ફળદાયી, કલ્યાણકર, શુદ્ધ, ન્યાયિક, અકુટિલ, અનુત્તર, સર્વદુઃખ અને પાપનું ઉપશામક છે.

તે પરદ્રવ્યહરણ વિરમણ એવા ત્રીજા વ્રતના રક્ષણને માટે આ પાંચ ભાવનાઓ કહેલી છે. તે આ –

૧. દેવકુલ, સભા, પ્રપા, આવસથ, વૃક્ષમૂળ, આરામ, કંદરા, આકર, ગિરિગુફા, કર્મ, ઉદ્યાન, યાનશાળા, કુપ્ય–શાળા, મંડપ, શૂન્યગૃહ, સ્મશાન, લયન, આપણ, બીજા પણ આવા પ્રકારના અન્ય સ્થાનોમાં, જે સચિત્ત જળ–માટી,

બીજ, દુર્વા આદિ હરિત, ત્રસ–પ્રાણ જીવથી રહિત હોય, યથાકૃત–પ્રાસુક–વિવિક્ત–પ્રશસ્ત હોય, એવા ઉપાશ્રયમાં સાધુએ વિચરવું. પરંતુ ...

આધાકર્મની બહુલતાવાળા, આસિક્ત, સંમાર્જિત, ઉત્સિક્ત, શોભિત, છાદન–દૂમન–લિંપણ–અનુલિંપણ–જ્વલન–ભાંડચાલણ એવા સ્થાન હોય., જ્યાં અંદર–બહાર અસંયમ–જીવ વિરાધના થતી હોય, આ બધું જ્યાં સાધુના નિમિત્તે થતું કે થયું હોય તેવા ઉપાશ્રય–સ્થાન સાધુ માટે વર્જ્ય છે. તે સ્થાનો સૂત્રમાં પ્રતિષેધ કરાયેલા છે. આ રીતે વિવિક્ત સ્થાનમાં વસવારૂપ સમિતિ યોગથી ભાવિત અંતરાત્મા મુનિ સદા દુર્ગતિના કારણરૂપ પાપકર્મને કરવા, કરાવવાથી નિવૃત્ત થાય છે તથા દત્ત–અનુજ્ઞાત અવગ્રહમાં રુચિવાળા થાય છે.

૨. બીજી ભાવના–આરામ, ઉદ્યાન, કાનન, વન આદિ સ્થાનોમાં જે કંઈ પણ ઇક્કડ, કઠિનગ, જંતુગ, પરા–મેર–કુર્ચ–કુશ–દર્ભ–પલાલ–મૂયક–વલ્વજ–પુષ્પ–ફળ–ત્વચા–પ્રવાલ–કંદ–મૂલ–તૃણ–કાષ્ઠ–કંકર આદ દ્રવ્ય શય્યા–ઉપધિને માટે ગ્રહણ કરે છે. તો આ ઉપાશ્રયની અંદરની ગ્રાહ્ય વસ્તુને દાતા દ્વારા આપ્યા વિના ગ્રહણ કરવાનું ન કલ્પે, પણ પ્રતિદિન અવગ્રહ અનુજ્ઞા લઈને ગ્રહણ કરવું જોઈએ. આ પ્રમાણે અવગ્રહ સમિતિ યોગથી ભાવિત અંતરાત્મા નિત્ય અધિકરણ કરણ–કારાવણ, પાપકર્મથી વિરત દત્ત–અનુજ્ઞાત અવગ્રહની રૂચિવાળો થાય.

૩. ત્રીજી ભાવના–પીઠ, ફલક, શય્યા, સંસ્તારકને માટે વૃક્ષો છેદવા નહીં. છેદન–ભેદન વડે શય્યા તૈયાર ન કરાવવી. જેના ઉપાશ્રયમાં નિવાસ કરે, ત્યાં જ શય્યાની ગવેષણા કરવી જોઈએ, તે વિષમભૂમિને સમ ન કરે, પવન વિનાના સ્થાનને પવનવાળુ ન કરે, તે માટે ઉત્સુક ન થાય. ડાંસ–મચ્છરને ક્ષોભિત કરવા અગ્નિનો ધૂમાડો ન કરે. એ પ્રમાણે સંયમ–સંવર–સંવૃત્ત–સમાધિ બહુલ, ધીર મુનિ, કાયાથી વ્રતને પાળતા, સતત અધ્યાત્મ–ધ્યાન યુક્ત, સમિત થઈને એકાકી ધર્મ આચરણ કરે. આ પ્રમાણે શય્યા સમિતિયોગથી ભાવિત અંતરાત્મા–મુનિ સદા દુર્ગતિના કારણભૂત પાપકર્મથી વિરત અને દત્ત અનુજ્ઞાત અવગ્રહ રૂચિ થાય છે.

૪. ચોથી ભાવના–બધા સાધુ માટે સાધારણ, સંમિલિત ભોજન–પાણી આદિ મળે ત્યારે સાધુએ સમ્યક્ રીતે, યતનાપૂર્વક વાપરવા જોઈએ. શાક અને સૂપ–દાળની અધિકતાવાળુ ભોજન ન ખાવુ. વેગથી–ત્વરાથી–ચપળતાથી–વિચાર્યા વિના–બીજાને પીડાકર અને સાવદ્ય હોય તેવું ભોજન ન કરવું જેથી ત્રીજા વ્રતમાં બાધા ન થાય. આ સાધારણ ભોજન–પાનના લાભમાં સૂક્ષ્મ અદત્તાદાન વ્રત–નિયમ વિરમણ છે. આ પ્રમાણે સાધારણ ભોજન–પાન લાભમાં સમિતિયોગથી ભાવિત અંતરાત્મા સદા દુર્ગતિહેતુ પાપકર્મ કરણ–કરાવણથી વિરત થાય છે અને દત્ત અનુજ્ઞાત અવગ્રહની રૂચિ વાળો થાય છે.

૫. પાંચમી ભાવના– સાધર્મિક પ્રતિ વિનયનો વ્યવહાર કરવો. ઉપકરણ અને પારણામાં, વાચના અને પરિવર્તનામાં, દાન–ગ્રહણ અને પૃચ્છનામાં, નિષ્ક્રમણ અને પ્રવેશમાં વિનયને પ્રયોજવો જોઈએ. આ સિવાય, આવા પ્રકારના સેંકડો કારણોમાં વિનય પ્રયોજવો જોઈએ. કેમ કે વિનય એ જ તપ છે, તપ એ જ ધર્મ છે. તેથી વિનય આચરણ કરવું જોઈએ. આ વિનય; ગુરુ, સાધુ, તપસ્વીનો કરવો. આ પ્રમાણે વિનયથી ભાવિત અંતરાત્મા નિત્ય દુર્ગતિના હેતુરૂપ પાપકર્મ કરવા–કરાવવાના કર્મથી વિરત તથા દત્ત અનુજ્ઞાત અવગ્રહ રૂચિ થાય છે.

આ પ્રમાણે આ ત્રીજું સંવરદ્વાર સારીરીતે પાલન કરતા સુપ્રણિહિત મન, વચન, કાયાના યોગથી આ પાંચ ભાવનાનું નિત્ય આમરણાંત આરાધન કરવું. તે અનાસ્રવ યાવત મંગલમય છે. આ પ્રમાણે ત્રીજું સંવરદ્વાર સ્પર્શિત, પાલિત, શોધિત, તીરિત, કીર્તિત, આરાધિત અને અનુપાલિત થાય છે.

જ્ઞાત મુનિ ભગવંત દ્વારા આ પ્રમાણે પ્રજ્ઞાપિત, પ્રરૂપિત, પ્રસિદ્ધ, સિદ્ધ, આઘવિત, સુદેશિત, પ્રશસ્ત છે.

**સંવરદ્વાર અધ્યયન-૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## સંવરદ્વાર, અધ્યયન–૪ ' બ્રહ્મચર્ય'

સૂત્ર–૩૯ થી ૪૩

**૩૯.** હે જંબૂ ! હવે બ્રહ્મચર્ય – જે ઉત્તમ તપ, નિયમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમ્યક્ત્વ, વિનયનું મૂળ છે. યમ, નિયમ, ગુણપ્રધાન યુક્ત છે. હિમવંત પર્વતથી મહાન, તેજોમય, પ્રશસ્ત–ગંભીર–સ્તિમિત–મધ્ય છે. સરળાત્મા સાધુજન દ્વારા આચરિત, મોક્ષનો માર્ગ છે. વિશુદ્ધ સિદ્ધિ ગતિના આવાસરૂપ છે. શાશ્વત–અવ્યાબાધ–પુનર્ભવ રહિતકર્તા છે. પ્રશસ્ત–સૌમ્ય–શુભ છે. શિવ–અચલ અને અક્ષયકર છે.

ઉત્તમ મુનિ દ્વારા રક્ષિત, સુચરિત, સુભાષિત છે. શ્રેષ્ઠ મુનિઓ દ્વારા જે ધીર, શૂરવીર, ધાર્મિક અને ધૃતિમંતોને સદા વિશુદ્ધ, ભવ્ય, ભવ્યજનોથી આરાધિત છે. આ વ્રત નિઃશંકિત, નિર્ભય, નિસ્સારતા રહિત, નિરાયાસ, નિરુપલેપ, નિવૃત્તિગૃહ અને નિયમથી નિષ્કંપ છે. તપ અને સંયમનો મૂલાધાર છે. પાંચ મહાવ્રતોમાં સુરક્ષિત, સમિતિ–ગુપ્તિ–ગુપ્ત છે. ઉત્તમ ધ્યાનરૂપ સુનિર્મિત કબાટવાળુ છે અને અધ્યાત્મ ચિત્ત જ તેની અર્ગલા છે. દુર્ગતિના માર્ગને રુદ્ધ અને આચ્છાદિત કરનાર છે, સુગતિપથદર્શક છે. આ વ્રત લોકમાં ઉત્તમ છે.

આ વ્રત કમળોથી સુશોભિત સરોવર અને તળાવ સમાન પાળી રૂપ, મહાશકટના પૈડાના આરાની નાભિ સમાન, વિશાળ વૃક્ષના સ્કંધ સમાન, મહાનગરના દ્વાર–પ્રાકાર–અર્ગલા સમાન, દોરીથી બાંધેલ ઇન્દ્રધ્વજ સદૃશ, અનેક નિર્મળ ગુણોથી વ્યાપ્ત છે. જેના ભગ્ન થવાથી સહસા, સર્વે વિનય–શીલ–તપ–નિયમ અને ગુણોનો સમૂહ ફૂટેલા ઘડાની સમાન સંભગ્ન થઈ જાય છે. મથિત–ચૂર્ણિત–કુશલ્યયુક્ત–પર્વતથી લુઢકેલ શિલાની જેમ પડેલ–પરિસડિત–વિનાશિત થઈ જાય છે. બ્રહ્મચર્યવ્રત વિનય–શીલ–તપ–નિયમ ગુણસમૂહ રૂપ છે.

તે ભગવંત(પૂજ્ય) બ્રહ્મચર્ય ની બત્રીશ ઉપમા આ પ્રમાણે છે–.

૧. ગ્રહગણ નક્ષત્ર તારામાં ચંદ્ર સમાન, ૨. મણિ–મોતી–શિલા–પ્રવાલ લાલ રત્નના આકરરૂપ સમુદ્ર સમાન, ૩. મણિમાં વૈડૂર્ય સમાન, ૪. આભૂષણમાં મુગટ, ૫. વસ્ત્રોમાં ક્ષૌમ યુગલ, ૬. પુષ્પોમાં શ્રેષ્ઠ અરવિંદ,

૭. ચંદનોમાં ગોશીર્ષચંદન, ૮. ઔષધિના ઉત્પત્તિસ્થાન હિમવંત પર્વત, ૯. નદીમાં સીતોદા, ૧૦. સમુદ્રમાં સ્વયંભૂરમણ, ૧૧. માંડલિક પર્વતોમાં રુચકવર, ૧૨. ગજરાજમાં ઐરાવણ, ૧૩. મૃગોમાં સિંહ સમાન,

૧૪. સુપર્ણકુમારમાં વેણુદેવ, ૧૫. નાગકુમારોમાં ધરણેન્દ્ર, ૧૬. કલ્પોમાં બ્રહ્મલોક, ૧૭. સભામાં સુધર્મા સભા, ૧૮. સ્થિતિમાં લવસપ્તમ, ૧૯. શ્રેષ્ઠ દાનોમાં અભયદાન, ૨૦. કંબલોમાં કૃમિરાગ કંબલ,

૨૧. સંઘયણોમાં વજ્રઋષભ, ૨૨. સંસ્થાનોમાં સમચતુરસ્ર, ૨૩. ધ્યાનોમાં પરમશુક્લ ધ્યાન, ૨૪. જ્ઞાનોમાં પરમ કેવળજ્ઞાન, ૨૫. લેશ્યામાં પરમશુક્લ લેશ્યા, ૨૬. મુનિઓમાં તીર્થંકર, ૨૭. વર્ષક્ષેત્રમાં મહાવિદેહ,

૨૮. ગિરિરાજમાં મેરુ પર્વત, ૨૯. વનોમાં નંદનવન, ૩૦. પ્રવર વૃક્ષોમાં જંબૂ અને સુદર્શન, ૩૧. તુરગપતિ–ગજપતિ–રથપતિ–નરપતિ સમાન વિખ્યાત યશવાળા જીત નામે અને દીપ સમાન અને ૩૨. રથિક રાજાની જેમ મહારથી સમાન આ બ્રહ્મચર્યવ્રત જાણવું..

આ પ્રમાણે બ્રહ્મચર્ય આરાધનથી. અનેક ગુણો આધીન થાય છે. એક જ બ્રહ્મચર્યને આરાધિત કરતા બધા વ્રતો આરાધિત થાય છે. જેમ શીલ, તપ, વિનય, સંયમ, ક્ષાંતિ, ગુપ્તિ, મુક્તિ. બ્રહ્મચર્ય વડે ઇહલૌકીક અને પારલૌકીક યશ અને કીર્તિ પ્રાપ્ત થાય છે. વિશ્વાસનું કારણ છે. તેથી સ્થિર ચિત્તે, સર્વથા વિશુદ્ધ બ્રહ્મચર્યનું યાવજ્જીવ યાવત્ મૃત્યુના આગમન સુધી પાલન કરવું જોઈએ. એ પ્રમાણે ભગવંત કહેલ છે. તે આ પ્રમાણે –

**૪૦.** પાંચ મહાવ્રતોરૂપ શોભનવ્રતનું મૂળ, શુદ્ધાચારી મુનિ દ્વારા સમ્યક્ સેવિત વૈરનો વિરામ અને અંત કરનાર અને સર્વે સમુદ્રોમાં મહોદધિમાં તરવાના ઉપાયથી તીર્થ સ્વરૂપ છે.

**૪૧.** તીર્થંકરો વડે સારી રીતે કહેલ માર્ગરૂપ, નરક અને તિર્યંચગતિને રોકનાર માર્ગરૂપ, સર્વે પવિત્ર અનુષ્ઠાનો ને સારયુક્ત બતાવનાર અને સિદ્ધિ અને વૈમાનિક ગતિના દ્વાર ખોલનાર છે.

૪૨. દેવેન્દ્ર, નરેન્દ્ર દ્વારા નમસ્કૃત, પૂજિત, સર્વ જગતમાં ઉત્તમ અને મંગલ માર્ગ, દુર્ધર્ષ, ગુણોમાં અદ્વીતિય નાયક, મોક્ષપથના અવતંસક રૂપ છે.

૪૩. બ્રહ્મચર્ય વ્રતના શુદ્ધ આચરણથી સુબ્રાહ્મણ, સુશ્રમણ, સુસાધુ થાય છે. જે શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે, તે જ ઋષિ છે, તે જ મુનિ છે, તે જ સંયત છે, તે જ ભિક્ષુ છે. **બ્રહ્મચર્યનું અનુપાલન કરનારાએ સર્વ કાળને માટે અહીં કહેવાનારી બાબતોનો ત્યાગ કરવો જોઈએ –**

રતિ–રાગ–દ્વેષ–મોહની વૃદ્ધિ કરનાર પ્રમાદ દોષ, પાર્શ્વસ્થ જેવું આચરણ, અભ્યંગન, તેલ વડે સ્નાન, વારંવાર બગલ–મસ્તક–હાથ–પગ–વદનને ધોવા, સંબાધન, ગાત્રકર્મ, પરિમર્દન, અનુલેપન, ચૂર્ણ, વાસ, ધૂપન, શરીર પરિમંડન, બાકુશિક કર્મ, સંવારણ, ભણિત, નૃત્ય–ગીત–વાજિંત્ર–નટ–નાટક–જલ્લ મલ્લ પ્રેક્ષણ વેલંબક, આ અને આવા બીજા પણ જે શૃંગારના સ્થાનો છે, જેનાથી તપ–સંયમ–બ્રહ્મચર્યના ઘાતોપઘાત થાય, તે બધાને બ્રહ્મચારી તજે.

આ તપ–નિયમ–શીલ–યોગથી નિત્યકાળ અંતરાત્મા ભાવિત થાય છે. તે કયા છે ?

સ્નાન ન કરે, દંતધાવન ન કરે, સ્વેદ–મલ–જલ્લ ધારણ કરે. મૌનવ્રત અને કેશલોચ કરે. ક્ષમા–દમન, અચેલકત્વ, ક્ષુધા–પીપાસા સહેવી, લાઘવતા, શીતોષ્ણ પરિષહ સહેવા, કાષ્ઠશય્યા, ભૂમિ નિષદ્યા, પરગૃહ પ્રવેશમાં પ્રાપ્ત–અપ્રાપ્ત, માન–અપમાન, નિંદા, દંશ–મશક સ્પર્શ, નિયમ–તપ–ગુણ–વિનય આદિ. જેનાથી બ્રહ્મચર્ય વ્રત અતિ સ્થિર થાય છે. આ અબ્રહ્મચર્ય વિરમણના પરિરક્ષણાર્થે ભગવંતે આ પ્રવચન સારી રીતે કહેલ છે. તે પરલોકમાં ફળદાયી, ભાવિમાં કલ્યાણકર, શુદ્ધ, નૈયાયિક, અકુટિલ, અનુત્તર, સર્વ દુઃખ અને પાપનું ઉપશામક છે.

ચોથા અબ્રહ્મચર્ય વિરમણના રક્ષણાર્થે આ પાંચ ભાવનાઓ છે –

૧. પહેલી ભાવના – શય્યા, આસન, ગૃહદ્વાર, આંગણ, આકાશ, ગવાક્ષ, શાલ, અભિલોચન, પાછળનું ઘર, પ્રસાધક, સ્નાન અને શૃંગાર સ્થાન ઈત્યાદિ બધા સ્થાનો, તે સિવાય વેશ્યાના સ્થાનો, જ્યાં સ્ત્રીઓ બેસતી હોય તેવા સ્થાન, વારંવાર મોહ–દ્વેષ–રતિ–રાગ વર્દ્ધક એવી ઘણી કથાઓ કહેવાતી હોય, તે બધાનું બ્રહ્મચારીએ વર્જન કરવું જોઈએ. સ્ત્રીસંસક્ત સંક્લિષ્ટ એવા બીજા પણ જે સ્થાન હોય તેને પણ વર્જવા જોઈએ. જેમ કે – જ્યાં મનોવિભ્રમ, બ્રહ્મચર્ય ભંગ કે ખંડિત થાય, આર્ત્ત–રૌદ્ર ધ્યાન થાય, તે–તે અનાયતન સ્થાનોનો પાપભીરૂઓ ત્યાગ કરે. સાધુ અંત–પ્રાંતવાસી રહે. આ પ્રમાણે અસંસક્ત વાસ વસતિ સમિતિ યોગથી ભાવિત અંતરાત્માવાળો બ્રહ્મચર્ય–મર્યાદામાં મનવાળો અને ઈન્દ્રિયધર્મથી વિરત, જિતેન્દ્રિય અને બ્રહ્મચર્યગુપ્ત થાય છે.

૨. બીજી ભાવના – નારીજનો મધ્યે વિવિધ પ્રકારની કથા ન કહેવી જોઈએ. જે બિબ્બોક–વિલાસયુક્ત, હાસ્ય–શૃંગાર–લોલિત કથા જેવી હોય, મોહજનની હોય. એ રીતે આવાહ–વિવાહ સંબંધી કથા, સ્ત્રીના સૌભાગ્ય–દુર્ભાગ્યની કથા, મહિલાના ૬૪–ગુણો, સ્ત્રીઓના વર્ણ–દેશ–જાતિ–કુળ–રૂપ–નામ–નેપથ્ય તથા પરિજન સંબંધી કથા તથા આવા જ પ્રકારની અન્ય કથાઓ શૃંગારક કે કરૂણ હોય, તપ–સંયમ–બ્રહ્મચર્યનો ઘાત–ઉપઘાત કરનારી હોય એવી કથાઓ બ્રહ્મચર્યના પાલન કરનાર સાધુ લોકોએ ન કહેવી જોઈએ, ન સાંભળવી જોઈએ, ન ચિંતવવી જોઈએ. આ પ્રમાણે સ્ત્રીકથા વિરતિ યોગથી ભાવિત અંતરાત્મા બ્રહ્મચર્યમાં રક્ત ચિત્તવાળો, ઈન્દ્રિય ધર્મથી વિરત, જિતેન્દ્રિય, બ્રહ્મચર્યગુપ્ત થાય છે.

૩. ત્રીજી ભાવના – સ્ત્રીના હાસ્ય, ભાષણ, ચેષ્ટિત, વિપ્રેક્ષિત, ગતિ, વિલાસ, ક્રીડિત તથા બિબ્બોકિત, નૃત્ય, ગીત, વાદિત, શરીર, સંસ્થાન, વર્ણ, હાથ, પગ, નયન, લાવણ્ય, રૂપ, યૌવન, પયોધર, હોઠ, વસ્ત્ર, અલંકાર, ભૂષણ તથા તેના ગોપનીય અંગો, તેમજ બીજી પણ આવા પ્રકારની તપ–સંયમ–બ્રહ્મચર્યના ઘાત–ઉપઘાત કરનાર ચેષ્ટાદિને. બ્રહ્મચર્યનું આચરણ કરનાર મુનિ આંખથી, મન વડે અને વચન વડે પાપમય કાર્યોની અભિલાષા ન કરે. આ પ્રમાણે સ્ત્રી રૂપ વિરતિ સમિતિ યોગથી ભાવિત અંતરાત્મા બ્રહ્મચર્યમાં રક્ત ચિત્તવાળો, ઈન્દ્રિય–વિકારથી વિરત,

જિતેન્દ્રિય અને બ્રહ્મચર્યગુપ્ત થાય છે.

૪. ચોથી ભાવના – પૂર્વ રમણ, પૂર્વે ક્રીડિત, પૂર્વ સગ્રંથ–ગ્રંથ–સંશ્રુત નું સ્મરણ ન કરવું.. આવાહ–વિવાહ–ચૂડા કર્મ, પર્વ તિથિઓમાં યજ્ઞમાં–ઉત્સવમાં શૃંગારના ગૃહ જેવી સુંદર વેશવાળી, હાવ–ભાવ–પ્રલલિત–વિક્ષેપ–વિલાસ આદિથી સુશોભિત અનુકૂળ પ્રેમિકા સાથે અનુભૂત શયન સંપ્રયોગ, ઋતુના ઉત્તમ સુખદ પુષ્પ–ગંધ–ચંદન–સુગંધી, ઉત્તમ વાસ–ધૂપ, સુખદ સ્પર્શ, વસ્ત્ર, આભૂષણ ગુણોથી યુક્ત તથા રમણીય આતોદ્ય, ગેય, પ્રચૂર નટ, નર્તક, જલ્લ–મલ્લ–મૌષ્ટિક–વિડંબક–કથક–પ્લવક–લાશક–આખ્યાયક–લંખ–મંખ–તૂણઇલ્લ–તુંબ–વીણિય–તાલાચાર આ બધી ક્રીડાઓ તથા ઘણાં મધુર સ્વર–ગીત–મનોહર સ્વર, બીજા પણ આવા પ્રકારના તપ–સંયમ–બ્રહ્મચર્યના ઘાતોપઘાત કરનારાને બ્રહ્મચર્યનું પાલન કરનાર શ્રમણે તેને જોવા–કહેવા કે સ્મરવા જોઈએ નહીં. આ પ્રમાણે પૂર્વરત–પૂર્વ ક્રીડિત વિરતિ સમિતિ યોગથી ભાવિત અંતરાત્મા આરતમન, વિરત ગ્રામધર્મ, જિતેન્દ્રિય, બ્રહ્મચર્ય ગુપ્ત થાય છે.

૫. પાંચમી ભાવના– પ્રણિત અને સ્નિગ્ધ ભોજનના ત્યાગી, સંયત સુસાધુ; દૂધ–દહીં–ઘી–માખણ–તેલ–ગોળ–ખાંડ–મિસરી–મધુ–મદ્ય–માંસ–ખજ્જક–વિગઈ રહિત આહાર કરે. પણ દર્પકારક આહાર ન કરે. તે દિવસમાં ઘણીવાર કે દરરોજ આહાર ન કરે. શાક–દાળની અધિકતાવાળુ કે પ્રચૂર ભોજન ન કરે. સંયમયાત્રા થાય તેટલો જ આહાર કરે, જેનાથી મનોવિભ્રમ કે ધર્મથી ચ્યુત ન થાય. આ રીતે પ્રણિત આહારની વિરતિરુપ સમિતિના યોગથી ભાવિત અંતરાત્મા આરત મન, વિરત ગ્રામધર્મ, જિતેન્દ્રિય, બ્રહ્મચર્ય ગુપ્ત થાય.

આ પ્રમાણે સંવરદ્વાર સમ્યક્ સંવરિત અને સુપ્રણિહિત થાય છે.

આ પાંચ ભાવનાથી મન–વચન–કાયાથી પરિરક્ષિત નિત્ય આમરણાંત આ યોગનું ધૃતિમાન્, મતિમાન મુનિ પાલન કરે. આ સંવરદ્વાર અનાશ્રવ, અકલુષ, નિશ્છિદ્ર, અપરિસ્રાવી, અસંક્લિષ્ટ, શુદ્ધ, સર્વે જિન દ્વારા અનુજ્ઞાત છે.

આ રીતે ચોથું સંવરદ્વાર સ્પર્શિત, પાલિત, શોધિત, તીરિત, કીર્તિત, આજ્ઞા વડે અનુપાલિત થાય છે.

આ પ્રમાણે જ્ઞાત મુનિ ભગવંત મહાવીરે પ્રજ્ઞાપિત અને પ્રરૂપિત કરેલ છે. તે પ્રસિદ્ધ છે, સિદ્ધ છે, લોકમાં આ શાસન શ્રેષ્ઠ છે. આઘવિત–સુદેશિત–પ્રશસ્ત છે. તેમ હું કહું છું.

**સંવરદ્વાર અધ્યયન-૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## સંવરદ્વાર, અધ્યયન–૫ ' પરિગ્રહ વિરતિ'

સૂત્ર–૪૪

હે જંબૂ ! જે અપરિગ્રહ સંવૃત્ત છે, આરંભ અને પરિગ્રહ થકી વિરત છે, ક્રોધ–માન–માયા–લોભથી વિરત છે, તે જ શ્રમણ કહેવાય છે.

એક અસંયમ, બે–રાગ અને દ્વેષ, ત્રણ દંડ, ત્રણ ગારવ, ત્રણ ગુપ્તિ, ત્રણ વિરાધના, ચાર કષાય, ચાર ધ્યાન, ચાર સંજ્ઞા, ચાર વિકથા, પાંચ ક્રિયા, પાંચ સમિતિ, પાંચ ઇન્દ્રિય, પાંચ મહાવ્રત, છ જીવનિકાય, છ લેશ્યા, સાત ભય, આઠ મદ, નવ બ્રહ્મચર્યગુપ્તિ, દશ પ્રકારે શ્રમણધર્મ, અગિયાર–ઉપાસક પ્રતિમા, બાર ભિક્ષુપ્રતિમા, (તથા)

તેર ક્રિયાસ્થાનો, ચૌદ ભૂતગ્રામ, પંદર પરમાધામી, સોળ–ગાથા ષોડશક, સત્તર અસંયમ, અઢાર અબ્રહ્મ, ઓગણીસ જ્ઞાત અધ્યયન, વીશ અસમાધિ સ્થાન, એકવીશ શબલ, બાવીશ પરીષહ, તેવીસ સૂયગડ–અધ્યયન, ચોવીશ દેવ, પચીશ ભાવના, છવીશ ઉદ્દેશનકાળ, સત્તાવીશ સાધુગણ, અઠ્ઠાવીસ પ્રકલ્પ, ઓગણત્રીશ પાપશ્રુત, ત્રીશ મોહનીય, એકત્રીશ સિદ્ધોના ગુણ, બત્રીશ યોગસંગ્રહ, તેત્રીશ આશાતના –

આ પ્રકારે એકથી તેત્રીશ સુધીના, એક એકની વૃદ્ધિ કરતા આ બોલોમાં અને વિરતિમૂલક એવા અનેક સ્થાનોમાં શ્રદ્ધા અને હેયોપાદેયના વિવેકથી યુક્ત થઇ, મુનિ ત્યાજ્ય સ્થાનોનો ત્યાગ કરે અને આરાધવા લાયકને આરાધે. આ પ્રકારે જિન–પ્રશસ્ત, અવિતથ, શાશ્વત ભાવોમાં અવસ્થિત, શંકા–કાંક્ષા દૂર કરીને, નિદાન–ગારવ–લાભ રહિત થઈને, મૂઢતા રહિત થઈને, મન–વચન–કાયાથી ગુપ્ત થઈને શ્રમને, ભગવંતના શાસનની શ્રદ્ધા કરે.

સૂત્ર–૪૫

જે તે વીરવરના વચનથી પરિગ્રહ વિરતિના વિસ્તાર વડે આ સંવર વૃક્ષ અર્થાત અપરિગ્રહ નામનું અંતિમ સંવર દ્વાર ઘણા પ્રકારનું છે. સમ્યગ્ દર્શન તેનું વિશુદ્ધ મૂળ છે. ધૃતિ કંદ છે, વિનય વેદિકા છે, ત્રણ લોકમાં ફેલાયેલ વિપુલ યશ સઘન, મહાન્ સુનિર્મિત સ્કંધ છે. પાંચ મહાવ્રત વિશાળ શાખા છે. ભાવના રુપ ત્વચા છે.

ધ્યાન–શુભ યોગ–જ્ઞાન તે ઉત્તમ પલ્લવ અંકુરને ધારણ કરનાર છે. બહુગુણ પુષ્પોથી સમૃદ્ધ છે. શીલ સુગંધ, અનાશ્રવફળ, મોક્ષ ઉત્તમ બીજ સાર છે. મેરુ ગિરિના શિખરની ચૂલિકાની જેમ મોક્ષના ઉત્તમ મુક્તિમાર્ગના શિખરભૂત છે. એવું આ છેલ્લું સંવરદ્વાર છે.

ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પત્તન, આશ્રમમાં રહેલ કોઈપણ પદાર્થ, તે અલ્પ હોય કે બહુ હોય, નાનોહોય કેમોટો હોય, ત્રસ હોય કે સ્થાવરકાય હોય, તે દ્રવ્ય સમૂહને, મનથી પણ ગ્રહણ કરવો ન કલ્પે.

ચાંદી, સોનું, ક્ષેત્ર, વાસ્તુ, દાસી, દાસ, ભૃતક, પ્રેષક, હાથી, ઘોડા, બળદ, યાન, યુગ્ય, શયન, છત્ર, કુંડિકા, ઉપાનહ, મોરપીંછી, વીંઝણો, તાલવૃંત, લોઢું, રાંગ, સીસું, કાંસુ, ચાંદી, સોનુ, મણિ–મોતીનો આધાર સીપ સંપુટ, ઉત્તમ દાંત, શીંગડા, શૈલ, કાચ, ઉત્તમ વસ્ત્ર, ચર્મપાત્ર આમાનું કંઈપણ લેવું ન કલ્પે.

આ બધા મૂલ્યવાન પદાર્થ બીજાના મનમાં ગ્રહણ કરવાની તીવ્ર આકાંક્ષા ઉત્પન્ન કરે છે, તેને સંભાળવા અને વધારવાની ઇચ્છા ઉત્પન્ન કરે છે.

આ રીતે પુષ્પ, ફળ, કંદ, મૂળ આદિ તથા સણ જેમાં સત્તરમું છે, એવા સમસ્ત ધાન્યોને પણ પરિગ્રહ ત્યાગી સાધુ ઔષધ, ભેષજ કે ભોજનને માટે ત્રિવિધ યોગથી ગ્રહણ ન કરે. શા માટે ગ્રહણ ન કરે ?

અનંત જ્ઞાન–દર્શનના ધારક, શીલ–ગુણ–વિનય–તપ–સંયમના નાયક, સર્વ જગત જીવ વત્સલ, ત્રિલોક–પૂજ્ય, તીર્થંકર, જિનવરેન્દ્રએ પોતાના કેવળજ્ઞાનથી જોયેલ છે કે આ ત્રસ જીવોની યોનિ છે, તેનો વિચ્છેદ કરવો યોગ્ય નથી. તેથી ઉત્તમ શ્રમણ તેનું વર્જન કરે.

જે પણ ઓદન, કુલ્માષ, ગંજ, તર્પણ, મંથુ, ચૂર્ણ, ભુંજેલી ધાણી, પલલ, દાળ, તિલપાપડી, વેષ્ટિમ, વરસરક, ચૂર્ણ કોશ, ગોળ, શિખરિણી, વડા, લાડુ, દૂધ, દહીં, માખણ, તેલ, ખાજા, ખાંડ, મિશ્રી, મધુ, મદ્ય, માંસ, અનેક પ્રકારના

શાક, છાશ આદિ વસ્તુઓનો ઉપાશ્રયમાં, કોઈના ઘરમાં કે અટવીમાં સુવિહિત(પરિગ્રહ ત્યાગી), શોભન આચારવાળા સાધુને સંચય ન કલ્પે.

જે આહાર ઔદ્દેશિક, સ્થાપિત, રચિત, પર્યવજાત, પ્રકીર્ણ, પ્રાદુષ્કરણ, પ્રામિત્ય, મિશ્રજાત, ક્રીતકૃત, પ્રાભૃત દોષ વાળો હોય, જે આહાર, દાન કે પુન્ય માટે બનાવેલ હોય, જે આહાર, શ્રમણ કે ભિક્ષુક માટે તૈયાર કરાયો હોય, પશ્ચાત્ કર્મ, પુરઃકર્મ, નિત્યકર્મ દોષથી દૂષિત હોય, મ્રક્ષિત, અતિરિક્ત મૌખર, સ્વયંગ્રાહ કે આહૃત, મૃતિકાઉપલિપ્ત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ હોય અથવા તિથિ–યજ્ઞ–ઉત્સવમાં ઉપાશ્રયની અંદર કે બહાર રાખેલ હોય, હિંસા–સાવદ્ય દોષયુક્ત હોય, એવો આહાર સાધુને લેવો ન કલ્પે.

તો પછી કેવો આહાર સાધુને લેવો કલ્પે ?

જે આહાર અગિયાર પિંડપાતથી શુદ્ધ હોય, જે ખરીદેલ, હનન, પચન વડે કૃત–કારિત–અનુમોદિત ન હોય, નવ કોટિથી પરિશુદ્ધ હોય, દશ દોષથી મુક્ત, ઉદ્‌ગમ–ઉત્પાદના–એષણાથી શુદ્ધ, ચ્યુત–ચ્યાવિત–ત્યક્ત દેહ હોય, તેથી પ્રાસુક હોય, સંયોજના–ઇંગાલ–ધૂમદોષ રહિત હોય, છ કાયની રક્ષા માટે સ્વીકૃત હોય, એવા પ્રાસુક આહારથી પ્રતિદિન નિર્વાહ કરવો જોઈએ.

સુવિહિત શ્રમણને જો અનેક પ્રકારે જ્વર આદિ રોગ–આતંક(વ્યાધિ) ઉત્પન્ન થયા હોય, વાત–પિત્ત–કફનો અતિશય પ્રકોપ થાય કે સન્નિપાત થાય, તે કારણે ઉજ્જ્વળ, પ્રબળ, વિપુલ, કર્કશ, પ્રગાઢ દુઃખ ઉત્પન્ન થાય, અશુભ–કટુક–કઠોર હોય, દારુણ ફળ વિપાકી હોય, મહાભયકારી હોય, જીવનનો અંત કરનાર અને સમગ્ર શરીરમાં પરિતાપ ઉત્પાદક હોય, તો એવી દુઃખોત્પાદક સ્થિતિમાં પોતા માટે કે બીજા સાધુ માટે ઔષધ, ભૈષજ, આહાર–પાણીનો સંચય કરીને રાખવો ન કલ્પે.

પાત્રધારી સુવિહિત સાધુની પાસે જે પાત્ર, ભાંડ, ઉપધિ, ઉપકરણ હોય છે, જેવા કે – પાત્ર, પાત્ર બંધન, પાત્ર કેસરિકા, પાત્ર સ્થાપનિકા, પટલ, રજસ્ત્રાણ, ગુચ્છા, ત્રણ પ્રચ્છાદ, રજોહરણ, ચોલપટ્ટક, મુખાનંતક, આ બધા સંયમની વૃદ્ધિને માટે હોય છે. તથા વાત, આતપ, ધૂપ, ડાંસ, મચ્છર, શીતથી રક્ષણ માટે છે.

આ બધા ઉપકરણો રાગ–દ્વેષ રહિત થઈ સાધુએ ધારણ કરવા જોઈએ. રોજ તેનું પડિલેહણ, પ્રસ્ફોટન, પ્રમાર્જન કરવું જોઈએ. દિવસ અને રાત્રિના સતત અપ્રમત્ત રહી ભાજન, ભાંડ, ઉપધિ અને ઉપકરણને લેવા અને મૂકવા જોઈએ.

આવા આચાર પાલનથી તે સાધુ સંયત, વિમુક્ત, નિસ્સંગ, નિષ્પરિગ્રહ રૂચિ, નિર્મમત્વ, નિસ્નેહ બંધન, સર્વે પાપથી વિરત, વાસી–ચંદન સમાન કલ્પવાળો હોય છે. તે તૃણ–મણિ–મોતી–માટીના ઢેફામાં સમાન દૃષ્ટિવાળો, માન–અપમાનમાં સમતા ધારણ કરનાર, પાપરૂપી રાજને ઉપશાંત કરનાર, રાગદ્વેષને શાંત કરનાર, સમિતિમાં સમિત, સમ્યક્‌દૃષ્ટિ, સર્વે પ્રાણ અને ભૂતોમાં સમાન છે તે જ સાધુ છે.

તે સાધુ શ્રુતધારક, ઉદ્યુક્ત, સંયત, સર્વે પ્રાણી માટે શરણભૂત, સર્વ જગત્ વત્સલ, સત્યભાષક, સંસારાંત સ્થિત, સંસાર સમુચ્છેદક, સતત મરણાદિનો પારગામી, સર્વે સંશયોનો પારગામી હોય છે, આઠ પ્રવચન માતા દ્વારા આઠ કર્મ ગ્રંથિનો વિમોચક હોય છે, આઠ મદનું મથન કરનાર, સ્વસિદ્ધાંતમાં કુશળ, સુખ–દુઃખમાં નિર્વિશેષ, અભ્યંતર અને બાહ્ય તપ–ઉપધાનમાં સદા સુષ્ઠુ ઉદ્યત, ક્ષાંત, દાંત, હિતમાં નિરત હોય છે.

ઈર્યા–ભાષા–એષણા–આદાન ભાંડ માત્ર નિક્ષેપણા – ઉચ્ચાર પ્રસ્રવણા ખેલ સિંઘાણ જલ્લ પારિષ્ઠાપનિકા એ પાંચે સમિતિમાં સમિત, મન–વચન–કાયગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, ત્યાગી, રજ્જુ, ધન્ય, તપસ્વી, ક્ષાંતિક્ષમ, જિતેન્દ્રિય, શોધિત, અનિદાન, અબહિર્લેશ્ય, અમમત્વ, અકિંચન, છિન્નગ્રંથ, નિરુપલેપ હોય છે. તથા. –

(શ્રમણ નિર્ગ્રંથોના અનાગારપણાને સમજાવવા શાસ્ત્રકારશ્રી વિશિષ્ટ ઉપમાઓ બતાવે છે–)

૧.સુવિમલવર કાંસ્ય ભાજન, મુક્તતોય, ૨.શંખની જેમ નિરંજન (અર્થાત) વિગત રાગ–દ્વેષ–મોહ,

૩.કાચબાવત્ ઇન્દ્રિયોમાં ગુપ્ત, ૪.જાત્ય કંચનવત્ જાતરૂપ, ૫.કમળપત્ર વત્ નિરૂપલેપ, ૬.ચંદ્રવત્ સૌમ્ય, ૭.સૂર્યવત્ દીપ્ત તેજ,

૮.મેરુ ગિરિવત્ અચલ, ૯.સાગરની જેમ અક્ષોભ અને સ્થિર, ૧૦.પૃથ્વીવત્ સર્વે સ્પર્શ સહન કરનાર, ૧૧.તપ–તેજથી ભસ્મરાશિ છાદિત અગ્નિ જેવા, ૧૨.પ્રજ્વલિત અગ્નિ જેવા દીપ્ત. ૧૩.ગોશીર્ષ ચંદન સમાન શીતળ અને સુગંધી, ૧૪.દ્રહ સમાન શમિત ભાવવાળા, ૧૫.સારી રીતે ઘસીને ચમકાવેલ નિર્મળ દર્પણતલ સમાન સ્વચ્છ, પ્રગટ અને શુદ્ધ ભાવવાળા, ૧૬.હાથીની જેમ શૂરવીર, ૧૭.વૃષભવત્ ભારવાહક,

૧૮.સિંહ સમાન પરિષહાદિથી અજેય, ૧૯.શરત્કાલીન જળ સમાન સ્વચ્છ હૃદયવાળો, ૨૦.ભારંડપક્ષી સમાન અપ્રમત્ત, ૨૧.ગેંડાના શીંગડા સમાન એકલો, ૨૨.સ્થાણુની જેમ ઉર્ધ્વકાય, ૨૩.શૂન્યગૃહની જેમ અપ્રતિકર્મ, ૨૪.વાયુરહિત ઘરમાં સ્થિત પ્રદીપ સમાન, ૨૫.છરાની જેમ એક ધારવાળો, ૨૬.સર્પની જેમ એક દૃષ્ટિવાળા,

૨૭. આકાશવત્ નિરાલંબન, ૨૮.પક્ષીની જેમ સર્વથા વિપ્રમુક્ત, ૨૯.સર્પની જેમ બીજા દ્વારા નિર્મિત સ્થાનમાં રહેનારા, ૩૦.વાયુ સમાન અપ્રતિબદ્ધ, ૩૧.જીવની માફક અપ્રતિહત ગતિવાળો હોય છે.

મુનિ ગામે ગામે એક રાત્રિ, નગરે–નગરે પાંચ રાત્રિ વિચરતા રહે છે. તે જિતેન્દ્રિય, જિતપરીષહ, નિર્ભય, વિદ્વાન, સચિત્ત–અચિત્ત–મિશ્ર દ્રવ્યોમાં વીરાગી હોય છે, વસ્તુ સંચયથી વિરત, મુક્ત, લઘુક(ત્રણ પ્રકારના ગૌરવથી રહિત), નિરવકાંક્ષ, જીવિત–મરણાશાથી મુક્ત, નિસ્સંધિ, નિર્વર્ણ ચારિત્ર, ધીર, કાયાથી સ્પર્શતો, સતત અધ્યાત્મ–ધ્યાનયુક્ત, નિહુત, એકાકી થઈ ધર્મ આચરે.

આ પરિગ્રહ વિરમણના પરિરક્ષણાર્થે ભગવંતે આ પ્રવચન સારી રીતે કહેલ છે, તે આત્મ હિતકર છે, આગામી ભવોમાં શુભ ફળદાયી છે, ભાવિમાં કલ્યાણકર છે. તે શુદ્ધ ન્યાયયુક્ત, અકુટિલ, સર્વોત્કૃષ્ટ, સમસ્ત દુઃખો તથા પાપોને સર્વથા શાંત કરનાર છે.

તે છેલ્લા વ્રત પરિગ્રહ વિરમણના પરિરક્ષણાર્થે આ પાંચ ભાવનાઓ કહી છે–

૧.પહેલી ભાવના – શ્રોત્રેન્દ્રિયથી મનોજ્ઞ હોવાથી ભદ્ર શબ્દોને સાંભળીને સાધુ રાગ ન કરે. તે શબ્દ કયા છે? ઉત્તમ મુરજ, મૃદંગ, પ્રણવ, દર્દુર, કચ્છભી, વીણા, વિપંચી, વલ્લકી, વદ્ધીસક, સુઘોષા ઘંટા, નંદી, સૂસર પરિવાદિની, વંશ, તૂણક, પર્વક, તંત્રી, તલ, તાલ આ બધા વાદ્યોનો નાદ, નટ, નર્તક, જલ્લ, મલ્લ, મૌષ્ટિક, વિદૂષક, કથક, પ્લવક, રાસક આદિ દ્વારા કરાતા વિવિધ ધ્વનીથી યુક્ત સુરવર ગીતો સાંભળીને તેમાં રાગ ન કરે.

તથા કંદોરા, મેખલા, કલાપક, પ્રતરક, પ્રહેરક, પાદ–જાલક, ઘંટિકા, ખિંખિણી, રત્નોરુજાલક, ક્ષુદ્રિકા, નેપુર, ચરણમાલિકા, કનક નિગડ, જાલક આ બધાનો ધ્વનિ સાંભળીને તથા લીલાપૂર્વક ચાલતી સ્ત્રીની ચાલથી ઉત્પન્ન અને તરુણી રમણીના હાસ્ય–બોલ–ઘોલનાયુક્ત મધુર સ્વરને સાંભળીને તથા સ્નેહીજન ભાષિત પ્રશંસા વચનને, તેમજ આવા પ્રકારના મનોજ્ઞ, શોભન વચનો સાંભળીને સાધુ તેમાં આસક્ત ન થાય – તેમાં સજ્જિત, રજ્જિત, ગૃધીત, મુંઝિત ન થાય. વિનિઘાત ન કરે, આવર્જિત ન થાય, લોભાય નહીં, તુષ્ટ ન થાય, હાસ્ય ન કરે, એવા શબ્દોનું સ્મરણ કે ચિંતન ન કરે.

આ સિવાયના શ્રોત્રેન્દ્રિયને અમનોજ્ઞ અને પાપક વચન સાંભળી દ્વેષ ન કરે. તે શબ્દો કયા છે ?

આક્રોશ, કઠોર, નિંદા, અપમાન, તર્જના, નિર્ભર્ત્સના, દીપ્ત, ત્રાસજનક, અસ્પષ્ટ, ઉચ્ચ, રુદન, રટિત, ક્રંદન, નિર્ઘૃષ્ટ, રસિત, વિલાપના શબ્દો, આ બધા શબ્દોમાં તથા આવા પ્રકારના અન્ય અમનોજ્ઞ અને પાપક શબ્દોમાં સાધુએ રોષ ન કરવો જોઈએ. તેની હીલના–નિંદા–ખિંસા–છેદન–ભેદન–વધ કરવો ન જોઈએ. પોતાના કે બીજાના હૃદયમાં જુગુપ્સા ઉત્પન્ન ન કરવી.

આવા પ્રકારની શ્રોત્રેન્દ્રિયની ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા સાધુ મનોજ્ઞ–અમનોજ્ઞરૂપ શુભાશુભ શબ્દોમાં રાગ–દ્વેષના સંવરવાળા, મન–વચન–કાયાથી ગુપ્ત, સંવરયુક્ત અને ગુપ્તેન્દ્રિય થઈને ધર્મનું આચરણ કરે.

૨.બીજી ભાવના–ચક્ષુરિન્દ્રિયથી મનોજ્ઞ અને ભદ્ર, સચિત્ત–અચિત્ત–મિશ્ર દ્રવ્યના રૂપોને જોઈને રાગ ન કરે. તે રૂપ–કાષ્ઠ, વસ્ત્ર, ચિત્રકર્મ, લેપ્યકર્મ, પાષાય, દંતકર્મ હોય. પંચવર્ણ અને વિવિધ આકારવાળા હોય. ગ્રંથિમ–વેષ્ટિમ–પૂરિમ–સંઘાતિમ માલા આદિની જેમ બનાવેલ હોય, તે નયન અને મનને આનંદ પ્રદાયક હોય તો પણ તેમાં રાગ ન કરે..

એ રીતે વનખંડ, પર્વત, ગામ, આકર, નગર, વિકસિત નીલકમલ અને કમલોથી સુશોભિત અને મનોહર, જેમાં અનેક હંસ, સારસ આદિ પક્ષીઓના યુગલ વિચરતા હોય તેવા સરોવર, ગોળ વાવ, ચોરસ વાવ, દીર્ધિકા, નહેર, સરોવર શ્રેણી, સાગર, બિલપંક્તિ, લોઢા આદિની ખાણોમાં ખોદેલ ખાડાની પંક્તિ, ખાઈ, નદી, સર, તળાવ, પાણીની ક્યારી.

તથા ઉત્તમ મંડપ, વિવિધ પ્રકારના ભવન, તોરણ, ચૈત્ય, દેવકુલ, સભા, પાણીની પરબ, આશ્રમ, સુનિર્મિત શયન, આસન, શિબિકા, રથ, ગાડી, યાન, યુગ્ય, સ્યંદન, નર–નારીઓનો સમૂહ આ બધી વસ્તુ સૌમ્ય, પ્રાસાદીય, દર્શનીય હોય, આભૂષણોથી અલંકૃત અને સુંદર વસ્ત્રોથી વિભૂષિત હોય પૂર્વકૃત્ તપના પ્રભાવથી સૌભાગ્ય પ્રાપ્ત હોય તેને જોઈને તથા નટ, નર્તક, જલ્લ, મલ્લ, મૌષ્ટિક, વિદૂષક, કથક, પ્લવક, રાસક, ચિત્રપટ લઈને ભિક્ષા માંગનાર, વાંસ ઉપર ખેલ કરનાર, ઈત્યાદિ જોઈને કે આવા પ્રકારના અન્ય મનોજ્ઞ અને શોભન રૂપોમાં સાધુ આસક્ત ન થાય, અનુરક્ત ન થાય યાવત્ તેનું સ્મરણ કે ચિંતન ન કરે.

આ સિવાય ચક્ષુરિન્દ્રિયના અમનોજ્ઞ અને પાપક રૂપોને જોઈને દ્વેષ ન કરે. તે અમનોજ્ઞ રૂપ કયા છે ?

વાત, પિત્ત, કફ, સન્નિપાતથી થનાર ગંડરોગી, કુષ્ઠી, કુણી, જલોદરી, ખુજલીવાળા, શ્લીપદ રોગી, લંગડા, વામન, જન્માંધ, કાણા, વિનિહતચક્ષુ, પિશાચગ્રસ્ત, વિશિષ્ટ ચિત્ત પીડારૂપ વ્યાધિ કે રોગથી પીડિત તથા વિકૃત મૃતક કલેવરો, ખદબદતા કીડાથી યુક્ત સડેલ–ગળેલ દ્રવ્યરાશિને જોઈને અથવા આ સિવાયના બીજા પ્રકારના અમનોજ્ઞ અને પાપક રૂપોને જોઈને શ્રમણે તે રૂપો પ્રત્યે રુષ્ટ ન થવું જોઈએ યાવત્ હીલનાદિ ન કરવા, મનમાં જુગુપ્સા ન કરવી.

આ પ્રમાણે ચક્ષુરિન્દ્રિય સંવર ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા થઈને મુનિ યાવત્ ધર્માચરણ કરે.

૩.ત્રીજી ભાવના–ઘ્રાણેન્દ્રિયથી મનોજ્ઞ અને શોભન ગંધ સૂંઘીને રાગાદિ ન કરવા. તે સુગંધ કેવી છે ?

જલજ–સ્થલજ સરસ પુષ્પ, ફળ, પાન, ભોજન, ઉત્પલકુષ્ઠ, તગર, તમાલપત્ર, ચોય, દમનક, મરુઓ, એલારસ, જટામાંસી, સરસ ગોશીર્ષ ચંદન, કપૂર, લવીંગ, અગર, કંકુ, કક્કોલ, ઉશીર, ચંદન, શ્રીખંડ આદિ દ્રવ્યોના સંયોગથી બનેલ શ્રેષ્ઠ ધૂપની સુગંધ સૂંઘીને, તથા ભિન્ન–ભિન્ન ઋતુક કાલોચિત સુગંધી, દૂર–દૂર ફેલાનારી સુગંધયુક્ત દ્રવ્યોમાં અને આવી મનોહર, નાસિકાને પ્રિય સુગંધના વિષયમાં મુનિ આસક્ત ન થાય યાવત્ અનુરાગાદિ ન કરે, તેનું સ્મરણ કે ચિંતન ન કરે.

ઘ્રાણેન્દ્રિયને અમનોજ્ઞ અને અશોભન ગંધોને સૂંઘીને દ્વેષ ન કરે, તે દુર્ગંધ કેવી છે ?

મરેલા, સર્પ, ઘોડા, હાથી, ગાય, રીંછ, કૂતરા, મનુષ્ય, બિલાડી, શૃગાલ, સિંહ, ચિત્તા આદિના મૃતક, સડેલ–ગળેલ કલેવરો, જેમાં કીડા ખદબદતા હોય, દૂર સુધી દુર્ગંધ ફેલાવતી ગંધમાં તથા આવા પ્રકારની બીજી પણ અમનોજ્ઞ અને અશોભન દુર્ગંધોના વિષયમાં સાધુ દ્વેષ ન કરે યાવત્ ઈન્દ્રિયોને વશ કરીને ધર્માચરણ કરે.

ચોથી ભાવના–રસનેન્દ્રિય વડે મનોજ્ઞ, શોભન રસોનું આસ્વાદન કરીને તેમાં રાગ ન કરે. તે રસ કયા છે ?

ઘી, તેલમાં ડૂબાવી પકાવેલ ખાજા, વિવિધ પ્રકારના પાનક, તેલ કે ઘીથી બનેલ માલપૂવા આદિ વસ્તુઓમાં જે અનેક પ્રકારના નમકીન આદિ રસોથી યુક્ત હોય, મધુ–માંસ, ઘણા પ્રકારની મજ્જિકા, ઘણો વ્યય કરીને બનાવેલ ખાટી દાળ, સૈન્ધામ્લ, દૂધ, દહીં, સરક, મદ્ય, ઉત્તમ વારુણી, સીધુ, પિશાયન, અઢાર પ્રકારના શાકવાળા એવા અનેક પ્રકારના મનોજ્ઞ વર્ણ–ગંધ–રસ–સ્પર્શથી યુક્ત અનેક દ્રવ્યોથી નિર્મિત ભોજનમાં તથા આવા પ્રકારના અન્ય મનોજ્ઞ અને શોભન રસોમાં સાધુએ આસક્ત ન થવું જોઈએ યાવત્ તેનું સ્મરણ કે ચિંતન ન કરવું જોઈએ.

આ સિવાય જિહ્વા–ઇન્દ્રિયથી અમનોજ્ઞ, અશોભન રસોનો આસ્વાદ કરીને દ્વેષ ન કરવો. તે અમનોજ્ઞ રસ કયા છે ?

અરસ, વિરસ, ઠંડા, રૂક્ષ, નિર્વાહને અયોગ્ય ભોજન–પાણીને તથા પર્યુષિત, વ્યાપન્ન, સડેલ, અમનોજ્ઞ અથવા અત્યંત વિકૃત હોવાથી જેમાંથી દુર્ગંધ નીકળી રહી છે એવા તિક્ત, કટુ, કસાયી, ખાટા, શેવાળ રહિત જૂના પાણી સમાન અને નીરસ પદાર્થોમાં તથા આવા પ્રકારના અન્ય અમનોજ્ઞ, અશુભ રસોમાં સાધુએ દ્વેષ ન કરવો જોઈએ યાવત્ સંયત–ઇન્દ્રિય થઈને ધર્માચરણ કરવું જોઈએ.

પાંચમી ભાવના–સ્પર્શનેન્દ્રિયથી મનોજ્ઞ અને શોભન સ્પર્શ કરીને રાગ ન કરવો. તે મનોજ્ઞ સ્પર્શ કયા છે ?

જલમંડપ, હાર, શ્વેત ચંદન, શીતળ નિર્મળ જળ, વિવિધ પુષ્પોની શય્યા, ખસખસ, મોતી, પદ્મનાલ, ચંદ્રની ચાંદની, મોરપીંછ, તાલવૃંત, વીંઝણાથી કરાયેલ સુખદ શીતળ પવનમાં, ગ્રીષ્મ કાળમાં સુખદ સ્પર્શવાળી અનેક પ્રકારની શય્યા અને આસનોમાં, શીતકાળમાં આવરણ ગુણવાળા, અંગારાથી શરીરને તપાવવું, ધૂપ, સ્નિગ્ધ પદાર્થ, કોમળ અને શીતળ, ગરમ અને હલકા, ઋતુ અનુરૂપ સુખદ સ્પર્શવાળા હોય, શરીરને સુખ અને મનને આનંદદાયી હોય એવા બધા સ્પર્શોમાં તથા આવા પ્રકારના અન્ય મનોજ્ઞ અને શોભન સ્પર્શોમાં શ્રમણે આસક્ત ન થવું, અનુરક્ત–ગૃદ્ધ–મુગ્ધ–સ્વપરહિત વિઘાતક–લુબ્ધ–તલ્લીન ચિત્ત ન થવું જોઈએ, તેમાં સંતુષ્ટ ન થવું, હર્ષિત ન થવું, તેનું સ્મરણ કે ચિંતન ન કરવું જોઈએ.

આ સિવાય સ્પર્શનેન્દ્રિયથી અમનોજ્ઞ, પાપક સ્પર્શોને સ્પર્શીને દ્વેષ ન કરવો. તે સ્પર્શ કયા છે ?

વધ, બંધન, તાડન, અંકન, અધિક ભાર, અંગભંગ થાય કે કરાય, શરીરમાં સોય ઘૂસાડાય, અંગની હીનતા થાય, લાખનો રસ, લવણ, તેલ, ઉકળતુ શીશું કે કૃષ્ણવર્ણી લોઢાથી શરીરને સિંચાય, કાષ્ઠના ખોળમાં નાંખે, દોરડાનું નીગડ બંધન બાંધે, હથકડી પહેરાવે, કુંભીમાં પકાવે, અગ્નિથી બાળે, શેફ ત્રોટન, લિંગછેદ, બાંધીને લટકાવવા, શૂળીએ ચડાવવા, હાથીના પગે કચડવા, હાથ–પગ–કાન–નાક–દાંત–આંતને ખેંચી કાઢવા, ગાડામાં જોડે, લતા કે ચાબૂકનો પ્રહાર કરવો, એડી, ઘૂંટણ કે પાષાણનો અંગ પર આઘાત થવો, યંત્રમાં પીલવા, અત્યંત ખુજલી થળ, કરેંચ સ્પર્શ, અગ્નિ સ્પર્શ, વીંછીનો ડંખ, વાયુ–ધૂપ–ડાંસ–મચ્છરનો સ્પર્શ થવો, કષ્ટજનક આસન, સ્વાધ્યાય ભૂમિમાં કર્કશ–ભારે–શીત–ઉષ્ણ–રૂક્ષ આદિ અનેક પ્રકારના સ્પર્શોમાં અને આવા બીજા અમનોજ્ઞ સ્પર્શોમાં સાધુ રુષ્ટ ન થાય, તેની હીલના–નિંદા–ગર્હા–ખિંસના ન કરે. અશુભ સ્પર્શવાળા દ્રવ્યોનું છેદન–ભેદન ન કરે, સ્વ–પરનું હનન ન કરે, સ્વ–પરમાં ઘૃણા વૃત્તિ ઉત્પન્ન ન કરે.

આ રીતે સ્પર્શનેન્દ્રિય સંવરની ભાવનાથી ભાવિત અંતરાત્મા, મનોજ્ઞ–અમનોજ્ઞ, અનુકૂળ–પ્રતિકૂળ સ્પર્શોની પ્રાપ્તિ થતા રાગ–દ્વેષ વૃત્તિનું સંવરણ કરનાર સાધુ મન–વચન–કાયાથી ગુપ્ત થઈ, સંવૃત્તેન્દ્રિય થઈ ધર્માચરણ કરે.આ રીતે પાંચમું સંવરદ્વાર સમ્યક્ પ્રકારે મન, વચન, કાયાથી પરિરક્ષિત પાંચ ભાવનાથી સંવૃત્ત કરાય તો સુરક્ષિત થાય છે. ધૈર્યવાન્ અને વિવેકી સાધુ આ યોગ જીવન પર્યંત નિરંતર પાળે. આ અનાસ્રવ, નિર્મળ, નિશ્છિદ્ર, તેથી અપરિસ્રાવી, અસંક્લિષ્ટ, શુદ્ધ અને સમસ્ત તીર્થંકરો વડે અનુજ્ઞાત છે.

આ પ્રમાણે પાંચમું સંવરદ્વાર કાયા વડે સ્પૃષ્ટ, પાલિત, નિરતિચાર, શુદ્ધ કરાયેલ, પાર પહોંચાડેલ, વચન દ્વારા કીર્તિત, અનુપાલિત, આજ્ઞા વડે આરાધિત થાય છે.

જ્ઞાત મુનિ ભગવંતે આવું પ્રતિપાદિત કરેલ છે, યુક્તિ વડે સમજાવેલ છે. આ પ્રસિદ્ધ, સિદ્ધ અને ભવસ્થ સિદ્ધોનું ઉત્તમ શાસન–પ્રવચન કહ્યું છે, સમ્યક્ પ્રકારે ઉપદિષ્ટ છે, તેમ હું કહું છું.

**સંવરદ્વાર અધ્યયન-૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

સૂત્ર–૪૬

આ પાંચ સુવ્રત–મહાવ્રતો સેંકડો હેતુઓથી વિસ્તીર્ણ છે. અરિહંત–શાસનમાં આ સંવરદ્વાર સંક્ષેપમાં પાંચ કહેવાયા છે. વિસ્તારથી તેના પચ્ચીશ પ્રકાર થાય છે. જે સાધુ ઈર્યાસમિતિ આદિ સહિત હોય છે. અથવા જ્ઞાનદર્શનથી સહિત હોય છે. તથા કષાયસંવર અને ઇન્દ્રિયસંવરથી સંવૃત્ત હોય છે. જે પ્રાપ્ત સંયમયોગનું પ્રયત્ન વડે પાલન કરે છે અને અપ્રાપ્ત સંયમયોગની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહે છે. સર્વથા વિશુદ્ધ શ્રદ્ધાવાન્ હોય છે. તેઓ આ સંવરોની આરાધના કરીને અશરીર–મુક્ત થશે.

## સંવરદ્વારનો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

સૂત્ર–૪૭

પ્રશ્ન વ્યાકરણમાં એક શ્રુતસ્કંધ છે. એક સદશ દશ અધ્યયન છે. દશ દિવસોમાં તેનો ઉદ્દેશો કરાય છે. ઉપયોગ પૂર્વક આહાર–પાણી વડે એકાંતર આયંબિલ કરવા વડે થાય છે. જે રીતે આચાર–અંગ સૂત્રમાં કરાય છે તેમ જાણવું.

# [૧૦] પ્રશ્નવ્યાકરણ સૂત્રનો
# મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | | | |
|---|---|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય | [કુલ પુસ્તક 518] | તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય | [કુલ પુસ્તક 85] | તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD | | તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
**Post:** – ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, **India. [Pin- 361120]**

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ–૧૦

# પ્રશ્નવ્યાકરણ

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397